ignou THE PEOPLE'S UNIVERSITY ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

તૃતીય વર્ષ બી.એ.

ઈતિહાસ : પેપર-06

# ભારતનો ઈતિહાસ

(ઈ.સ. ૧૮મી સદીના મધ્ય ભાગથી ૧૯મી સદીના મધ્ય ભાગ સુધી)

(મુખ્ય વિષય)

વિભાગ

# 4

# સાંસ્થાનિક અર્થવ્યવસ્થા

# (Colonial Economy)


એકમ : 14

વ્યાપારનીતિઓ અને ભારતીય વ્યાપાર (Mercantile Policies and India Trade) 7

એકમ : 15

નવી જમીન-મહેસૂલ વ્યવસ્થા (The New Land-Revenue Settlements) 14

એકમ : 16

ખેતીનું વ્યાપારીકરણ (The Commercialisation of Agriculture) 24

એકમ : 17

ભારતની ઔદ્યોગિક અવનીતિ (De-Industrialisation in India) 33

એકમ : 18

સાંસ્થાનિક શાસનની આર્થિક અસરો (Economic Impact of Colonial Rule) 43

સંદર્ભ-ગ્રંથસૂચિ (Some Useful Books For This Block) 54

## Expert Committee


Prof. K. N. Panikkar *(Chairman)*
Prof. B. D. Chattopadhyaya

Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A. J. Syed
History Department
Bombay University
Bombay

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Department of Islamic
History and Culture
Calcutta University
Calcutta

Prof. Gyan Pandey
History Department
Delhi University
Delhi

Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad

Dr. A. R. Khan
Dr. Kapil Kumar (Convener)
IGNOU, New Delhi


## Course Team

Mr. Salil Misra
Mrs. Indira Sharma
Mr. Ajay Mahurkar } **Course**
Mr. Swaraj Basu } **Co-ordinators**

## Block Preparation Team

| Unit No. | Contributors | Faculty Members IGNOU |
|---|---|---|
| 14 & 18 | Prof. S. Bhattacharya<br>Centre for Historical Studies<br>Jawaharlal Nehru University<br>New Delhi | Mr. Swaraj Basu |
| 15 & 16 | Dr. Sumit Guha<br>Deptt. of History<br>St. Stephens College<br>Delhi | Mr. Swaraj Basu |
| 17 | Mr. Ravindran Gopinath<br>Deptt. of History<br>Jamia Millia Islamia<br>New Delhi | Mr. Ajay Mahurkar |

**Course Editor :**
Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

## Production

Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU


*© Indira Gandhi National Open University, 1989*



આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

## અનુવાદ :

ડૉ. રોહિત પી. પંડ્યા — રીડર, ઈતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર-388 120.

## પરામર્શ (વિષય) :

ડૉ. કે. સી. બારોટ — પ્રાધ્યાપક, એલ. ડી. આટ્‌ર્સ કૉલેજ, અમદાવાદ-380 009.

## પરામર્શ (ભાષા) :

ડૉ. એમ. એલ. પઢિયાર — પ્રાધ્યાપક, એલ. ડી. આટ્‌ર્સ કૉલેજ, અમદાવાદ-380 009.

## સંપાદન અને સંયોજન :

ડૉ. પી. કે. મહેતા — નિયામક, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-380003

## સંયોજન સહાય :

શ્રી એસ. એચ. બારોટ — મદદનીશ કુલસચિવ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-380003

**: પ્રકાશક :**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
''જ્યોતિર્મય પરિસર'', શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481
© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ-4 : સાંસ્થાનિક અર્થવ્યવસ્થા (Colonial Economy)

અગાઉના વિભાગોમાં આપણે ભારતમાં બ્રિટિશ સત્તાના વિસ્તારની ચર્ચા કરી. જેમાં વિવિધ બ્રિટિશ ગવર્નરો, સેનાપતિઓ, સ્થાનિક રાજવીઓ અને નવાબોની પ્રવૃત્તિઓનો પરિચય મેળવ્યો. આ વિભાગમાં ભારતીય અર્થતંત્રને સ્પર્શતાં કેટલાંક પાસાંઓ તપાસીશું. ભારતીય ખેડૂતો, વેપારીઓ, કારીગરો, બ્રિટિશ વેપારીઓ તથા વેપારી કંપનીઓ, મહેસૂલી અધિકારીઓ વગેરેની કામગીરીનો તેમાં સમાવેશ કરીશું. ઇતિહાસના વિદ્યાર્થીઓ અર્થશાસ્ત્રને લગતા ખ્યાલો તથા સિદ્ધાંતોથી પૂરતા પરિચિત ન હોય તે સ્વાભાવિક છે, જેથી આ વિભાગમાં અર્થશાસ્ત્ર અને આર્થિક ઇતિહાસની સાથે સંકળાયેલા કેટલાક ખ્યાલોને બને તેટલી સરળ ભાષામાં મૂકવા અને જરૂર પડે ત્યાં તેની સમજૂતી આપવાનો પ્રયાસ પણ કર્યો છે.

પ્રસ્તુત અભ્યાસક્રમનાં અગાઉનાં પ્રકરણોમાં આપણે યુરોપની ઇસ્ટ ઇન્ડિયા કંપનીઓને ભારતના રાજકારણમાં એક મહત્ત્વના પરિબળ તરીકે સક્રિય બનતી જોઈ. આ વિભાગમાં આ કંપનીઓની આર્થિક પ્રવૃત્તિઓને લગતી કેટલીક બાબતોની ચર્ચા કરીશું. આ કંપનીઓનું વ્યાપારી માળખું કેવું હતું ? તેમની વ્યાપારી પ્રવૃત્તિઓ કેવા પ્રકારની હતી ? આ કંપનીઓની ઇજારાશાહીએ ભારતના વ્યાપારતંત્રને કેવી અસર પહોંચાડી ? વગેરે મુદ્દાઓની છણાવટ આ વિભાગના 14મા એકમમાં કરી છે. તેને આધારે બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીની પ્રવૃત્તિ અંગે ખ્યાલ મેળવી શકાશે. તે સાથે આ સ્થિતિ ભારતમાં કંપનીની રાજકીય સર્વોપરિતાની સ્થાપના તથા વિસ્તારને માટે કેવી રીતે પ્રોત્સાહક બની તેનું ચિત્ર પણ વિદ્યાર્થીઓને સ્પષ્ટ થશે.

ભારતમાં નવા પ્રદેશોની પ્રાપ્તિ અને સત્તાનું વિસ્તરણ સ્વાભાવિક રીતે જ ઇસ્ટ ઇન્ડિયા કંપનીને તેની સાથે સંલગ્ન એવી વિવિધ જવાબદારીઓ અને કામગીરી સાથે વધુ ને વધુ સાંકળી રહી હતી. વિવિધ કરવેરાઓ - ખાસ કરીને જમીન-મહેસૂલની વસૂલાત તેમાં સૌથી મહત્ત્વની જવાબદારી હતી. જમીન-મહેસૂલ અંગે કંપની સરકારે કેવી નીતિ અપનાવી ? તેનો દર કેટલો અને કેવો રહ્યો ? આ માટે તેણે કયાં માધ્યમો અને સંસ્થાઓનો ઉપયોગ કર્યો ? ખેતી સાથે સંકળાયેલા જમીનદાર, ખેડૂત વગેરે વર્ગો પર તેની કેવી અસરો પડી તેની ચર્ચા આ વિભાગના 15મા એકમમાં કરી છે.

સોળમા એકમમાં ખેતપેદાશની ખરીદ-વેચાણની પ્રવૃત્તિ પર પ્રકાશ ફેંકવાનો પ્રયાસ કર્યો છે. કંપની સરકારે જમીન-મહેસૂલ રોકડમાં ઉઘરાવવાનું શરૂ કર્યું. આ માટે ખેડૂતો અને જમીન-માલિકોને નાણાંની જરૂર પડી. તે માટે તેમને ખેતપેદાશને બજારમાં વેચવાની ફરજ પડી. વળી, ઇસ્ટ ઇન્ડિયા કંપની પણ ભારતમાં કેટલીક ચોક્કસ ખેતપેદાશોને પ્રોત્સાહન આપતી હતી, જેનું વિદેશોમાં વેચાણ કરી કંપની તથા ખાનગી વેપારીઓ અઢળક નફો મેળવી શકતા. આમ, વેપારક્ષેત્ર સાથે ખેતીનું અનુસંધાન થયું. કેટલાક વ્યાપારી પાકોના ઉત્પાદન અને વેચાણમાં બળજબરી અને શોષણનાં તત્ત્વો કેવી રીતે સંકળાયાં ? ખેત-ઉત્પાદન તથા વેચાણની પ્રવૃત્તિની શું ખાસિયતો હતી ? વગેરે મુદ્દાઓની છણાવટ આ એકમમાં સમાવી છે.

ભારતીય ઉદ્યોગો તથા કારીગરીને લગતા પરંપરાગત વ્યવસાયોના સંદર્ભમાં જોઈએ તો અઢારમી સદીના ઉત્તરાર્ધમાં આ જ પ્રકારની શોષણની પ્રક્રિયા દૃષ્ટિગોચર થાય છે. કારીગરો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓને સસ્તામાં પડાવી લેવા માટે ઇસ્ટ ઇન્ડિયા કંપની અને ખાનગી વ્યાપારમાં રોકાયેલા તેના કર્મચારીઓએ વિવિધ યુક્તિ-પ્રયુક્તિઓનો ઉપયોગ કર્યો. તે સાથે ઓગણીસમી સદીના પ્રારંભિક દાયકાઓમાં આ ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તન આવ્યું. ભારતમાંથી થતી નિકાસની દૃષ્ટિએ સૌથી મહત્ત્વના એવા સુતરાઉ કાપડની હવે કોઈ માંગ રહી નહિ. ઔદ્યોગિક ક્રાન્તિને કારણે હવે ઇંગ્લેન્ડ મિલમાં બનેલા કાપડનું મોટું ઉત્પાદક બન્યું હતું. પરિણામે ઓગણીસમી સદીના પ્રારંભમાં તે ભારતમાં મોટા પાયે સુતરાઉ કાપડની નિકાસ કરવા લાગ્યું. ભારતના વણકરો માટે આ પરિસ્થિતિ ભારે આપત્તિજનક સાબિત થઈ. અત્યાર સુધી કંપનીના વ્યાપારી ઇજારાને કારણે તેમનું શોષણ તો થતું જ હતું. હવે મિલોમાં ઉત્પાદિત થયેલા તથા સરકારની પક્ષપાતભરી નીતિને કારણે કિંમતમાં સસ્તા એવા વિદેશી કાપડની હરીફાઈ સામે ટકવું તેમને માટે મુશ્કેલ બન્યું. તે સાથે ઇંગ્લેન્ડમાં ઉત્પાદિત અન્ય ચીજવસ્તુઓને પણ ભારતમાં વ્યાપક બજાર મળવા લાગ્યું. ફલસ્વરૂપે પરંપરાગત કારીગરોના વ્યવસાયો તૂટવા લાગ્યા. ઘણા ઉદ્યોગોનો કાં તો વિનાશ થયો અથવા તેમનામાં સ્થગિતતા પ્રવેશી. આ પ્રક્રિયાને 'ઔદ્યોગિક અવનતિ' (De-industrialization) તરીકે ઓળખવામાં આવે છે. ભારતની આ વ્યાપક આર્થિક અધોગતિ ઉપરાંત ઇંગ્લેન્ડનાં વ્યાપારી અને ઔદ્યોગિક હિતો સમક્ષ ભારતીય વ્યાપારી અને ઔદ્યોગિક હિતોની શરણાગતિ, પરંપરાગત શહેરો અને ઔદ્યોગિક કેન્દ્રોની પડતી, દુષ્કાળ જેવી આપત્તિઓ વગેરે બાબતોનો અભ્યાસ આ વિભાગના અઢારમા એકમમાં કરેલો છે.

ટૂંકમાં, આ વિભાગમાં કંપનીશાસન હેઠળ ભારતમાં આર્થિક ક્ષેત્રે આવેલાં પરિવર્તનોને રાજકીય પ્રવાહ સાથે સાંકળવા પર ભાર મૂકવામાં આવ્યો છે. તે સાથે ભારતીય અર્થતંત્રમાં શરૂ થયેલા નવા પ્રવાહ - જેમાંથી ઓગણીસમી સદી દરમિયાન વ્યાપક સાંસ્થાનિક આર્થિક વ્યવસ્થાનું નિર્માણ થયું - તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

# એકમ : 14 વ્યાપારનીતિઓ અને ભારતીય વ્યાપાર (Mercantile Policies and Indian Trade)

## રૂપરેખા

14.0 હેતુઓ અને પ્રસ્તાવના
14.1 ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો ઉદય
14.2 ઈસ્ટ ઈન્ડિયા કંપનીની ઈજારાશાહી
14.3 ઈજારાશાહી વિરુદ્ધ મુક્ત વ્યાપાર
14.4 કંપનીના વ્યાપારનું સ્વરૂપ
14.5 વાણિજ્યવિષયક પ્રવૃત્તિ અને રાજ્યસત્તા
14.6 ઔદ્યોગિક મૂડીવાદનો ઉદય અને કંપનીની વાણિજ્ય નીતિ
14.7 સારાંશ
14.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
14.9 મહત્ત્વના શબ્દો

## 14.0 હેતુઓ અને પ્રસ્તાવના (Objectives and Introduction)

અગાઉના વિભાગોમાં આપણે જોયું કે યુરોપમાં વિકસેલા વ્યાપારી મૂડીવાદની ફલશ્રુતિરૂપે ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની પ્રવૃત્તિઓનો પ્રારંભ થયો. યુરોપીય કંપનીઓ અને તેમાં પણ ખાસ કરીને બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ અઢારમી સદીના અંતિમ અને ઓગણીસમી સદીના પ્રારંભિક દાયકાઓમાં ભારતીય રાજકારણમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. આ એકમમાં આપણે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના સ્વરૂપ, તેની ઈજારાશાહી, કંપની અને ખાનગી બ્રિટિશ વેપારીઓ વચ્ચેની સ્પર્ધા તથા કંપની દ્વારા ભારતીય પ્રદેશો પર આધિપત્ય અને રાજકીય સત્તાના વિસ્તરણ અંગે પરિચય મેળવીશું. તે સાથે ઈંગ્લૅન્ડમાં ઉદિત થયેલા ઔદ્યોગિક મૂડીવાદે કંપનીની વ્યાપારનીતિ પર જન્માવેલી અસરોની પણ ચર્ચા કરીશું.

## 14.1 ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો ઉદય (Rise of The East India Company)

આપણે જોઈ શકીએ છીએ કે આધુનિક સમયમાં વ્યાપારનું સ્વરૂપ ઘણું બદલાઈ ચૂક્યું છે. ભૂતકાળમાં વ્યાપારને ક્ષેત્રે વ્યક્તિગત સાહસનું જે સ્થાન હતું તે મહદ્ અંશે જૉઈન્ટ સ્ટૉક કંપનીઓએ લીધું છે. આવી કંપનીઓ વ્યાપારમાં જરૂરી મૂડી ઊભી કરવા માટે સ્ટૉક અને શૅરનું વેચાણ કરે છે. પરિણામે વેપારને ક્ષેત્રે ભાગીદારીનું નવું તત્ત્વ પ્રવેશ્યું છે. યુરોપની ઈસ્ટ ઈન્ડિયા કંપનીઓ વિશ્વમાં આ પ્રકારની સૌથી પ્રારંભિક કંપનીઓ હતી તેમ કહી શકાય.

આ નવા સ્વરૂપની વેપારી સંસ્થાઓના વિકાસ પાછળ કયાં પરિબળો કામ કરી રહ્યાં હતાં તે જોઈએ. સામાન્ય રીતે વ્યક્તિગત કે અલ્પ ભાગીદારો ધરાવતી પેઢીઓ દ્વારા ઊભું થતું મૂડીભંડોળ ઘણું મર્યાદિત રહેતું, જ્યારે શૅરહોલ્ડરોની મોટી સંખ્યા ધરાવતી આવી કંપનીઓ મોટા પાયા પર મૂડી એકઠી કરી શકતી. એક વ્યક્તિ કે મર્યાદિત ભાગીદારો દ્વારા ચાલતી પેઢીઓનું આયુષ્ય ટૂંકું રહેતું, જ્યારે જૉઈન્ટ સ્ટૉક કંપનીઓ સતત અને સદીઓ સુધી વ્યાપાર ચાલુ રાખી શકતી. આવી કંપનીઓમાં મૂડીની પ્રવાહિતા પણ વધુ રહેતી. શૅરોના વેચાણ દ્વારા શૅરહોલ્ડર એક કંપનીમાં રોકેલાં નાણાં પરત મેળવી બીજી કંપનીમાં તેનું રોકાણ કરી શકતો. આમ, મૂડી એક જ વ્યવસાયમાં રોકાઈ રહેવાને બદલે વધુ લાભદાયક સાહસમાં તેનું સ્થાનાંતર કરી શકાતું. આ રીતે મૂડીનો સૌથી વધુ કાર્યક્ષમ રીતે ઉપયોગ થઈ શકતો.

આ નવી વ્યવસ્થાને કારણે યુરોપીય વેપારીઓ વિદેશો સાથે અગાઉ કરતાં વધુ સારી અને લાભદાયક રીતે વેપાર કરી શકતા. ખાસ કરીને ભારત અને પૂર્વના દેશો સાથેના વ્યાપારમાં તેમને આ નવી વ્યવસ્થા વધુ અનુકૂળ આવી. કારણ કે આ વ્યાપારમાં ઘણી પ્રતિકૂળતા તથા જોખમો રહેલાં હતાં. દરિયા પર થતી લૂંટફાટ, વહાણો ડૂબી જવાથી થતું નુકસાન, મુસાફરી તથા માલની હેરફેરમાં વેડફાતો સમય, હરીફ રાજ્યો વચ્ચેના યુદ્ધોની દરિયાઈ વ્યાપાર પર પડતી વિપરીત અસરો, વગેરે મુશ્કેલીઓ આ નવી વ્યવસ્થા દ્વારા નિવારી શકાઈ અથવા તો હળવી બનાવી શકાઈ. શરૂઆતમાં બ્રિટિશ વેપારીઓએ ભારતમાંથી માલ ખરીદવા માટે તથા વહાણો ખરીદવાં કે ભાડે કરવાં માટે સામાન્ય નાણાં-ભંડોળ ઊભું કરવાની પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો. વખત જતાં તેની ફલશ્રુતિરૂપે ઈ.સ. 1600માં સંયુક્ત વ્યાપારી સાહસરૂપે ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના થઈ. શરૂઆતમાં ઈંગ્લૅન્ડના અતિ ધનાઢ્ય એવા

અલ્પસંખ્યક વેપારીઓ આ પેઢીના ભાગીદાર બન્યા. અઢારમી સદીના પ્રારંભે મધ્યમ સ્તરના શૅરહોલ્ડરોએ ભાગીદારીમાં એક નવી કંપનીની સ્થાપના કરી. પ્રારંભમાં 'યુનાઈટેડ કંપની ઑફ ધી મર્ચન્ટ્સ ઑફ ઇંગ્લૅન્ડ ટ્રેડિંગ ટુ ધી ઈસ્ટ ઇન્ડિઝ' તરીકે સ્થપાયેલી આ કંપની પણ પાછળથી તેની પુરોગામી કંપનીની જેમ 'ઈસ્ટ ઇન્ડિયા કંપની' તરીકે ઓળખાઈ.

## 14.2 ઈસ્ટ ઇન્ડિયા કંપનીની ઇજારાશાહી (East India Company's Monopoly)

ઈસ્ટ ઇન્ડિયા કંપનીની બીજી મહત્ત્વની લાક્ષણિકતા એ હતી કે ઇંગ્લૅન્ડની સરકારે તેને વેપારનો ઇજારો આપ્યો હતો. ઇજારો એટલે શું ? આ ઇજારો શા માટે આપવામાં આવ્યો ! તેનું સ્વરૂપ કેવું હતું ? તે હવે આપણે તપાસીશું. પ્રસ્તુત સંદર્ભમાં ઇજારાનો અર્થ ભારત અને હિંદી મહાસાગરમાં ચીન સુધીના અન્ય દેશો સાથે વેપાર કરવાના સર્વ અધિકારોની સોંપણી ઈસ્ટ ઇન્ડિયા કંપનીને કરવામાં આવી હતી તેવો કરી શકાય. અન્ય કંપનીઓને તેની સ્પર્ધા કરવાની છૂટ ન હતી. આ માટે ઈસ્ટ ઇન્ડિયા કંપનીને કાયદેસરનો પરવાનો સૌપ્રથમ ઇંગ્લૅન્ડની રાણી ઇલિઝાબેથ પ્રથમ દ્વારા આપવામાં આવ્યો, જે તેના અનુગામી શાસકોએ ચાલુ રાખ્યો. સત્તરમી તથા અઢારમી સદી દરમિયાન આવા ઇજારાશાહી પરવાના આપવા પાછળ કેટલાંક ચોક્કસ કારણો હતાં. આ સમયે યુરોપમાં 'વેપારવાદ'ની વિચારધારાનો પ્રભાવ હતો. તેની અસર નીચે યુરોપીય શાસકો એવી માન્યતા ધરાવતા હતા કે વિદેશી વ્યાપારમાંથી રાજ્યની આવકનો વધારો કરવા માટે રાજ્ય તરફથી વિદેશવ્યાપારને ખાસ સંરક્ષણ આપવું જોઈએ. દૂર દરિયાપારના દેશો સાથેના વ્યાપારમાં રહેલાં જોખમોને ધ્યાનમાં લેતાં વ્યાપારી કંપનીઓને સ્થિર અને વ્યાજબી નફાની ખાત્રી મળે તેવી સ્થિતિનું નિર્માણ કરવું જરૂરી હતું. આ સંજોગોમાં વ્યાપારની ઇજારાશાહી તેમને આવાં જોખમો ઉઠાવવા પ્રેરતી હતી. વળી, ભારત સાથેના વ્યાપારમાંથી સમૃદ્ધ થયેલા વ્યાપારીઓ ઇંગ્લૅન્ડના રાજ્યદરબારમાં ભારે વગ ધરાવતા હતા. આ સંજોગોમાં ઇંગ્લૅન્ડની સરકારે ઈસ્ટ ઇન્ડિયા કંપનીને ઇજારાશાહી અધિકારો સુપ્રત કર્યા હતા. તે માટે સરકાર તરફથી કંપનીને એક લેખિત કરારના રૂપમાં અને સમયાંતરે જેનું નવીનીકરણ થઈ શકે તેવો પરવાનો આપવામાં આવતો. આ માટે બ્રિટિશ પાર્લામેન્ટ દ્વારા પસાર થતો કાયદો 'ચાર્ટર એક્ટ' તરીકે ઓળખાતો. ફ્રેન્ચ અને ડચ સરકારોએ પણ પોતાની ઈસ્ટ ઇન્ડિયા કંપનીઓને આવા પરવાના આપ્યા હતા. અલબત્ત સરકારી કાયદા દ્વારા પ્રાપ્ત થયેલો ઇજારો વ્યવહારમાં સંપૂર્ણ રીતે અમલમાં મૂકવો મુશ્કેલ હતો. પરિણામે તેમાં કેટલીક ખામીઓ રહેતી. આ અંગેની ચર્ચા હવે પછીના મુદ્દાઓમાં કરીશું.

## 14.3 ઇજારાશાહી વિરુદ્ધ મુક્ત વ્યાપાર (Monopoly Versus Free Trade)


પૂર્વ સાથેના વ્યાપારમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીને શરૂઆતમાં ખાસ મુશ્કેલી નડી નહિ. પરંતુ અઢારમી સદીના મધ્ય ભાગ પછી કંપનીના સંચાલકો સમક્ષ કેટલીક સમસ્યાઓ ઊભી થઈ. કંપનીના ઇજારા સામે કેટલાક નવા પડકારો ઊભા થયા. વ્યાપારમાં પરોક્ષ રીતે અન્ય હરીફો પ્રવેશ્યા આ હરીફો કંપનીના પોતાના જ નોકરો હતા. તેઓ કંપનીના સેવક તરીકેની પોતાની કામગીરીની સાથે ચોરીછૂપીથી અંગત વ્યાપાર પણ કરતા. તેના પર નિયંત્રણ રાખવું મુશ્કેલ હતું. વળી, કેટલાક સાહસિકો પણ કમાણીના હેતુથી ભારત આવી સ્વતંત્ર રીતે પોતાનો વ્યાપાર ચલાવતા. આ બંને પ્રકારની પ્રવૃત્તિ કંપનીની ઇજારાશાહી સામે મોટા પડકારરૂપ બની હતી.

ઓગણીસમી સદી સુધી કંપનીના નોકરોનું વેતન ઘણું ઓછું હતું. પરિણામે નાનામાં નાના નોકરથી માંડીને સર્વોચ્ચ અધિકારીઓ ખાનગી વ્યાપાર દ્વારા વધારાની આવક ઊભી કરવા ઉત્સુક રહેતા. તે માટે કંપનીના નિયમો અને તેના સંચાલકોના આદેશોનો પણ ભંગ કરતા. બંગાળમાં સ્થાનિક સત્તા તરફથી વ્યાપારી કરવેરામાંથી કંપનીને જે મુક્તિ મળી હતી તેનો દુરુપયોગ કરી કંપનીના નોકરો પોતાના અંગત વ્યાપારમાં છૂટછાટ મેળવતા. 'દસ્તકના દુરુપયોગ' તરીકે જાણીતી બનેલી આ ગેરરીતિ બંગાળના નવાબ અને કંપનીના અધિકારીઓ વચ્ચેના વિવાદનું મુખ્ય કારણ બની હતી. આનું પરિણામ એ આવ્યું કે અઢારમી સદીના ઉત્તરાર્ધ દરમિયાન કંપની દ્વારા ચાલતા કાયદેસરના વ્યાપાર અને તેના કર્મચારીઓ દ્વારા ચાલતા ગેરકાનૂની અંગત વ્યાપાર વચ્ચે ભેદ પાડવો મુશ્કેલ બન્યો હતો.

સ્વતંત્ર વેપારીઓનું વલણ કંપનીના વ્યાપારને ભોગે પોતાનાં હિતોનું સંવર્ધન કરવાનું હતું. કંપનીના કર્મચારીઓ તેમની પ્રવૃત્તિને પોતાના સ્વાર્થ માટે ચલાવી લેતા હતા. કારણ કે ભારતમાં સત્તાનો દુરુપયોગ કરી લૂંટેલી સંપત્તિના રોકાણ અર્થે અને પોતાનાં અંગત વ્યાપારના સંચાલન માટે આવા સ્વતંત્ર વેપારીઓનો સહકાર તેમને ઉપયોગી બનતો. ઇંગ્લૅન્ડમાં નાણાં મોકલવાનું કાર્ય પણ આવા વેપારીઓની મદદથી સરળ બનાવી શકાતું. કંપનીના સંચાલકો તથા લૉર્ડ કોર્નવૉલિસ જેવા નિષ્ઠાવાન ગવર્નર જનરલે કંપનીના નોકરોની આ ગેરકાનૂની પ્રવૃત્તિ બંધ કરવા જેટલો પ્રયાસ કર્યો તેટલા જ પ્રમાણમાં સ્વતંત્ર

વેપારીઓએ ભ્રષ્ટ કર્મચારીઓની મદદથી પોતાનો વ્યાપાર વિસ્તાર્યો. તેઓએ કંપનીના કર્મચારીઓના દલાલો તરીકે કામગીરી બજાવી. તેમાંથી ઘણાં એજન્સીગૃહો ઊભાં થયાં, જે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં મૅનેજિંગ એજન્સીઓ તરીકે ઓળખાયાં.





દરમિયાન અઢારમી સદીના છેલ્લા દાયકાઓમાં ઇંગ્લૅન્ડમાં આર્થિક વિચારધારાઓને ક્ષેત્રે નવું પરિવર્તન આવી રહ્યું હતું. એડમ સ્મિથે સન 1776માં પોતાની પ્રખ્યાત કૃતિ 'વેલ્થ ઑફ નેશન્સ'ની રચના કરી. તેમાં તેણે મુક્ત વ્યાપારની નીતિનું સમર્થન કર્યું. એટલું જ નહિ પણ રાજ્યસંરક્ષિત વ્યાપાર એ રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે અવરોધક છે એવો મત પ્રસ્થાપિત કર્યો. અન્ય આર્થિક વિચારકોએ પણ આ વિચારધારાને સમર્થન આપ્યું. ઇસ્ટ ઇન્ડિયા કંપનીની ઇજારાશાહીને કારણે પૂર્વના દેશો સાથેના વ્યાપારના લાભથી વંચિત મૂડીપતિઓએ પણ આ વિચારોની તરફેણ કરી. ઇંગ્લૅન્ડમાં વધતી જતી આર્થિક સંપત્તિનું નફાકારક રીતે રોકાણ કરવા માટે નવાં ક્ષેત્રોની શોધ ચાલી રહી હતી. તેમાં અઢારમી સદીના ઉત્તરાર્ધમાં શરૂ થયેલા ઔદ્યોગિકીકરણે નવા પરિમાણનો ઉમેરો કર્યો. ભારતમાંથી ઇંગ્લૅન્ડમાં વ્યાપારી ચીજવસ્તુઓની આયાત પૂરતી મર્યાદિત ઇસ્ટ ઇન્ડિયા કંપનીની પ્રવૃત્તિ હવે નવાં આર્થિક હિતોને અનુકૂળ આવે તેમ ન હતી. પરિણામે ત્યાંના રાજકારણ અને પાર્લામેન્ટમાં ઔદ્યોગિક ગૃહો તથા મુક્તવ્યાપારની નીતિના સમર્થકોએ પોતાની વગ વિસ્તારી કંપનીની ઇજારાશાહી નાબૂદ કરવા માટે પ્રયાસો શરૂ કર્યા. આ સંજોગોમાં 1813નો ચાર્ટર એક્ટ પસાર કરવામાં આવ્યો, જેના દ્વારા ભારતમાં વ્યાપાર કરવાનો કંપનીનો ઇજારો નાબૂદ કરવામાં આવ્યો. 1833ના ચાર્ટર એક્ટ દ્વારા ચીન સાથેના વેપારનો રહ્યોસહ્યો ઇજારો પણ નાબૂદ થયો. આમ, ઇસ્ટ ઇન્ડિયા કંપનીના બે સદીથી પણ વધુ જૂના વ્યાપારી ઇજારાનો અંત આવ્યો.

## 14.4 કંપનીના વ્યાપારનું સ્વરૂપ (Nature of the Company's Trade)

અત્યાર સુધી આપણે બ્રિટિશ સરકારે ઇસ્ટ ઇન્ડિયા કંપનીને વ્યાપારના ઇજારા માટે આપેલા કાયદેસરના અધિકારો અને તેને લગતી વ્યવસ્થાની ચર્ચા કરી. વાસ્તવમાં ભારતના કેટલાક વિસ્તારોમાં માત્ર કંપની જ નહિ પરંતુ કંપની સાથે કેટલાક ખાનગી બ્રિટિશ વેપારીઓ સામૂહિક રીતે આવી વ્યાપારી ઇજારાશાહી ભોગવતા હતા. ખાસ કરીને અઢારમી સદીના છેલ્લા દાયકાઓમાં બંગાળમાં આ સ્થિતિ વધુ સ્પષ્ટ બની હતી. વ્યાપારી મૂડીવાદનું વલણ શક્ય તેટલી સસ્તી ખરીદી અને ઊંચા ભાવે વેચાણનું રહ્યું હતું. જ્યારે ખરીદી સસ્તા ભાવે કરવી હોય ત્યારે સ્વાભાવિક રીતે જ ખરીદનારાઓની સંખ્યા અલ્પ હોવી જરૂરી હતી. તેવું જ વેચાણની બાબતમાં પણ હતું. આ બાબત ઇજારાશાહી વ્યાપારના કેન્દ્રસ્થાને હતી. પરંતુ વ્યવહારમાં આવો વ્યાપારી સર્વાધિકાર શક્ય ન હતો. વળી, આ અધિકારની જાળવણી અર્થે કંપનીએ બળપ્રયોગ, જરૂરિયાત વખતે લશ્કરી પગલાં તથા હરીફોને વ્યાપારમાંથી દૂર કરવા માટે વિવિધ પ્રકારના કાયદાઓનો આશરો લેવો પડતો હતો. વિભાગ 2માં આપણે જોયું કે યુરોપિયન કંપનીઓને ભારત સાથેના વ્યાપારમાં મરીમસાલા, ગળી, સુતરાઉ કાપડ જેવી વસ્તુઓમાં વિશિષ્ટ રસ હતો.

શરૂઆતમાં આ ક્ષેત્રે મોટા પાયે હરીફાઈનું તત્ત્વ હતું. સત્તરમી સદી દરમિયાન ઇંગ્લીશ ફેક્ટરીએ સ્થાનિક વેપારીઓ, વિદેશી વેપારીઓ અને વિદેશી કંપનીઓ સાથે હરીફાઈમાં ઊતરવું પડતું હતું. પરંતુ અઢારમી સદી દરમિયાન ઇંગ્લૅન્ડનું પલ્લું અન્ય હરીફોના પ્રમાણમાં નમતું ગયું. ઈસ્ટ ઇન્ડિયા કંપની લશ્કરી અને રાજકીય રીતે અન્ય કંપનીઓ કરતાં ચડિયાતી પુરવાર થઈ. પરિણામે આ કંપનીઓ વ્યાપારી હરીફાઈમાંથી ખસી ગઈ. અઢારમી સદી દરમિયાન મુઘલ સત્તા નબળી પડી હતી. તેની વારસ એવી નવોદિત પ્રાદેશિક સત્તાઓની નિર્બળતાએ ઈસ્ટ ઇન્ડિયા કંપનીની રાજકીય તડજોડ કરવાની, રુશ્વતખોરીની અને સમય આવે નબળી સત્તાઓ પર ધાકધમકીનો પ્રયોગ કરવાની તકમાં વધારો કર્યો હતો. કંપનીના વ્યાપારી ઇજારાની અસર ખેડૂતો તથા કારીગરોની કામગીરી પર પણ પડી. અઢારમી સદીના અંતિમ દાયકાથી કંપની દ્વારા ખેડૂતો અને કારીગરોને પોતાને અનુકૂળ એવું ઉત્પાદન કરવાની ફરજ પાડવામાં આવતી. એટલું જ નહિ પરંતુ તેમને ચૂકવવામાં આવતી મજૂરીના દર પણ કંપની બને તેટલા ઓછા રાખતી. આ રીતે અઢારમી સદીના અંત સુધીમાં કંપની અને તેના નોકરો દ્વારા વિદેશ વ્યાપારને ક્ષેત્રે પ્રાપ્ત કરાયેલા અધિકારોનું સ્વરૂપ એક પ્રકારની સામૂહિક ઇજારાશાહીનું હતું તેમ કહી શકાય.

### તમારી પ્રગતિ ચકાસો - 1

1. જોઇન્ટ સ્ટૉક કંપનીના ફાયદા પાંચ લીટીમાં જણાવો.

   ........................................................................................
   ........................................................................................
   ........................................................................................
   ........................................................................................
   ........................................................................................

2. વેપારની ઇજારાશાહીનો અર્થ સમજાવો.

   ........................................................................................
   ........................................................................................
   ........................................................................................
   ........................................................................................
   ........................................................................................

3. ભારતમાં વેપારી ઇજારાના સંદર્ભમાં બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ કેવા પડકારોનો સામનો કરવો પડ્યો ?

   ........................................................................................
   ........................................................................................
   ........................................................................................
   ........................................................................................
   ........................................................................................

## 14.5 વાણિજ્યવિષયક પ્રવૃત્તિ અને રાજ્યસત્તા (Mercantile Business and Political Power)

ઉપર આપણે વ્યાપારી મૂડીવાદની કેટલીક ખાસિયતોનો ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સંદર્ભમાં અભ્યાસ કર્યો. હવે ભારતમાં રાજકીય સત્તા સ્થાપવા માટે આ કંપનીને પ્રેરણા આપનારાં પરિબળો તપાસીશું. ભારત સાથેના યુરોપીય વ્યાપારનું પ્રારંભિક સ્વરૂપ વ્યાપારી ખેપ જેવું હતું. યુરોપના વિભિન્ન દેશોના વેપારીઓ એક કે વધુ વહાણો ભાડે કરી ભારત તરફ વ્યાપાર અર્થે નીકળી પડતા. વહાણ ભારતનાં બંદરોએ લાંગરતું. તે પછી જરૂરી ચીજવસ્તુઓની ખરીદી થતી. પરંતુ તેમનું રોકાણ ટૂંકા સમયનું હોવાને કારણે તેઓ સંતોષકારક રીતે ઇચ્છિત ચીજવસ્તુઓની ખરીદી કરી શકતા નહિ. આ સમસ્યાના ઉકેલ માટે તેમણે મહત્ત્વનાં બંદરો તથા ઉત્પાદનકેન્દ્રોમાં પોતાનાં વ્યાપારીકેન્દ્રો સ્થાપવાનું વિચાર્યું. આ રીતે અસ્તિત્વમાં આવેલાં વિદેશી વ્યાપારી મથકો 'ફેક્ટરી' અથવા 'કોઠી' તરીકે ઓળખાયાં. અલબત્ત અત્યારની ઔદ્યોગિક ફેક્ટરીઓ કરતાં આ ફેક્ટરીઓનું સ્વરૂપ ભિન્ન હતું. ત્યાં માત્ર વ્યાપાર અર્થે ચીજવસ્તુઓની ખરીદી અને સંગ્રહ કરવામાં આવતો. આ 'ફેક્ટરી'ઓમાં નિયુક્ત પગારદાર અધિકારીઓ 'ફૅક્ટર' તરીકે ઓળખાતા તથા પોતાના મદદનીશો અને સ્થાનિક વેપારીઓની સહાયથી ઈસ્ટ ઇન્ડિયા કંપની વતી વિદેશોમાં નિકાસ કરવા અર્થે ભારતીય માલની ખરીદી કરતા. આ

ફૅક્ટરીઓની સુરક્ષા અર્થે તેની આસપાસ કિલ્લેબંધી કરવામાં આવતી. મુઘલ સત્તાના પતન પછી ઊભી થયેલી રાજકીય અસલામતીની સ્થિતિમાં સુરક્ષાની વ્યવસ્થાને વધુ મજબૂત કરવાની જરૂર પડી. આથી વિદેશી કંપનીઓએ સ્થાનિક સત્તાઓની મંજૂરીથી ફેક્ટરી તથા તેની આસપાસના વિસ્તારો ફરતા કિલ્લાઓ બાંધી ત્યાં લશ્કરી ટુકડીઓ રાખવાનું શરૂ કર્યું. શરૂઆતમાં માત્ર સુરક્ષાના હેતુથી બંધાયેલા આ લશ્કરી મથકો વખત જતાં યુરોપીય કંપનીઓની શક્તિનાં કેન્દ્રો બની ગયાં અને સ્થાનિક સત્તાઓ માટે પડકારરૂપ બન્યાં. કલકત્તાનો ફોર્ટ વિલિયમ અને મદ્રાસનો ફોર્ટ સેંટ જ્યૉર્જ આનાં ઉત્તમ ઉદાહરણો હતાં. આ લશ્કરી મથકોની મદદથી યુરોપીય કંપનીઓ આસપાસના વિસ્તારો પર પોતાનો પ્રભાવ વધારી શકતી. અલબત્ત આવાં મથકો ઊભાં કરવા માટે તેમણે સ્થાનિક સત્તાઓ પાસેથી કાયદેસરના પરવાના મેળવ્યા હતા, પરંતુ વાસ્તવમાં તેનો મુખ્ય આધાર તેમની લશ્કરી શક્તિ પર હતો. વિભાગ 3માં આપણે અઢારમી સદી દરમિયાન આવી કંપનીઓએ સ્થાનિક રાજકારણમાં ભજવેલી ભૂમિકાનો પરિચય મેળવ્યો છે. આમ, 'વ્યાપારી ખેપ'ની સ્થિતિમાંથી 'ફૅક્ટરી પ્રથા', તે પછી કિલ્લેબંધ લશ્કરી મથકો અને છેલ્લે પ્રાદેશિક રાજસત્તા તરીકે બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીનો વ્યવસ્થિત વિકાસ થયો હતો. અને તેમાંથી જ ઓગણીસમી સદીમાં વિશાળ બ્રિટિશ સામ્રાજ્યનું સર્જન થવાનું હતું. બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની પોતાની રાજકીય સત્તા અને લશ્કરી શક્તિનો ઉપયોગ વ્યાપારી તથા આર્થિક લાભ માટે કરતી. તેના દ્વારા કારીગરોને સસ્તા દરે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવા ફરજ પાડી શકાતી, ભારતીય વેપારીઓ બ્રિટિશ વેપારીઓ તથા કંપનીના આશ્રિત અને સહાયક બને તે માટે તેમને આતંકિત કરી શકાતા, હરીફ વેપારી કંપનીઓને સ્પર્ધામાંથી હાંકી કાઢી શકાતી કે દૂર રાખી શકાતી, સ્થાનિક રાજવીઓ અને જમીનદારો પાસેથી રક્ષણના બહાના હેઠળ 'સુરક્ષાનાણું' તથા લાંચ ઉઘરાવી શકાતી. અને છેલ્લે યુદ્ધો ખેલી લૂંટ અને ખંડણી દ્વારા સંપત્તિ એકઠી કરવામાં પણ તેનો ઉપયોગ કરી શકાતો. ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ 1765માં પ્રાપ્ત કરેલી બંગાળની દીવાની એ તેનું ઉત્તમ ઉદાહરણ હતું. આ દીવાનીએ કંપનીની સ્થાનિક ચુકવણીઓ માટે ઘણી અનુકૂળતા કરી આપી હતી. અત્યાર સુધી કંપની દ્વારા ભારતમાં જે કાંઈ ખરીદી કરવામાં આવતી તેની કિંમત ઇંગ્લૅન્ડથી આયાત થયેલા સોનાના રૂપમાં ચૂકવવામાં આવતી. હવે સ્થાનિક સ્તરે ઉઘરાવેલી મહેસૂલની રકમમાંથી આ ચુકવણી થઈ શકતી. પરિણામે ઇંગ્લૅન્ડથી લાવવા પડતા સોનાના જથ્થામાં નોંધપાત્ર રીતે ઘટાડો કરી શકાયો. આમ, રાજકીય સત્તાના વિકાસની સાથે કંપનીનાં ઘણાં આર્થિક હિતોનું સંવર્ધન કરી શકાયું. આ ચર્ચાને આધારે બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની અઢારમી સદી દરમિયાન શાથી રાજકીય સત્તા તરીકે ઉદય પામી અને ઓગણીસમી સદીના પ્રારંભે તેણે સૌથી મોટી સત્તાનું સ્થાન પ્રાપ્ત કર્યું એ ઘટનાનો સ્પષ્ટ ખ્યાલ આવી શકશે.

## 14.6 ઔદ્યોગિક મૂડીવાદનો ઉદય અને કંપનીની વાણિજ્યનીતિ (Rise of Industrial Copitalism and the Company's Mercantile Policies)

અઢારમી સદીના ઉત્તરાર્ધથી ઇંગ્લૅન્ડના અર્થતંત્રમાં ભારે પરિવર્તન આવ્યું હતું. ઈ.સ. 1750માં તેની કુલ રાષ્ટ્રીય આવકનો 40 થી 45 ટકા જેટલો હિસ્સો ખેતીક્ષેત્રમાંથી આવતો હતો, જે ઘટીને 1851માં 20 ટકા અને 1881માં 10 ટકા જેટલો થઈ ગયો. ઈ.સ. 1790માં રાષ્ટ્રીય આવકમાં વિદેશવ્યાપારનો હિસ્સો 14 ટકા હતો, જે વધીને ઈ.સ. 1880 સુધીમાં 36 ટકા થયો. આ આંકડા અઢારમી અને ઓગણીસમી સદી દરમિયાન ઇંગ્લૅન્ડમાં આવેલી ઔદ્યોગિક ક્રાન્તિએ આર્થિક ક્ષેત્રે જન્માવેલાં પરિવર્તનોનું સૂચન કરે છે. ઔદ્યોગિક ક્રાન્તિને પરિણામે સ્થાનિક ઉત્પાદનની વિદેશોમાં નિકાસ એ બ્રિટિશ વિદેશવેપારી નીતિમાં પાયાનું સ્થાન ધરાવતી બાબત બની. બ્રિટનમાં સુતરાઉ કાપડનો ઉદ્યોગ જેમજેમ વિકસતો ગયો તેમતેમ ભારતીય કાપડની માંગમાં ઘટાડો થતો ગયો. એટલું જ નહિ, હવે ઇંગ્લૅન્ડ પોતે ઉત્પાદિત કરેલા કાપડ માટે વિદેશોમાં બજારો શોધવા લાગ્યું. ભારત તેમાં કેન્દ્રસ્થાને હતું. વળી, કાપડના ઉત્પાદનમાં કાચા માલ તરીકે રૂની મોટા પાયે આયાત કરવાની જરૂર ઊભી થઈ. આ માટે પણ તેણે ભારત તરફ નજર દોડાવી. આમ, ઇંગ્લૅન્ડના ઔદ્યોગિકીકરણને પરિણામે ઇંગ્લૅન્ડ અને ભારત વચ્ચેના વ્યાપારી સંબંધોમાં પહેલાંની સ્થિતિની સરખામણીએ આમૂલ પરિવર્તન આવ્યું. અઢારમી સદીથી ઇંગ્લૅન્ડના ઔદ્યોગિક મૂડીવાદનો ઉદય થયો હતો. આ નવા સંજોગોમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ રાજ્યસત્તા તરીકે ભારતમાં નવી ભૂમિકા ભજવવાની હતી. વ્યાપારી કંપનીએ ઊભી કરેલી સામ્રાજ્યવ્યવસ્થા નવું રાજકીય આર્થિક સ્વરૂપ ધારણ કરી રહી હતી. ઓગણીસમી સદીના મધ્ય ભાગ સુધીમાં કંપનીની વ્યાપારનીતિમાં મોટું પરિવર્તન આવ્યું હતું. ભારતમાં ઉત્પાદિત માલની ઇંગ્લૅન્ડમાં થતી નિકાસમાં સતત ઘટાડો થઈ રહ્યો હતો. ઈ.સ. 1815થી 1832ના ગાળા દરમિયાન ભારતમાંથી ઇંગ્લૅન્ડમાં નિકાસ થયેલ સુતરાઉ કાપડનું મૂલ્ય 13 લાખ પાઉન્ડથી ઘટીને 1 લાખ પાઉન્ડ જેટલું થઈ ગયું હતું. આ જ ગાળા દરમિયાન ઇંગ્લૅન્ડથી આયાત થતા કાપડમાં લગભગ 15 ગણો વધારો નોંધાયો હતો. અઢારમી સદી દરમિયાન ભારતમાં કંપનીના વ્યાપારનો મુખ્ય ઝોક ભારતમાંથી વિદેશોમાં વેચવા માટે મોટા પ્રમાણમાં સુતરાઉ કાપડની ખરીદી અને નિકાસ પર હતો. ઓગણીસમી સદીના પ્રારંભિક

દાયકાઓમાં આ ખરીદી લગભગ બંધ થઈ ચૂકી હતી. ઓગણીસમી સદીના ત્રીજા દાયકા દરમિયાન કંપનીની ભારત ખાતેની વ્યાપારી પ્રવૃત્તિનાં અંતિમ વર્ષોમાં (1833ના સનદી ધારા હેઠળ કંપનીનો વ્યાપારી પરવાનો રદ કરવામાં આવ્યો હતો.) તેણે સુતરાઉ કાપડની કોઈ બનાવટની ઇંગ્લેન્ડમાં નિકાસ કરી ન હતી. હવે તેની નિકાસમાં માત્ર કાચું રેશમ, થોડા પ્રમાણમાં રેશમી કાપડ, દારૂગોળા માટે જરૂરી સુરોખાર અને ગળીનો સમાવેશ થતો હતો. જ્યારે ઇંગ્લેન્ડમાંથી થતી આયાતના સંદર્ભમાં જોઈએ તો લશ્કરી દૃષ્ટિએ જરૂરી એવી કેટલીક ચીજવસ્તુઓને બાદ કરતાં કંપનીએ કોઈ વસ્તુની આયાત કરી ન હતી. ઈ.સ. 1813ના સનદી ધારાએ ખાનગી વેપારીઓ માટે ભારત સાથેના વ્યાપારના દરવાજા ખુલ્લા કરી આપ્યા હતા. પરિણામે હિન્દનો વ્યાપાર કંપનીના હાથમાંથી સંપૂર્ણ રીતે ખાનગી વેપારીઓના હાથમાં ચાલ્યો ગયો હતો.

ઓગણીસમી સદીના પ્રારંભિક દાયકાઓમાં કંપનીની નીતિ અને નાણાવ્યવસ્થામાં બીજું પણ મોટું પરિવર્તન આવી રહ્યું હતું. વ્યાપાર સિવાયનાં અન્ય ક્ષેત્રોમાંથી કંપનીની આવકમાં વધારો થઈ રહ્યો હતો. કંપનીએ ભારતના જે વિસ્તારો પર પોતાની રાજકીય સત્તા સ્થાપી હતી ત્યાંથી પ્રાપ્ત થતી મહેસૂલી તથા અન્ય કરવેરાની આવકમાં વધારો થતો જતો હતો. બીજી બાજુ ઉપર દર્શાવેલાં કારણોથી વ્યાપારમાંથી થતી આવકમાં ઘટાડો થતો હતો. ઈ.સ. 1765 સુધી કંપનીની આવકનું એક માત્ર સાધન વ્યાપારમાંથી મળતો નફો હતું. 1820ના દાયકા દરમિયાન તેની આવક માત્ર જમીન-મહેસૂલ પર આધારિત હતી. સન 1765માં દીવાની હક પ્રાપ્ત કર્યા પછી મહેસૂલી આવકમાં ક્રમશઃ વધારો થતો ગયો, જે વખત જતાં વ્યાપારી આવક કરતાં વધી ગયો. આમ, એક વ્યાપારી સંગઠનમાંથી રાજકીય સત્તા તરીકે કંપનીના સ્વરૂપમાં આવી રહેલા પરિવર્તનનું પ્રતિબિંબ તેની નાણાકીય સ્થિતિમાં પણ પડતું હતું. આ સમયનું બીજું નોંધપાત્ર લક્ષણ એ હતું કે કંપની જમીન-મહેસૂલરૂપે જે આવક પ્રાપ્ત કરતી હતી તેને ઇરાદાપૂર્વક વ્યાપારી હિતો તરફ વાળી રહી હતી. 1765 પછી બંગાળમાં વ્યાપારી અધિકારોની સાથે વહીવટી અધિકારોની પ્રાપ્તિ આ માટે જવાબદાર હતી. બંગાળમાંથી પ્રાપ્ત થતા મહેસૂલનો ગણનાપાત્ર હિસ્સો ઇંગ્લેન્ડ મોકલવાના માલની ખરીદીમાં વપરાતો હતો. કંપનીના સૂત્રધારો તેને 'મૂડીરોકાણ' તરીકે ઓળખાવતા. વાસ્તવમાં ભારતના આર્થિક શોષણ માટેનું એ એક માધ્યમ હતું. ઇંગ્લેન્ડની આમસભાની એક સમિતિએ આ કહેવાતા 'મૂડીરોકાણ'ને સાચી રીતે જ 'ખંડણી' તરીકે ઓળખાવ્યું હતું. પાછળથી ભારતના રાષ્ટ્રવાદી અર્થશાસ્ત્રીઓએ તેને ભારતના 'દ્રવ્ય અપહરણ'(economic drain) તરીકે વખોડ્યું હતું. જમીન-મહેસૂલના આ અધિકાર દ્વારા કંપની જરૂર પડે ભારતમાં ઉછીનાં નાણાં ઊભાં કરી શકતી. લશ્કરી શક્તિનો વધારો કરવામાં પણ તેનો ઉપયોગ થતો અને તેની મદદથી ભારતમાં પોતાની હકૂમત હેઠળના પ્રદેશોમાં વધારો કરી શકાતો.

## 14.7 સારાંશ (Conclusion)

આ પ્રકરણમાં આપણે યુરોપમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીઓનો ઉદય, તેમનાં સ્વરૂપ અને સંબંધિત દેશોની સરકારો દ્વારા તેમને આપવામાં આવેલા વ્યાપારી ઇજારા અંગેની ચર્ચા કરી. અઢારમી સદી દરમિયાન સ્વતંત્ર વેપારીઓએ આ ઇજારાશાહીમાં પગપેસારો શરૂ કર્યો. 'ઇજારાશાહી' અને 'મુક્ત વ્યાપાર' વચ્ચે શરૂ થયેલી સ્પર્ધાનો અંત છેવટે 'મુક્ત વ્યાપાર'ની તરફેણમાં આવ્યો. અઢારમી સદીના અંતિમ દાયકા દરમિયાન ભારતના કેટલાક વિસ્તારોમાં વ્યાપારનો અંતિમ દાયકા દરમિયાન ભારતના કેટલાક વિસ્તારોમાં વ્યાપારનો ઇજારો ઇંગ્લિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની અને તેના કર્મચારીઓના હાથમાં આવ્યો હતો. ભારતમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીની રાજકીય સત્તાના વિકાસ સાથે તેને સીધો સંબંધ હતો. અઢારમી સદીના ઉત્તરાર્ધ અને ઓગણીસમી સદીના પ્રારંભમાં ઇંગ્લેન્ડમાં આવેલા ઔદ્યોગિક પરિવર્તને કંપનીની વ્યાપારનીતિમાં મોટું પરિવર્તન જન્માવ્યું હતું. અગાઉ વિભાગ 6માં દર્શાવ્યા પ્રમાણે બ્રિટિશ સરકારે વિવિધ કાયદાઓ દ્વારા કંપની પર મૂકેલાં નિયંત્રણોના ફલસ્વરૂપે કંપની એક વેપારી પેઢીમાંથી રાજકીય સત્તામાં પરિવર્તિત થઈ રહી હતી. આ વિભાગના 18મા એકમમાં આપણે આ અંગે વધુ વિગતે ચર્ચા કરીશું.

### 'તમારી પ્રગતિ ચકાસો' - 2

1. ભારતમાં રાજકીય સત્તાના વિસ્તાર માટે ઇસ્ટ ઇન્ડિયા કંપનીને પ્રોત્સાહન આપનારાં પરિબળો જણાવો.

   ............................................................................................

   ............................................................................................

   ............................................................................................

   ............................................................................................

   ............................................................................................

   ............................................................................................

   ............................................................................................

2. ઔદ્યોગિક ક્રાન્તિને કારણે કંપનીની વ્યાપારનીતિમાં કેવાં પરિવર્તનો આવ્યાં ?

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

3. નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે દર્શાવો :

   (i) બ્રિટિશ પાર્લામેન્ટે પસાર કરેલા 1813ના સનદી ધારાએ ભારતમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીના વ્યાપારી ઇજારાનો અંત આણ્યો.

   (ii) સત્તરમી અને અઢારમી સદી દરમિયાન અંગ્રેજો દ્વારા સ્થાપિત 'ફેક્ટરીઓ' એ માત્ર વ્યાપારી કેન્દ્રો હતાં.

   (iii) ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ દેશમાં સુવ્યવસ્થા સ્થાપવા માટે ભારતમાં રાજકીય સત્તા હસ્તગત કરી હતી.

   (iv) ઇંગ્લેન્ડમાં ઔદ્યોગિકીકરણને પરિણામે ભારત સાથેના તેના આર્થિક સંબંધો પર કોઈ અસર પડી ન હતી.

   (v) ઓગણીસમી સદીના આરંભકાળમાં કંપનીની મહેસૂલી આવક તેની વ્યાપારી આવક કરતાં વધુ હતી.

## 14.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો - 1

1. વિભાગ 14.1 જુઓ.
2. વિભાગ 14.2 જુઓ.
3. વિભાગ 14.3 જુઓ.

### તમારી પ્રગતિ ચકાસો - ૨

1. વિભાગ 14.5 જુઓ.
2. વિભાગ 14.6 જુઓ.
3. (i) વિભાગ 14.3 જુઓ.
   (ii) વિભાગ 14.4 જુઓ.
   (iii) વિભાગ 14.5 જુઓ.
   (iv) વિભાગ 14.6 જુઓ.
   (v) વિભાગ 14.6 જુઓ.

## 14.9 ચાવીરૂપ શબ્દો (Key-words)

**પેઢીઓ/કોઠીઓ :** યુરોપીય વેપારી કંપનીઓએ ભારતમાં સ્થાપેલ વેપારીમથકો.

**મુક્ત વેપારીઓ :** કંપનીની ઇજારાશાહીની અવગણના કરીને ભારત સાથે વ્યક્તિગત મુક્ત રીતે વેપાર કરનાર યુરોપીય વેપારીઓ.

**રાષ્ટ્રીય આવક :** રાજયના અર્થતંત્રમાં ઉત્પન્ન થતા આવતા માલ-સામાન સેવાનાં નાણાંમાં થતી મુલવણી.

**વ્યાપારીકરણ :** 16/17મી સદીમાં યુરોપે સ્વીકારેલ અર્થવ્યવસ્થાનો સિદ્ધાંત દેશને સમૃદ્ધ બનાવવા અને હૂંડિયામણ કમાવા આયાતમાં ઘટાડો અને નિકાલમાં વધારો કરવાની આર્થિક નીતિ.

# એકમ : 15 નવી જમીન-મહેસૂલ વ્યવસ્થા (The New Land-Revenue Settlements)

## રૂપરેખા

15.0 હેતુઓ અને પ્રસ્તાવના
15.1 જમીન-મહેસૂલ વ્યવસ્થાના પ્રારંભિક પ્રયોગો
15.2 બંગાળમાં કાયમી જમાબંધી
15.2.1 જમીનદારો સાથેના કરારો
15.2.2 ખેડૂતોની સ્થિતિ
15.2.3 કાયમી જમાબંધીની અસરો
15.3 કાયમી જમાબંધીની નિષ્ફળતા
15.4 વૈકલ્પિક વ્યવસ્થાઓનો વિકાસ
15.4.1 રૈયતવારી પ્રથા હેઠળ જમીનની આકારણી
15.4.2 મદ્રાસમાં રૈયતવારી પ્રથાનો અમલ
15.4.3 રૈયતવારી : સિદ્ધાંત અને વ્યવહાર
15.4.4 મદ્રાસમાં રૈયતવારી પ્રથાની અસરો
15.4.5 મુંબઈમાં રૈયતવારી પ્રથા
15.4.6 મદ્રાસ અને મુંબઈમાં રૈયતવારી પ્રથાની અસરો
15.5 અન્ય વૈકલ્પિક વ્યવસ્થા : મહાલવારી પ્રથા
15.5.1 મહાલવારી પ્રથા : સિદ્ધાંત અને વ્યવહાર
15.5.2 મહાલવારી પ્રથાની અસરો
15.6 સારાંશ
15.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
15.8 ચાવીરૂપ શબ્દો

## 15.0 હેતુઓ અને પ્રસ્તાવના (Objectives and Introduction)

ખેતીક્ષેત્ર સદીઓથી ભારતીય અર્થવ્યવસ્થામાં કેન્દ્રસ્થાન ભોગવતું આવ્યું છે અને જમીન-મહેસૂલ એ રાજ્યની આવકનો પ્રધાન સ્રોત રહ્યો છે. ભારતના વિભિન્ન પ્રદેશો પર પોતાની હકૂમત સ્થાપ્યા પછી બ્રિટિશ સરકારે પણ આવક માટે ખેતીક્ષેત્રે ભારે કરવેરા નાખ્યા. વળી, તેની આકારણી અને વસૂલાત માટે પણ નવી વ્યવસ્થા ઊભી કરી. આ નવી વ્યવસ્થા એકદમ દાખલ થઈ ન હતી પરંતુ તેનો ક્રમશઃ વિકાસ થયો હતો. પ્રારંભમાં તો નવા જિતાયેલા પ્રદેશોમાં લૂંટ ચલાવવી એ આવક માટે કંપનીએ અપનાવેલી એકમાત્ર પદ્ધતિ હતી, પરંતુ આ પદ્ધતિ લાંબા સમય માટે ચાલુ રાખવી શક્ય ન હતી. તે માટે અનેક કારણો હતાં. એક તો લૂંટની રકમ કંપનીની તિજોરીમાં જમા થવાને બદલે લૂંટ ચલાવનારાઓના ખિસ્સામાં જ પહોંચી જતી. વળી, નિરંતર અરાજકતાપૂર્ણ પરિસ્થિતિથી ત્રાસીને પ્રજા પણ અન્યત્ર સ્થળાંતર કરી જાય તે સ્વાભાવિક હતું. આ ઉપરાંત, પ્રજાને લૂંટીને દરિદ્ર બનાવવાથી લાંબે ગાળે રાજ્યને પણ આવક ગુમાવવી પડે તેવી સ્થિતિ સર્જાય તેમ હતી. આ સંજોગોમાં કંપની સરકારે વ્યવસ્થિત મહેસૂલવ્યવસ્થા ઊભી કર્યા વગર છૂટકો ન હતો. મહેસૂલવ્યવસ્થા સાથે કેટલાક મહત્ત્વના મુદ્દાઓ સંકળાયેલા હતા. જમીન-મહેસૂલ કોની પાસેથી ઉઘરાવવું ? તે માટે તેમને જમીન પર કેવા પ્રકારના અધિકારો આપવા ? આકારણીનાં ધોરણો કેવાં રાખવાં ? તેની વસૂલાતનું તંત્ર કેવી રીતે ગોઠવવું ? આ બધાં પાસાંઓનો વિચાર કરીને ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ પોતાની મહેસૂલવ્યવસ્થાનું આયોજન કર્યું. આ સંદર્ભમાં કંપની સરકારે જે વિવિધ પ્રયોગો કર્યા તેની મુખ્ય લાક્ષણિકતાઓ અને ભારતના અર્થતંત્ર તથા સમાજવ્યવસ્થા પર પડેલી તેની અસરોનો અભ્યાસ આપણે આ એકમમાં કરીશું.

## 15.1 જમીન-મહેસૂલવ્યવસ્થાના પ્રારંભિક પ્રયોગો (Early Experiments in Land-Revenue Management)

ઈ.સ. 1757માં જ્યારે બંગાળની સત્તા પોતાને હસ્તક આવી ત્યારે કંપનીનો આશય તે સમયે પ્રચલિત વ્યવસ્થાને ચાલુ રાખી પોતાની આવકમાં સતત વધારો થાય તે રીતે તેનો ઉપયોગ કરવાનો હતો. પરંતુ કંપનીના નોકરોના અત્યાચારો તથા ભ્રષ્ટાચારને પરિણામે સમગ્ર વ્યવસ્થા કથળી ગઈ. તેને પરિણામે સન 1769-70માં બંગાળમાં વિનાશક દુકાળ પડ્યો. તેમાં બંગાળની લગભગ ત્રીજા ભાગની વસ્તી મૃત્યુ પામી.

આ સંજોગોમાં 1772માં એક નવી વ્યવસ્થા દાખલ કરવામાં આવી, જેમાં જિલ્લા કે તેના નિશ્ચિત વિભાગનું જમીન-મહેસૂલ વસૂલ કરવા માટે ઇજારદારો સાથે કરાર કરવામાં આવતો. જે ઇજારદાર સૌથી વધુ રકમ આપવાની તૈયારી દર્શાવે તેને કેટલાંક વર્ષો માટે આવા વિસ્તારોનું મહેસૂલ ઉઘરાવવાનો

ઈજારો આપવામાં આવતો. આવા ઈજારદારો માટે તત્કાલીન દસ્તાવેજોમાં 'ફાર્મર' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલો છે. આથી આ વ્યવસ્થા 'ફાર્મિંગ વ્યવસ્થા'ને નામે ઓળખાતી હતી. આવા ઈજારદારોનું એકમાત્ર ધ્યેય વધુમાં વધુ આવક ઊભી કરવાનું રહેતું. તે માટે તેઓ ભારે શોષણ અને અત્યાચારના રસ્તા અપનાવતા. તેને પરિણામે સર્જાતી ખેડૂતોની બેહાલી કે ઉત્પાદનમાં થતા [illegible] તેમને કોઈ પરવા ન હતી. ઘણી વખત ઈજારદારો મોટી રકમની બાંહેધરી આપી આવા મહેસૂલી [illegible] રાખતા પરંતુ ભારે અત્યાચાર અને શોષણના માર્ગો અપનાવ્યા પછી પણ તેઓ નિશ્ચિત મહેસૂલ ઉઘરાવી શકે નહિ તેવી સ્થિતિ સર્જાતી. વળી, ધીમેધીમે આ વ્યવસ્થામાં પણ ભ્રષ્ટાચાર શરૂ થયો. [illegible] સોદાઓ હંમેશાં સત્તાધારીઓનાં મિત્રો અને મળતિયાઓના હાથમાં પહોંચી જતા. સસ્તી શરતોએ આવા સોદા કરી તેઓ પોતાના અને ભ્રષ્ટ અધિકારીઓના ખીસાં ભરતા અને ખેડૂતો તથા કંપનીને આર્થિક નુકસાન જતું. આ પ્રથા જ્યારે અસહ્ય બની ત્યારે કંપનીના સંચાલકોએ તેમાં સુધારા કરવાના આશયથી ઈ.સ. 1781માં લૉર્ડ કોર્નવૉલિસને ગવર્નર જનરલ તરીકે ભારત મોકલ્યો.

## 15.2 બંગાળમાં કાયમી જમાબંધી (The Permanent Settlement in Bengal)

કોર્નવૉલિસે ભારતમાં આવીને જોયું કે કંપનીની પ્રવર્તમાન મહેસૂલી નીતિ સમગ્ર [illegible] બેહાલ કરી રહી હતી. ખેતીનું ઉત્પાદન ઘટી રહ્યું હતું. કંપનીને સ્થિર અને મોટી મહેસૂલી આવકની [illegible] હતી તે પૂર્ણ થઈ શકે તેમ ન હતી. વળી, ખેતી પર આધારિત અને તેની સાથે સંકળાયેલ રેશમ, કપાસ વગેરે ચીજવસ્તુઓનું ઉત્પાદન પણ ઘટતું જતું હતું. આ કારણે કંપનીએ વિદેશોમાં નિકાસ માટે જરૂરી કાચો માલ એકઠો કરવો મુશ્કેલ પડતો હતો. ખેતી સાથે ગૃહઉદ્યોગોની પણ અવનતિ થઈ હતી. આ સંદર્ભમાં લંડનસ્થિત કંપનીના સંચાલકો તથા લૉર્ડ કોર્નવૉલિસ બંને એક બાબતે સ્પષ્ટ [illegible] કે મોટા ભાગના ભ્રષ્ટાચાર અને શોષણના મૂળમાં ખેતીક્ષેત્રે અનિશ્ચિત અને મનસ્વી એવું [illegible] રહેલું છે.

આથી એવું નક્કી કરવામાં આવ્યું કે ભૂમિકર હવે કાયમી ધોરણે નક્કી કરવો તથા ભવિષ્યમાં તેમાં કોઈ વધારો ન કરવાનું વચન સરકારે આપવું. આનાં કેટલાંક શુભ પરિણામો આવશે તેવી આશા રાખવામાં આવી. અત્યાર સુધી અધિકારીઓ પોતાને મનફાવે તે રીતે ભૂમિકરની આકારણી કરતા હતા. આ સ્થિતિ દૂર થવાને કારણે ભ્રષ્ટાચારનું પ્રમાણ ઘટાડી શકાય તેમ હતું. હવે ઉત્પાદન વધે તોપણ સરકાર વધારાનો કર ઉઘરાવે તેમ ન હતી. તેથી જમીનમાલિકોને ખેતસુધારણા દ્વારા ઉત્પાદનમાં વધારો કરવાની પ્રેરણા મળશે તથા ઉત્પાદનના વધારા સાથે વેપાર વધશે અને સરકારી કરવેરા નિયમિત ભરાતા રહેશે તેવી આશા હતી. વળી, કોર્નવૉલિસને એવી પણ શ્રદ્ધા હતી કે ભૂમિકર નિશ્ચિત કર્યો હોવા છતાં પણ તેને પરિણામે ઉત્પાદન તથા વેપાર-વાણિજ્યમાં જે વધારો થશે તેના પર નાખેલા કરની આવકમાંથી સરકાર ભવિષ્યમાં વધુ નાણાં ઊભાં કરી શકશે. જમીન-મહેસૂલની રકમની વાર્ષિક સીમા 2 કરોડ 65 લાખની નિશ્ચિત કરવામાં આવી.

### 15.2.1 જમીનદારો સાથેના કરારો (Settlement with Zamindars)

જમીન-મહેસૂલની રકમ નક્કી કર્યા પછી હવે તેની વસૂલાતની કામગીરી કોને સોંપવી તે પ્રશ્ન મહત્ત્વનો બન્યો. બંગાળના નવાબોએ જમીનદારો પાસેથી મહેસૂલ એકઠું [illegible] કરી હતી. આ જમીનદારો જમીનના મોટા વિસ્તારો પર અંકુશ ધરાવતા હતા. આમાંના કેટલાક વિસ્તારો તો સમગ્ર જિલ્લાને આવરી લે તેટલા મોટા હતા. તેઓ પોતાની પાસે [illegible] ને રાજા તરીકે ઓળખાતા. કેટલાક નાના જમીનદારો પણ હતા. તેઓ રાજ્યને સીધો અથવા મોટા જમીનદારો મારફતે કર ચૂકવતા. ખેતીનું કાર્ય ખેડૂતો કરતા. તેઓ [illegible] પરગણાંમાં સ્થાનિક પરંપરાઓને આધારે નિશ્ચિત થયેલું મહેસૂલ જમીનદારોને ચૂકવતા. કોઈ વખત શોષણખોર જમીનદારો નિશ્ચિત મહેસૂલ કરતાં વધારાનો કર પણ ઉઘરાવતા, જે 'આબવાબ' તરીકે ઓળખાતો.

બ્રિટિશ શાસને ઈ.સ. 1790 સુધીમાં પરિસ્થિ[illegible] હતી. જૂના જમીનદા[illegible] કેટલાકને ચાલુ રાખવામાં આવ્યા હતા. જ્યારે કેટલાકને બદલીને તેમને સ્થાને નવા ઈજારદારો કે કંપનીના અધિકારીઓને નીમવામાં આવ્યા હતા. સ્થાનિક પરંપરાઓ દ્વારા નક્કી થયેલા મહેસૂલના દરોની અવગણના કરીને ખેડૂતો પાસેથી મનફાવે તે રીતે કરવેરા વસૂલ કરવામાં આવતા હતા. ગમે તે રીતે આવકમાં વધારો કરવો એ જ કંપનીનો એકમાત્ર આશય હતો. કોર્નવૉલિસ હિન્દમાં આવ્યો ત્યારે પરિસ્થિતિ સંપૂર્ણ રીતે નિરાશાજનક હતી. કોર્નવૉલિસ પોતે બ્રિટનના ઉમરાવ-જમીનદાર વર્ગમાંથી આવતો હતો. પરિણામે તે જમીનદારોના હાથમાં જમીનમાલિકીનો હક સોંપવાનો હિમાયતી હતો. તેને એવો વિશ્વાસ હતો કે બ્રિટિશ જમીનદારોની જેમ આ જમીનદારો પણ જમીન અને ખેતવિકાસને ઉત્તેજન આપશે. અલબત્ત, સરકાર પાસે આ સિવાય બીજો કોઈ વ્યવહારુ માર્ગ પણ ન હતો. કારણ કે આ સમયે બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં કુલ મળીને ચાલીસથી પચાસ લાખ જેટલાં ખેડૂતકુટુંબો હતાં. તેમની પાસેથી જમીન-મહેસૂલ વસૂલ કરવા માટે એક વિશાળ તંત્રની જરૂર પડે તેમ

હતું. વળી, જમીનમાલિકો, ઉત્પાદનના પ્રકાર અને પ્રમાણ, મહેસૂલના પ્રચલિત વિભિન્ન દરો વગેરે માટે વ્યાપક દફતરો તૈયાર કરવાં પડે. તેની તૈયારી માટે લાંબો સમય અને મોટી સંખ્યામાં કર્મચારીઓની જરૂર પડે. તે સાથે ભ્રષ્ટાચારમાં વધારો થવાની પણ પૂરેપૂરી શક્યતાઓ હતી. તેને બદલે મર્યાદિત સંખ્યાના જમીનદારોની મદદથી મહેસૂલની વસૂલાતનું કાર્ય વધુ સરળ પડે તેમ હતું. પરિણામે 1793માં બંગાળ અને બિહારમાં દાખલ કરાયેલી કાયમી જમાબંધીમાં જમીનદારો સાથે કરાર કરવામાં આવ્યા. આ પ્રાન્તોની સમગ્ર ભૂમિ જમીનદારી વ્યવસ્થાનો ભાગ બની. જમીનદારે તેના અધિકાર હેઠળની જમીન પરનો નિશ્ચિત કર ભરવાનો રહેતો. જ્યાં સુધી તે આ કર ભરતો ત્યાં સુધી આ જમીનનો માલિક હતો. તે પોતાની માલિકીની જમીન વેચી શકતો, ગીરે મૂકી શકતો કે તબદીલ કરી શકતો. જમીનદારી હકો વારસામાં પણ મળતા. પરંતુ જમીનદાર જો તેની નિશ્ચિત રકમ ભરવામાં નિષ્ફળ જતો તો સરકાર તેની જમીન જપ્ત કરી હરાજી દ્વારા નવા માલિકને તમામ અધિકારો સાથે સોંપી દેતી.

### 15.2.2 ખેડૂતોની સ્થિતિ (The Position of the Cultivators)

આ પ્રથામાં વાસ્તવિક ખેતી તો લાખોની સંખ્યામાં રહેલાં ખેડૂતકુટુંબો કરતાં. પરંતુ નવી વ્યવસ્થામાં તેઓ સ્વતંત્ર ખેડૂતને બદલે જમીનદારના ગણોતિયા બની ગયા. કોર્નવોલિસે એવો કાયદો કર્યો હતો કે દરેક જમીનદારે પોતાના ખેડૂતો સાથે ખેડહક અંગે લેખિત કરારો કરવા. તેમાં ખેડૂતે ચૂકવવાની રકમ નિશ્ચિત કરવી. આ કરાર 'પટ્ટા' તરીકે ઓળખાતો. તે માનતો હતો કે આમ કરવાથી જમીનદારો દ્વારા ખેડૂતોનું શોષણ અટકાવી શકાશે. પરંતુ વ્યવહારમાં આવા કોઈ 'પટ્ટા' આપવામાં આવ્યા ન હતા. ખેડૂતો સંપૂર્ણ રીતે જમીનદારોની દયા પર નિર્ભર હતા.

આ પરિસ્થિતિ કંઈ આકસ્મિક રીતે સર્જાઈ ન હતી. અગાઉ જોયું તેમ આકારણીની રકમ ઘણી ઊંચી હતી. તેની વસૂલાતમાં અત્યાચાર તથા શોષણનાં તત્ત્વો સમાયેલાં હતાં. કંપનીના એક બાહોશ અધિકારી જૉન શૉરના અંદાજ મુજબ રૂ. 100ની ઊપજમાંથી રૂ. 45 સરકારની તિજોરીમાં અને રૂ. 15 જમીનદારના ખિસ્સામાં જતા. ખેડૂતને ભાગે રૂ. 40 બાકી રહેતા. આ પ્રકારના આકરા વેરા માત્ર ભારે અત્યાચાર દ્વારા જ ઉઘરાવી શકાતા. જમીનદારો જો જુલ્મી પદ્ધતિઓ અપનાવે નહિ તો રાજ્યની માંગણી મુજબની નિશ્ચિત રકમ ભરી શકે તેમ ન હતા. ઈ.સ. 1793, 1799 અને 1812માં પસાર કરાયેલા કાયદાઓ અનુસાર ખેડૂત જો નિશ્ચિત કરેલું મહેસૂલ ન ભરે તો જમીનદાર તેની જમીન જપ્ત કરી શકતો. તેને આ માટે અદાલતની કોઈ મંજૂરીની જરૂર ન હતી. ખેડૂતની કનડગત માટેનો આ કાયદેસરનો માર્ગ હતો. આ ઉપરાંત જમીનદાર ખેડૂતને બળજબરીથી પૂરી રાખવાની કે મારઝૂડ કરવાની અનેક ગેરકાયદેસરની રીતરસમો પણ અપનાવતો. પરિણામે બ્રિટિશ સરકાર અને જમીનદારોને લાભ કરી આપતી આ વ્યવસ્થા વ્યવહારમાં સાચા ખેડૂતની કનડગત અને પાયમાલીની સર્જક બની.

### 15.2.3 કાયમી જમાબંધીની અસરો (Effects of The Permanent Settlement)

અલબત્ત, કાયમી જમાબંધી જમીનદારોની તરફદારી કરતી વ્યવસ્થા હતી. છતાં એ બાબત ભૂલવી ન જોઈએ કે જમીનદારે દર વર્ષે નિશ્ચિત દિવસે કરાર મુજબની રકમ સરકારમાં જમા કરાવવી પડતી. તેમ કરવામાં જો તેઓ નિષ્ફળ જાય તો તેમની જમીન જપ્ત કરી હરાજ કરી દેવાતી. વળી, જમીનદારો પાસેથી વસૂલ કરાતી રકમનો આંક એટલો ઊંચો રહેતો કે દુષ્કાળ, પૂર તથા અન્ય કુદરતી આફત વખતે ઉત્પાદન અને આવકમાં થતા ઘટાડાને પહોંચી વળવું મુશ્કેલ બનતું. પરિણામે ઘણા જમીનદારોએ જમીનદારી હકો મેળવ્યા પછી તેને વેચી દેવાની ફરજ પડી હતી. ઈ.સ. 1794 થી 1819 દરમિયાન એકલા બંગાળમાં જ 68 ટકા જેટલા જમીનદારી હકોનું વેચાણ થયું હતું. અન્ય જમીનદારો, વેપારીઓ કે સરકારી અમલદારો આ જમીનો ખરીદી લેતા. નવા જમીનદારો વધુ નફો કમાવા માટે ખેડૂતો પાસેથી વધુ મહેસૂલ વસૂલ કરવા પ્રયત્નો કરતા. રાજા રામમોહનરાયે નોંધ્યું છે કે, '1973 પછી કાયમી જમાબંધી હેઠળ જમીનદારોએ તેમના હાથમાં મૂકવામાં આવેલી સત્તા દ્વારા કરવેરા વધારવા માટે તમામ માર્ગો અપનાવ્યા છે.'' આમ છતાં ઘણા જમીનદારો માટે બ્રિટિશ સરકાર દ્વારા માંગવામાં આવેલી રકમ ચૂકવવી મુશ્કેલ બની હતી. આ સંજોગોમાં તેમણે નવી પદ્ધતિઓ અપનાવી. આવા એક જમીનદાર બર્દવાનના રાજાએ તેની જમીનને તાલુકા જેવા નાના વિભાગોમાં વહેંચી નાખી. આવા વિભાગો 'પટની' તરીકે ઓળખાતા. આ વિભાગો નિશ્ચિત કરેલી સાંથે અન્ય જમીનદારોને સોંપી દેવામાં આવ્યા. આ નવા જમીનદારો 'પટનીદાર' કહેવાયા. તેઓ જ્યાં સુધી નિશ્ચિત કરેલી સાંથ ચૂકવે ત્યાં સુધી જમીનમાલિકીના હકો ધરાવતા. સાંથ ચૂકવવામાં નિષ્ફળ જાય તો તેમની જમીન લઈ લેવામાં આવતી; અને બીજાને સાંથે સોંપી દેવામાં આવતી. અન્ય જમીનદારોએ પણ આ પદ્ધતિ અપનાવી. આમ, પેટા જમીનદારોનો એક નવો શોષકવર્ગ અસ્તિત્વમાં આવ્યો.

બંગાળની વસ્તીમાં ક્રમશઃ વધારો થતો ગયો. ખરાબાની અને જંગલની જમીનો ખેડાણ હેઠળ આવી. ખેડૂતો પાસેથી ઉઘરાવાતા મહેસૂલમાં પણ વધારો થયો. જમીનદારે સરકારને ચૂકવવાની રકમ નિશ્ચિત હતી. પરિણામે ગણોતિયાઓને ભોગે જમીનદારોની સ્થિતિમાં સુધારો થતો ગયો. તેઓ ખર્ચાળ અને વિલાસી જીવન જીવવા લાગ્યા. સરકારે છેક 1859માં ગણોતિયાઓના હકોની સુરક્ષા માટે કેટલાંક પગલાં ભર્યાં.

આ વર્ષે પસાર કરવામાં આવેલા કાયદા અનુસાર જૂના ગણોતિયાઓને મર્યાદિત પ્રમાણમાં સલામતી પ્રાપ્ત થઈ. તેઓ હવે ભોગવટો ધરાવતા ગણોતિયા તરીકે ઓળખાયા.

## 15.3 કાયમી જમાબંધીની નિષ્ફળતા (Disillusionment with Permanent Settlement)

કાયમી જમાબંધીનો બંગાળમાં આરંભ કરવામાં આવ્યો ત્યારે લૉર્ડ કોર્નવૉલિસની ઇચ્છા તેને ક્રમશઃ કંપનીના શાસન હેઠળના અન્ય વિસ્તારોમાં પણ દાખલ કરવાની હતી. મદ્રાસ સરકારે તો પોતાની હકૂમત હેઠળના પ્રદેશોમાં તેની શરૂઆત પણ કરી દીધી હતી. પરંતુ ટૂંક સમયમાં જ તેની ખામીઓ છતી થતાં કંપનીના અધિકારીઓ તેની સફળતા અંગે શંકા સેવવા લાગ્યા. તેમની દૃષ્ટિએ આ પદ્ધતિની મહત્ત્વની મર્યાદા એ હતી કે તેમાં મહેસૂલી આવકનો વધારો કરવાની કોઈ તક ન હતી. બીજી બાજુ સતત યુદ્ધોને કારણે કંપનીના ખર્ચમાં એકધારો વધારો થઈ રહ્યો હતો. ઈ.સ. 1798 થી 1806 દરમિયાન ગવર્નર જનરલ લૉર્ડ વેલેસ્લીએ લશ્કરી ખર્ચને પહોંચી વળવા માટે ભારતીય ચીજવસ્તુઓની ખરીદી માટે ઇંગ્લેન્ડથી આવતાં નાણાંનો ઉપયોગ કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. આથી કંપનીના અધિકારીઓ કંપનીની આવકમાં વધારો કરવાના નવા માર્ગો વિચારવા લાગ્યા. કંપનીના કેટલાક અધિકારીઓને એમ લાગતું હતું કે 1793માં જમીનદારોને ખૂબ સસ્તામાં છોડી દેવામાં આવ્યા હતા અને ભવિષ્યમાં આ ભૂલનું પુનરાવર્તન થવું ન જોઈએ. ઈ.સ. 1811માં લંડનના સત્તાવાળાઓએ પણ પૂરતી ચકાસણી કર્યા વગર કાયમી ધોરણે મહેસૂલ નક્કી કરવા અંગે ભારત ખાતેના કંપનીના અધિકારીઓને ચેતવ્યા હતા.

### તમારી પ્રગતિ ચકાસો - 1

1 ભારતમાં મહેસૂલી રચના કરતી વખતે મુખ્યત્વે કયાં મુદ્દાઓ ધ્યાનમાં લેવાના હતા ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2 બંગાળમાં કાયમી જમાબંધી દાખલ કરવા પાછળ મુખ્ય કયા ઉદ્દેશો હતા ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

3 ખેડૂતો પર આ વ્યવસ્થાની શી અસર પડી ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

4 ફાર્મિંગ પ્રથાનો ટૂંકો પરિચય આપો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

5 કાયમી જમાબંધી શા કારણોથી નિષ્ફળ ગઈ ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 15.4 વૈકલ્પિક વ્યવસ્થાનો વિકાસ (The Emergence of Alternative Systems)

દરમિયાન બ્રિટિશ અધિકારીઓ ભૂમિકર વસૂલ કરવા માટે નવી પદ્ધતિઓ વિચારી રહ્યા હતા. ઈ.સ. [illegible] મદ્રાસમાં નવા જિતાયેલા પ્રદેશોના વહીવટ માટે બે અધિકારીઓ મનરો અને રીડને મોકલવામાં [illegible] જમીનદારો પાસેથી મહેસૂલ વસૂલ કરવાને બદલે દરેક ગામમાંથી સીધું મહેસૂલ ઉઘરાવવાની પ્રથા દાખલ કરી. તે માટે દરેક ગામની મહેસૂલી રકમ નક્કી કરવામાં આવી. તે પછી દરેક ખેડૂત અથવા રૈયતનું વ્યક્તિગત મહેસૂલ આકારવામાં આવ્યું. આમાંથી 'રૈયતવારી' પ્રથાનો ઉદ્‌ભવ થયો. આ પદ્ધતિમાં દરેક ખેતરમાં થતી ઊપજનો અંદાજ કાઢવામાં આવતો. તેને આધારે નક્કી કરાયેલા મહેસૂલની ચુકવણી કરવાની શરતે ખેડૂત તેને ફાળવી અપાયેલા ખેતરની ખેડ કરી શકતો. ખેડૂત જો નિર્ધારિત કરેલુ મહેસૂલ ચૂકવવા તૈયાર ન હોય તો નવા ખેડૂતને ખેડહક અપાતો. જો આ માટે કોઈ પણ ખેડૂત તૈયાર ન થાય તો આવી જમીન ખેડ્યા વગર પડી રહેતી.

### 15.4.1 રૈયતવારી પ્રથા હેઠળ જમીનની આકારણી (Land Assessment under Ryotwari)

જમીન-મહેસૂલના [illegible] કરવાનું કાર્ય ઘણું કપરું હતું. તે માટે કંપનીના અધિકારીઓએ જિલ્લા સ્તરે હજારો ગામોમાં ખેતરોનું સર્વેક્ષણ કરવું પડતું. વળી, આ આકારણી એવી રીતે કરવાની રહેતી કે દરેક ખેતર પર સરખા પ્રમાણમાં બોજો પડે. આમ ન કરવામાં આવે તો ઊંચી આકારણી-વાળાં ખેતર ખેડવા કોઈ તૈયાર થાય નહિ અને સૌ કોઈ નીચી આકારણીવાળાં ખેતરો ખેડવા ઇચ્છે. ખેતરના મહેસૂલની આકારણી કરતી વખતે આકારણી અધિકારીઓએ બે બાબતો ધ્યાનમાં લેવી પડતી. સૌપ્રથમ તો જમીનનો પ્રકાર નક્કી કરવામાં આવતો. જમીન પથરાળ છે કે ખડકાળ છે ? સિંચાઈની સગવડ ધરાવે છે કે કોરાટ છે ? તે નક્કી કરાતું. તે સાથે જમીનના વિસ્તારને ધ્યાનમાં લેવો પડતો. આમ, આ પદ્ધતિમાં જમીનના સર્વેક્ષણ અને વર્ગીકરણ પર ખાસ ભાર મુકાતો. ડાંગર ઉત્પન્ન કરતી ઉત્તમ કક્ષાની જમીન ગમે તે ગામમાં આવેલી હોય પરંતુ તેના પર એકસરખું મહેસૂલ ઉઘરાવવામાં આવતું.
હવે આ મહેસૂલ કેવી રીતે નક્કી કરાતું તે તપાસીએ. સૌપ્રથમ તો દરેક ખેતરના ઉત્પાદનનો અંદાજ કાઢવામાં આવતો. એકર દીઠ ઉત્પાદન નક્કી કરાતું. તે પછી આ ઉત્પાદનનો ત્રીજો કે બે પંચમાંશ ભાગ રાજ્યના મહેસૂલ તરીકે નક્કી થતો. તેની બજારભાવે કિંમત આકારવામાં આવતી. ખેડૂતે આ રકમ મહેસૂલરૂપે રાજ્યને ચૂકવવી પડતી. અલબત્ત સિદ્ધાંતમાં આ રીતે રૈયતવારી પ્રથા કામ કરતી. વ્યવહારમાં તો આકારણી મહદ્ અંશે અંદાજે નક્કી થતી. આ આકારણી એટલી ઊંચી રહેતી કે તેની ઉઘરાણી ભારે મુશ્કેલ પડતી અને કેટલીક વખત તો તે ઉઘરાવી શકાતી પણ નહિ.

### 15.4.2 મદ્રાસમાં રૈયતવારી પ્રથાનો અમલ (The Adoption of Ryotwari in Madras)

જમીન-મહેસૂલની વ્યવસ્થા અંગે કેટલાક પ્રયોગો કર્યા પછી મદ્રાસ સરકારે ઈ.સ. 1820માં રૈયતવારી પદ્ધતિનો સ્વીકાર કર્યો. તેના પ્રણેતા મનરોને મદ્રાસના ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યો. આ પદ્ધતિના સમર્થનમાં તેણે ઘણી દલીલો રજૂ કરી. તેના મુખ્ય દલીલ એ હતી કે આ પદ્ધતિ ભારતમાં પ્રચલિત જમીન-મહેસૂલ પદ્ધતિ હતી અને ભારતીય પરિસ્થિતિમાં સૌથી વધુ અનુકૂળ હતી. અલબત્ત તેના સ્વીકાર પાછળનું મુખ્ય કારણ એ હતું કે આ પદ્ધતિ દ્વારા અન્ય તમામ પદ્ધતિઓ કરતાં વધુ મહેસૂલ મેળવી શકાતું. આનું કારણ એ હતું કે આ પદ્ધતિમાં જમીનદાર કે અન્ય મધ્યવર્તી વર્ગ ખેતપેદાશના અધિશેષમાં ભાગ પડાવનાર ન હતો. ખેડૂત પાસેથી જે કાંઈ ઉઘરાવાતું તે સીધું રાજ્યની તિજોરીમાં જમા થતું. મદ્રાસ સરકાર સતત નાણાભીડ અનુભવતી હતી અને આ કારણે આ પ્રથા સ્વાભાવિક રીતે જ તેને અનુકૂળ હતી. આથી કાયમી જમાબંધીની પદ્ધતિની નિષ્ફળતાનો લાભ લઈને તેણે રૈયતવારી પદ્ધતિનો અમલ શરૂ કર્યો.

### 15.4.3 રૈયતવારી : સિદ્ધાંત અને વ્યવહાર (Ryotwari : Theory and Practice)

ઉપર આપણે મનરો દ્વારા તેના વહીવટ હેઠળના જિલ્લાઓમાં દાખલ કરાયેલી રૈયતવારી પ્રથા અંગે પરિચય મેળવ્યો. 1820 પછી મદ્રાસના અન્ય વિસ્તારોમાં પણ આ પ્રથા દાખલ કરવામાં આવી. અલબત્ત, તેનું સ્વરૂપ મનરોની મૂળ યોજનાથી ઘણું ભિન્ન હતું. મનરોની રૈયતવારી ખેડાણ હેઠળની જમીનની આકારણી પર આધારિત હતી. વળી, તેમાં આવી જમીન પર ખેતી કરવી કે નહિ તે ખેડૂતની ઇચ્છા પર છોડવામાં આવ્યું હતું. વળી, તેમાં સરકાર દ્વારા દરેક ખેતરની વિગતવાર માપણી તથા આકારણી અને તેને લગતાં દફ્તરો તૈયાર કરવાની જરૂર હતી. પરંતુ 1820 પછી આવું કોઈ સર્વેક્ષણ કર્યા વગર ઘણા જિલ્લાઓમાં આ પ્રથાનો અમલ શરૂ કરી દેવાયો. દરેક ખેડૂત કેટલી જમીન ખેડતો હતો કે તેની ઊપજ શું હતી તેનો કોઈને અંદાજ ન હતો. માત્ર અગાઉનાં વર્ષોમાં તે કેટલું મહેસૂલ ભરતો તેને આધારે મનસ્વી રીતે મહેસૂલ નક્કી કરી દેવાયું હતું.

વળી, સિદ્ધાંતમાં રૈયતવારી પ્રથામાં ખેડૂતને તેની ઇચ્છા હોય તે જમીન ખેડવાની અને ન ખેડવાની છૂટ હતી. પરંતુ ટૂંક સમયમાં જ સરકારને સમજાઈ ગયું કે વ્યવહારમાં આવી છૂટ આપવામાં આવશે તો સરકારની મહેસૂલી આવક ઘટી જશે. આથી ખેડૂત ઇચ્છે કે ન ઇચ્છે તોપણ તેને સરકારી અમલદારો દ્વારા ખેતી કરવાની ફરજ પાડવામાં આવતી. ખેડ સ્વૈચ્છિક ન હોવાને કારણે મહેસૂલ ઉઘરાવવું મુશ્કેલ પડતું. પરિણામે ઘણી વખત મોટે પાયે મારઝૂડ અને જોરતલબી કરવામાં આવતી. 1854માં 'મદ્રાસ અત્યાચાર પંચ' દ્વારા આ હકીકત ખુલ્લી પાડવામાં આવી હતી. તે પછી તેમાં કેટલાક સુધારાઓ કરવામાં આવ્યા. જમીનનું વૈજ્ઞાનિક ઢબે સર્વેક્ષણ કરવાની પદ્ધતિ અપનાવવામાં આવી. કરભારણના વાસ્તવિક બોજમાં ઘટાડો થયો. મહેસૂલ ઉઘરાવવા માટે ક્રૂર અને અત્યાચારી પદ્ધતિઓનો ઉપયોગ કરવાની જરૂર રહી નહિ. અલબત્ત, આ બધા સુધારા 1860 પછીના સમયગાળા દરમિયાન અમલમાં આવ્યા, જે પ્રસ્તુત પુસ્તકની સમય-મર્યાદા બહાર છે.

### 15.4.4 મદ્રાસમાં રૈયતવારી પ્રથાની અસરો (Effects of the Ryotwari System in Madras)

આ વ્યવસ્થાની ગ્રામીણ અર્થતંત્ર પર સ્પષ્ટ રીતે ઘણી વિપરીત અસરો પડી. ખેડૂતો પાયમાલ થઈ ગયા અને નવી જમીન ખેડવા માટે તથા ખેતીના સંવર્ધન માટે તેમની પાસે કોઈ સાધનો રહ્યાં નહિ. ઈ.સ. 1855માં મદ્રાસ સરકારે નોંધ્યા પ્રમાણે રૈયતવારી પ્રથા હેઠળની કુલ જમીનમાંથી 145 લાખ એકર જમીન ખેડાણ હેઠળ હતી, જ્યારે 180 લાખ એકર જમીન ખેડાણ વગર પડી રહી હતી. સરકારે સ્વીકાર્યું હતું કે ''સરકારી કરમાં ઘટાડો કરવામાં આવે તો ખેડાણમાં અવશ્ય વધારો થાય તે બાબત નિ:શંક છે.''

ગ્રામીણ અર્થતંત્ર પરની વિઘાતક અસરો ઉપરાંત કરવેરાના વધુ પડતા ભારણે જમીનોનાં ખરીદ-વેચાણ પર પણ વિપરીત અસર જન્માવી હતી. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં મદ્રાસના મોટા ભાગના જિલ્લાઓમાં જમીનની કોઈ કિંમત ન હતી. જમીન ખરીદવા માટે કોઈ તૈયાર ન હતું. કારણ કે જમીનમાંથી ખાસ કોઈ આવક વગર જમીનમાલિકે તેના પર આકરા કરવેરા ભરવા પડતા હતા. આવા સંજોગોમાં ખોટનો વેપાર કરવા કોઈ ઇચ્છે નહિ તે સ્વાભાવિક હતું.

### 15.4.5 મુંબઈમાં રૈયતવારી પ્રથા (The Ryotwari Settlement Bombay)

મુંબઈ ઇલાકામાં રૈયતવારી પ્રથાનો અમલ સૌપ્રથમ ગુજરાતમાં થયો. બ્રિટિશ સત્તાની સ્થાપનાના પ્રારંભે જૂની મહેસૂલી વ્યવસ્થા ચાલુ રાખવામાં આવી. તેમાં દેસાઈ તરીકે ઓળખાતા પરંપરાગત મહેસૂલી અધિકારીઓ અને ગામના વડા - પટેલોની મદદથી મહેસૂલ ઉઘરાવાતું. પરંતુ આ વ્યવસ્થા દ્વારા અપેક્ષા પ્રમાણે મહેસૂલી આવક પ્રાપ્ત થતી ન હોવાથી ઈ.સ. 1813-14માં સરકારે ખેડૂતો પાસેથી સીધું મહેસૂલ વસૂલ કરવાનું શરૂ કર્યું. સન્ 1818માં પેશ્વાના પતન પછી તેના ગુજરાતના પ્રદેશો બ્રિટિશ હકૂમત હેઠળ આવ્યા ત્યારે ત્યાં મદ્રાસની પરિપાટી પર રૈયતવારી પ્રથા દાખલ કરવામાં આવી. મનરોના અનુયાયી એવા મુંબઈ પ્રાન્તના ગવર્નર એલ્ફિન્સ્ટને ગુજરાતમાં આ પ્રથાનો અમલ કર્યો. મદ્રાસ ઇલાકામાં છતા થયેલા રૈયતવારીના દોષો મુંબઈ ઇલાકામાં પણ બહાર આવ્યા. જિલ્લા કલેક્ટરોએ જ્યારે મહેસૂલ વધારવાના પ્રયાસો શરૂ કર્યા ત્યારે આ દૂષણો વધારે સ્પષ્ટ થયાં. સાં.અ.-૯

પ્રિંગલે નામના અમલદારની દેખરેખ નીચે જમીનની માપણી અને વર્ગીકરણની પ્રક્રિયાનો પ્રારંભ થયો. અંગ્રેજ અર્થશાસ્ત્રી રિકાર્ડોના ભાડાના દરના સિદ્ધાંતોને આધારે સર્વેક્ષણ અને આકારણી કરવામાં આવ્યા. આ સિદ્ધાંતો ભારતીય પરિસ્થિતિમાં તદ્દન અયોગ્ય હતા. વળી, પ્રિંગલેની ગણતરીઓ પણ અનેક રીતે દોષપૂર્ણ હતી. પરિણામે તેના દ્વારા કરાવાએલી આકારણી ઘણી ઊંચી હતી. પૂણે જિલ્લામાં જ્યારે પ્રિંગલે દ્વારા આકારાએલું મહેસૂલ વસૂલ કરવાનો પ્રયાસ થયો ત્યારે ઘણા ખેડૂતો ખેતી છોડીને પડોશના હૈદ્રાબાદના નિઝામના પ્રદેશોમાં ચાલ્યા ગયા. પરિણામે થોડાં વર્ષો પછી આ આકારણી છોડી દેવી પડી. આ પછી વીંગટે અને ગોલ્ડસ્મીડ નામના બે અમલદારો દ્વારા પુન: ચકાસણી કરવામાં આવી. તેમની આકારણી કોઈ સિદ્ધાંતો પર આધારિત હોવાને બદલે વ્યવહારલક્ષી હતી. ખેડૂતો મહેસૂલ નિયમિત રીતે ચૂકવી શકે તેવાં વ્યાજબી ધોરણો પર તેની આકારણી કરવામાં આવી. દરેક ખેતરની આંકણી તેની જમીનના પ્રકાર અને સ્થાન પર આધારિત હતી. આ નવી પદ્ધતિનો પ્રારંભ ઈ.સ. 1836 પછી શરૂ થયો અને ઈ.સ. 1865 સુધીમાં દખ્ખણનો મોટા ભાગનો વિસ્તાર તેની નીચે આવરી લેવામાં આવ્યો. આ નવી સુધારેલી પદ્ધતિ ફાયદાકારક હતી અને તેના અમલની સાથે ખેડાણ હેઠળની જમીનમાં વધારો થયો.

### 15.4.6 મદ્રાસ અને મુંબઈમાં રૈયતવારીની અસરો (Effects of the Ryotwari System in Madras and Bombay)

અગાઉની ચર્ચામાં આપણે જોયું કે કાયમી જમાબંધીની પદ્ધતિથી સામાન્ય ખેડૂતો પર વર્ચસ્વ ધરાવતો મોટા જમીનદારોનો એક વિશિષ્ટ વર્ગ અસ્તિત્વમાં આવ્યો હતો. રૈયતવારી પદ્ધતિની સામાજિક અસરો તેના જેટલી નાટકીય ન હતી. મોટા ભાગના વિસ્તારોમાં સરકારી દફતરે માલિક તરીકે ખેતી કરતા ખેડૂતની જ નોંધણી કરવામાં આવી હતી, આમ છતાં મહેસૂલનો દર એટલો ઊંચો હતો કે ખેડૂત ઘણી

વખત જમીન ખેડવાનું છોડી દેતો. તેને તેમ કરતો રોકવા પ્રયાસો કરવા પડતા. કેટલાક કિસ્સાઓમાં સરકારી દફતરોમાં જમીનમાલિકો તરીકે બિનખેડૂતોનાં નામ દાખલ કરી દેવાતાં. તેઓ ગણોતિયા, ચાકર કે વેઠિયા મજૂરો દ્વારા ખેતી કરાવતા હતા. તામિલનાડુના સિંચાઈયુક્ત થાંજાવુર વિસ્તારમાં આ સ્થિતિ વધુ મજબૂત બની હતી. ત્યાં અસંખ્ય ખેડૂતોનાં નામ સરકારી દફતરે જમીનમાલિક તરીકે નોંધાયેલાં હતાં. દરેક ખેડૂત (રૈયત) પોતાને નામે વધુમાં વધુ કેટલી જમીન ધરાવી શકે તેની કોઈ મર્યાદા ન હતી. આથી જુદાંજુદાં ખેડૂતોની સ્થિતિ તથા સંપત્તિમાં ઘણું અંતર રહેતું. આમ છતાં જમીન પર મહેસૂલનો દર ઘણો ઊંચો હોવાથી શરાફો તથા નફાખોર વલણ ધરાવતા બિનખેડૂતોને જમીનમાલિકીમાં ખાસ રસ ન હતો. આથી નાના ખેડૂતો જમીનદારો અને શરાફોની ચુંગાલમાંથી મુક્ત હતા. અલબત્ત, સરકારી કર્મચારીઓની કનડગત તો તેમણે સહન કરવી પડતી.

ઈ.સ. 1836 પછી મુંબઈ અને 1858 પછી મદ્રાસ ઇલાકામાં દાખલ કરાયેલા મહેસૂલી સુધારાને કારણે પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું. જમીન પરનું મહેસૂલી ભારણ ઘટ્યું. પરિણામે તેની વેચાણક્ષમતા વધી. હવે જમીન ખરીદી તેમાંથી નફો કે આવક ઊભી કરવાનું શક્ય બન્યું. ઉત્પાદન વધારે થાય તો તે રાજ્યની તિજોરીમાં ખેંચાઈ જવાને બદલે ખેડૂતની આવકમાં વધારો થતો. આને કારણે શરાફોએ જમીનમાં રસ લેવાનું શરૂ કર્યું. તેમની ચુંગાલમાં ફસાયેલા ખેડૂતોની જમીન કબજે લેવાનું વલણ વધ્યું. આ કારણે ઘણા સ્વતંત્ર ખેડૂતો જમીનો વેચી ગણોતિયા બની ગયા. આમાંથી મોટા પાયે સામાજિક તંગદીલી સર્જાઈ. 1875માં મુંબઈ ઇલાકાના દખ્ખણના ઘણા ગ્રામ્ય વિસ્તારોમાં દંગલો થયાં.

## 15.5 અન્ય વૈકલ્પિક વ્યવસ્થા : મહાલવારી પ્રથા (The other Alternative Settlment : The Mahalwari System)

લૉર્ડ વેલેસ્લીના શાસનકાળ દરમિયાન 1801 થી 1806 દરમિયાન ઉત્તર ભારતમાં બ્રિટિશ હકૂમત હેઠળના વિસ્તારોમાં ભારે વધારો થયો. આ પ્રદેશો વાયવ્ય સરહદ પ્રાંત તરીકે ઓળખાયા. શરૂઆતમાં ત્યાં પણ બંગાળની જેમ જમીનદારી ઢબની વ્યવસ્થા દાખલ કરવાનો પ્રયાસ થયો. જે વિસ્તારમાં જમીનદારો પ્રમાણમાં ઊંચું મહેસૂલ આપવા તૈયાર થાય ત્યાં મહેસૂલી સમજૂતીમાં તેમને પ્રાથમિકતા આપવા લૉર્ડ વેલેસ્લીએ તેના મહેસૂલી અધિકારીઓને સૂચના આપી. જ્યાં જમીનદારો આ માટે તૈયાર ન હોય કે એવા વર્ગનું અસ્તિત્વ ન હોય ત્યાં ખેડૂતવર્ગમાંથી આવતી મુકાદમ, પ્રધાન જેવી પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સાથે સમજૂતી કરવાના હુકમો અપાયા. અંતે બંગાળની જેમ આ વ્યવસ્થા પણ કાયમી કરવી તેવું નક્કી કરવામાં આવ્યું. તે સાથે મહેસૂલી આવકમાં વધારો કરવાના તમામ પ્રયાસો ચાલુ રાખવામાં આવ્યા. 1803-04માં સરકારી મહેસૂલની રકમ રૂ. 188 લાખ હતી, જે વધીને 1817-18માં રૂ. 297 લાખ સુધી પહોંચી હતી.

મહેસૂલના આ અસામાન્ય વધારાને કારણે સ્થાનિક જમીનદારો અને રાજાઓમાં ભારે અસંતોષ જન્મ્યો. તેમાંના ઘણા બ્રિટિશ શાસન પૂર્વે સ્વતંત્ર શાસકો હતા. બ્રિટિશ વહીવટી નીતિને કારણે તેમની જમીનો છીનવાઈ ગઈ હતી. કેટલાક કિસ્સાઓમાં જૂના જમીનદારો સરકાર દ્વારા માંગવામાં આવતી રકમ ભરી શકવા અસમર્થ નીવડતાં સરકારે તેમની જમીનો જપ્ત કરી વેચી નાખી હતી. આ સંજોગોમાં દરેક ગામનું મહેસૂલ ત્યાંના આગેવાન એવા મુકાદમ કે પ્રધાન દ્વારા ઉઘરાવવાની જરૂરિયાત ઊભી થઈ. અહીંનાં મહેસૂલી દફતરોમાં મહેસૂલી એકમ તરીકે 'મહાલ' શબ્દ પ્રચલિત હતો, આથી દરેક ગામવાર કરવામાં આવતી આકારણી 'મહાલવારી વ્યવસ્થા' તરીકે ઓળખાઈ. જોકે એક વ્યક્તિ એક કરતાં વધુ ગામોની વ્યવસ્થા કરી શકે તેમ ન હતી તેથી કેટલાક મોટા જમીનદારોનું અસ્તિત્વ ચાલુ રહ્યું, જેઓ એક કરતાં વધુ ગામોનું મહેસૂલ પોતાની રીતે એકઠું કરી સરકારી તિજોરીમાં જમા કરાવી દેતા. નવી વ્યવસ્થામાં પણ ઘણી વહીવટી ગૂંચો, શોષણ તથા અત્યાચારી રીતરસમોનો લાભ લઈ સરકારી અધિકારીઓએ પોતાની સંપત્તિમાં વધારો કરવાનો પ્રયાસ કર્યો. આવા ઘણા અધિકારીઓ ગેરકાયદેસર રીતે મેળવેલી વિશાળ જમીનના માલિકો બની બેઠા. દરમિયાન સરકારને જણાયું કે તેની આવક કરતાં ખર્ચમાં સતત વધારો થતો જાય છે. આ કારણે કાયમી ધોરણે મહેસૂલ નક્કી કરવાનો વિચાર પડતો મૂકવામાં આવ્યો.

### 15.5.1 મહાલવારી પ્રથા : સિદ્ધાંત અને વ્યવહાર (Mahalwari : Theory and Practice)

ઈ.સ. 1819માં એક બ્રિટિશ અધિકારી હોલ્ટ મેકેન્ઝીએ એવો સિદ્ધાંત વહેતો મૂક્યો કે તાલુકાદારો અને મોટા જમીનદારો એ મૂળભૂત રીતે રાજ્ય દ્વારા નિયુક્ત થયેલા એજન્ટો હતા. જ્યારે ગામોના સાચા માલિકો તો ત્યાં વસતા જમીનદારો કે તેમનો સમુદાય હતો. તેથી તેણે એવો આગ્રહ રાખ્યો કે આ સાચા માલિકોના અધિકારો અને મહેસૂલી જવાબદારીઓ સર્વેક્ષણ દ્વારા સ્પષ્ટ રીતે સ્થાપિત કરવી જોઈએ. મેકેન્ઝીના આ વિચારોનો પડઘો ઈ.સ. 1822માં પસાર કરાયેલા મહેસૂલી ધારામાં પડ્યો. તે અનુસાર સરકારી અધિકારીઓએ ખેડૂત, જમીનદાર તથા જમીન સાથે હિત ધરાવનાર અન્ય વ્યક્તિઓના અધિકારો અને જમીનના દરેક એકમ પર આકારાએલી મહેસૂલી રકમની સરકારી દફતરોમાં

સ્પષ્ટ રીતે નોંધણી કરવાની હતી. ગવર્નર જનરલે સ્પષ્ટ આદેશ આપ્યો હતો કે ''દરેક ગામમાં પ્રચલિત અને દરેક ખેતરમાં અમલી એવા (જમીન) ભાડાના દર અને તેની ચુકવણીની પદ્ધતિને વિગતવાર નિશ્ચિત કરવાની જરૂર છે. આ બાબતે કોઈ પણ પ્રકારની ઊણપ એ અસામાન્ય રીતે અધૂરી વ્યવસ્થા ગણાવી જોઈએ.''

વાસ્તવમાં આ કાયદા અને સૂચનોનો સંપૂર્ણ અમલ શક્ય ન હતો. મહેસૂલની આકારણી મહદ્ અંશે અચોક્કસ રહેતી. કલેક્ટરો સરકારી મહેસૂલમાં વધારો કરવા માટે તેમાં સતત ફેરફારો કરતા રહેતા. નવી મહાલવારી વ્યવસ્થાએ ગ્રામીણ ખેડૂત સમુદાયોને સહાય કરવાને બદલે તેમના પર આકરા કરવેરા નાખી તેમને પાયમાલ કરી નાખ્યા. સન 1833માં જમીન અંગેના અધિકારો અને કરવેરાની વસૂલાત અંગેના હેવાલો તૈયાર કરવાનું તથા તેનું નિયમન કરવાના પ્રયાસો પડતા મૂકવામાં આવ્યા. દરેક ગામ રાજ્યને જેટલું મહેસૂલ ભરી શકે તેના અંદાજી આંકડા તૈયાર કરવાનું કાર્ય પૂરતું ગણવામાં આવ્યું. વખત જતાં ગણોતિયાઓ જમીનના માલિકોને જે ગણોત (ભાડું) ચૂકવે તેને આધારે આ અંદાજો તૈયાર કરવાની પ્રથા વિકસી. મહેસૂલી અધિકારીઓ આ ગણોતને આધારે ગામ કે મહાલની સમગ્ર જમીનની ઊપજ ગણી કાઢતા. તેનો નિશ્ચિત ભાગ - પાછળથી 50 ટકા સરકારમાં જમા કરાવવાનો રહેતો. સમગ્ર પ્રક્રિયા મોટે ભાગે અંદાજ પર આધારિત હતી. વિદેશી શાસકોને હાથે આ અંદાજ સ્વાભાવિક રીતે જ ઊંચો રહેવા સર્જાયેલો હતો, કે જેથી સરકારને વધુ ને વધુ આવક મળતી રહે.

### 15.5.2 મહાલવારી પ્રથાની અસરો (Effects of Mahalwari Settlement)

આ વ્યવસ્થાની સીધી અસર એ પડી કે મોટા તાલુકદારોના અંકુશ હેઠળ રહેલી જમીનમાં ઘટાડો થયો. બ્રિટિશ અમલદારોએ બને ત્યાં સુધી ગામડાના જમીનદારો સાથે સીધી સમજૂતીઓ કરવાનું પસંદ કર્યું. એટલું જ નહિ પરંતુ તાલુકદારોએ જ્યારે તેમની સામે અદાલતી કાર્યવાહી શરૂ કરી ત્યારે આવા સ્થાનિક જમીનદારોને તેમની વિરુદ્ધ સમર્થન આપ્યું. અલબત્ત, તેની પાછળનો એકમાત્ર આશય વધુ મહેસૂલ પ્રાપ્ત કરવાનો હતો. નાના જમીનમાલિકોને તાલુકદારોના વર્ચસ્વમાંથી એ માટે મુક્ત કરવામાં આવ્યા હતા કે જેથી તેઓ સરકારનાં કરવેરાના ધોરણોનો સ્વીકાર કરે. મોટે ભાગે આ પદ્ધતિનું પરિણામ પણ ગ્રામીણ જમીનદારોની પાયમાલીમાં આવ્યું. અલીગઢના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રવર્તતી સ્થિતિ અંગે એક અધિકારીએ નોંધ્યું છે કે, ''સૌપ્રથમ તો જમા (જમીન-મહેસૂલ) ઘણું ભારે રહેતું. માલગુજારી ભરનારાઓએ તેમની સ્થિતિમાં સુધારો થવાની કે તેમના પર લાદવામાં આવેલ બોજો ઉઠાવી શકવાની તમામ આશા છોડી દીધી હતી. તેઓ ભારે દેવામાં ડૂબી ગયા હતા. (તે સાથે) તેમની ચડી ગયેલી રકમ ભરવાનો ઇનકાર કરવા અસમર્થ હતા.''

આ સંજોગોમાં ખેડૂતોની જમીનો વેપારીઓ અને શરાફોના હાથમાં વેચાવા લાગી. તેમણે જૂના જમીનમાલિક એવા ખેડૂતોને જમીન પરથી હાંકી કાઢ્યા - અથવા તેમને ગણોતિયા બનાવી દીધા. જ્યાં ખેતીનું વધારે પ્રમાણમાં વ્યાપારીકરણ થયું હતું. તેવા વિસ્તારોમાં આ સ્થિતિ વધુ પ્રમાણમાં સર્જાઈ. જ્યાં મહેસૂલના ઊંચા દર પ્રચલિત હતા ત્યાં જમીનમાલિકો વધુ મુશ્કેલીમાં મુકાયા હતા. વળી, 1833 પછી વ્યાપાર તથા નિકાસમાં આવેલી મંદીએ આ સ્થિતિને વધુ વણસાવી. સરકાર મહેસૂલ ન ભરનારા જમીનમાલિકોની જમીનો જપ્ત કરી લેતી પણ 1840 પછી એવી સ્થિતિ સર્જાઈ હતી કે આવી જપ્ત કરેલી જમીનો ખરીદી ખોટનો ધંધો કરવા કોઈ તૈયાર ન હતું. કરવેરાઓનું પ્રમાણ એટલું વધારે હતું કે ખેડૂતને ઊપજમાંથી કોઈ નફો મળે તેવી આશા રહેતી નહિ. આથી ઉત્તર ભારતમાં મહાલવારી વ્યવસ્થાના અમલને પરિણામે 1830 અને 1840ના દાયકા દરમિયાન એકંદરે ખેડૂતવર્ગ પાયમાલ થયો. તેમણે મોટા પાયે જમીનો ગુમાવી. આ વર્ગમાં જન્મેલા અસંતોષના પડઘા 1857ના વિપ્લવમાં પડ્યા. આ વખતે ઉત્તર ભારતમાં ગામલોકો અને તાલુકદારોએ સરકારી અમલદારોને હાંકી કાઢી અદાલતી તથા સરકારી દફતરોનો નાશ કર્યો. હરાજીમાંથી જમીન ખરીદી માલિક બની જનારા નવા જમીનમાલિકોને પણ વિપ્લવી ગામોએ હાંકી કાઢ્યા.

## 15.6 સારાંશ (Conclusion)

પ્રસ્તુત એકમમાં આપણે બ્રિટિશ સરકાર દ્વારા અમલમાં મુકાયેલી ત્રણ મુખ્ય મહેસૂલી પદ્ધતિઓનો પરિચય મેળવ્યો. જે નવા પ્રદેશો બ્રિટિશ શાસન નીચે આવ્યા ત્યાં મહદ્ અંશે રૈયતવારી કે મહાલવારીને મળતી વ્યવસ્થા દાખલ કરવામાં આવી. પંજાબમાં મહાલવારી વ્યવસ્થા દાખલ કરવામાં આવી, જ્યારે મધ્ય ભારતમાં તેના થોડાક સુધારેલા સ્વરૂપની માલગુજારી વ્યવસ્થાનો અમલ કરવામાં આવ્યો. સન 1857ના વિપ્લવ પછી સરકારે અવધમાં તાલુકદારોનો જમીનમાલિકો તરીકે સ્વીકાર કર્યો કે જેથી ભવિષ્યના કોઈ પણ વિદ્રોહમાં તેઓ સરકારને સમર્થન આપે. ત્યાંની આકારણી મહાલવારી ધોરણે કરવામાં આવી.

સમગ્ર ચર્ચામાં એક મુદ્દો સ્પષ્ટ છે કે જમીન-મહેસૂલની મોટી રકમની વસૂલાત એ બાબત હિંદમાં બ્રિટિશ સરકારની નીતિમાં કેન્દ્રસ્થાને હતી. આમાંથી ક્યારેક જમીનના ખરીદ-વેચાણની પ્રક્રિયા શરૂ થઈ તો ક્યારેક સરકારી કરવેરાના દર એટલા ઊંચા હતા કે જમીન ખરીદવા કોઈ તૈયાર ન હતું. હિંદનો વહીવટ

ચલાવવા માટે તથા બ્રિટનમાં ગોઠવાયેલા ભારતીય વહીવટ માટે ખર્ચવા પડતાં નાણાંની રકમ એટલી મોટી હતી કે સરકારે મહેસૂલ વધાર્યા વિના છૂટકો ન હતો. આમ, સરકારી વહીવટીતંત્રનો અમર્યાદ ખર્ચ, તે માટે મોટા પાયે મહેસૂલી વસૂલાત ફલસ્વરૂપે ખેડૂતો પર આકરા કરવેરા અને તેમની બેહાલી એ ભારતીય બ્રિટિશ શાસકોની મહેસૂલી નીતિનાં મુખ્ય લક્ષણો હતાં. આ સાથે સંકળાયેલા અન્ય મુદ્દાઓની ચર્ચા ખેતીના વ્યાપારીકરણને લગતા એકમ નં. 16માં કરીશું.

**તમારી પ્રગતિ ચકાસો - 2**

1. કાયમી જમાબંધી અને રૈયતવારી વ્યવસ્થા વચ્ચેનો તફાવત દર્શાવો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

2. મહાલવારી વ્યવસ્થા રૈયતવારી વ્યવસ્થા કરતાં કઈ રીતે જુદી પડતી હતી ?

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

3. મહાલવારી વ્યવસ્થાની ગ્રામીણ અર્થતંત્ર પર પડેલી અસરો તપાસો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

4. કંપની સરકારની મહેસૂલી નીતિએ જમીનનાં બજારો પર કેવી અસરો જન્માવી ?

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

## 15.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો - 1**

1. વિભાગ 15.1 જુઓ.
2. વિભાગ 15.2 જુઓ.
3. પેટા વિભાગ 15.2.2 જુઓ.
4. વિભાગ 15.1 જુઓ.
5. વિભાગ 15.3 જુઓ.

**તમારી પ્રગતિ ચકાસો - 2**

1. વિભાગ 15.4 જુઓ.
2. વિભાગ 15.5 જુઓ.
3. પેટા વિભાગ 15.5.2 જુઓ.
4. વિભાગ 15.6 જુઓ.

## 15.8 ચાવીરૂપ શબ્દો (Key-words)

**કાયમી જમાબંધી :** ખેતજમીનનો સૌથી વધુ ભાવ આપનારને 10 થી 15 વર્ષ માટે જમીનમાલિકીનો સરકાર તરફથી અપાયેલ હક. તેમાં જમીન-મહેસૂલનું નિશ્ચિત ધોરણ.

**રૈયતવારી પ્રથા :** સરકાર તરફથી ખેડૂતો પાસેથી વચેટિયા વગર વસૂલ કરાતા જમીન-મહેસૂલવાળી પ્રથા.

**મહાલવારી પ્રથા :** મહાલ કે ગામડામાંથી સામુદાયિક રીતે વસૂલ કરાતા મહેસૂલવાળી સરકારી પ્રથા.

# એકમ : 16 ખેતીનું વ્યાપારીકરણ (The Commercialization of Agriculture)

## રૂપરેખા


16.0 હેતુઓ અને પ્રસ્તાવના

16.1 વ્યાપારીકરણનો વ્યાપ અને પ્રકારો

16.2 બ્રિટિશ શાસન પૂર્વે વ્યાપારીકરણ

16.3 બ્રિટિશ શાસન હેઠળ વ્યાપારીકરણ

- 16.3.1 કંપનીના ઉદેશો
- 16.3.2 આ ઉદેશોના સૂચિતાર્થો
- 16.3.3 નિકાસલક્ષી વ્યાપારની ખેતીક્ષેત્રે અસર
- 16.3.4 વ્યાપારી પાકોની પસંદગી

16.4 વ્યાપારી પાક

- 16.4.1 કાચું રેશમ
- 16.4.2 અફીણ
- 16.4.3 ગળી
- 16.4.4 કપાસ
- 16.4.5 મરી
- 16.4.6 ખાંડ
- 16.4.7 ચા

16.5 વ્યાપારીકરણની અસરો

- 16.5.1 આર્થિક પાયમાલી
- 16.5.2 અસ્થિરતા
- 16.5.3 મુક્ત બજારોનો રૂંધાયેલો વિકાસ
- 16.5.4 સામાજિક માળખા પર પડેલી અસરો

16.6 સારાંશ

16.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

16.8 મહત્ત્વના શબ્દો


## 16.0 હેતુઓ અને પ્રસ્તાવના (Objective and Introduction)

આપણે સૌ બજારથી પરિચિત છીએ. કોઈ ને કોઈ વસ્તુની ખરીદી કે વેચાણ અર્થે આપણે બજારના સંપર્કમાં આવવું પડે છે. બજાર એ વ્યાપારી અર્થતંત્રમાં કેન્દ્રસ્થાન ધરાવે છે. તમામ નાનીમોટી, સામાન્ય તથા અસામાન્ય વસ્તુઓ તથા જરૂરિયાતોની પૂર્તિ બજાર દ્વારા કરી શકાય છે. સ્થૂળ વપરાશી વસ્તુઓથી માંડીને માનવ-કૌશલ્ય, સેવા તથા માનવશ્રમની પણ બજારમાં લે-વેચ થાય છે. વ્યાપારીકરણ પામેલા અર્થતંત્રમાં બજાર તમામ આર્થિક પ્રવૃત્તિઓનું નિયમન કરે છે. બજારમાં વ્યક્તિ સસ્તામાં સસ્તી કિંમતે પોતાને જરૂરી વસ્તુ કે સેવા ખરીદવા ઇચ્છે છે અને ઊંચામાં ઊંચા ભાવે તેને વેચવા માંગે છે. બજારતંત્ર એ આધુનિક યુગની લાક્ષણિકતા છે. માનવીની જરૂરિયાતોના વ્યાપારીકરણને કારણે તેનો વિકાસ થયો છે. આ એકમમાં આપણે વ્યાપારીકરણ એટલે શું ? ભારતમાં ખેતીક્ષેત્રે આ પ્રક્રિયાનો પ્રારંભ કેવી રીતે થયો ? બ્રિટિશ શાસનપૂર્વે તેનું સ્વરૂપ કેવું હતું ? બ્રિટિશ શાસનની તેના પર કેવી અસરો પડી ? ભારતીય અર્થવ્યવસ્થા અને ખેડૂત સમુદાય પર તેનો શો પ્રભાવ પડ્યો ? વગેરે મુદ્દાઓની ચર્ચા કરીશું.

## 16.1 વ્યાપારીકરણનો વ્યાપ અને પ્રકારો (The Range and types of Commercialization)

અત્યારે આપણે બજારોને જ રીતે જોઈએ છીએ તે રીતે તે શરૂઆતથી જ અસ્તિત્વમાં આવ્યાં ન હતાં. માનવસમાજમાં બજારોનો ઉદ્ભવ પ્રમાણમાં થોડો મોડો થયો છે. ભૂતકાળમાં ડોકિયું કરતાં જણાશે કે આજે બજારમાં સામાન્ય જણાતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ઉત્પાદન, વહેંચણી અને વપરાશની પ્રવૃત્તિ; ખરીદ-વેચાણ વગેરે જ્યારે બજારો કે નાણાંનું અસ્તિત્વ ન હતું, ત્યારે પણ ઘણા સમાજોમાં ચાલતી હતી. માનવીને વિવિધ ચીજવસ્તુઓની જરૂર પડતી ગઈ તેમતેમ તેના ખરીદ-વેચાણની પ્રવૃત્તિ વધતી ગઈ. તેમાંથી બજારતંત્રનો વિકાસ થયો. ચીજવસ્તુઓના વેપાર અને બજારતંત્રના વિકાસની આ પ્રક્રિયાને વ્યાપારીકરણની પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રક્રિયા ઘણી ધીમી હોય છે. બધી જ જરૂરિયાતો, સેવાઓ કે કૌશલ સીધેસીધી અને તુર્ત જ બજારમાં ખરીદ-વેચાણ માટે આવતી નથી. સમયના વિભિન્ન તબક્કે જુદાજુદા સમાજોમાં આ વસ્તુઓ અને સેવાઓ બજારમાં પ્રવેશે છે. આજે

પણ ઘણી બધી જરૂરિયાતો બજારમાંથી તથા બજારના માધ્યમ વગર પૂરી કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે આદિવાસીઓ ગુંદર, લાખ, મધ જેવી વસ્તુઓ બજારમાં વેચે છે. તે સાથે તેલ, મરચું, લોખંડ વગેરે ત્યાંથી ખરીદે છે પરંતુ બીજી ઘણી ચીજવસ્તુઓનું બજારમાં ખરીદ-વેચાણ કરતા નથી.

આ રીતે ખેતીક્ષેત્રે પણ વ્યાપારીકરણનો પ્રારંભ થયો ત્યારે જુદીજુદી વસ્તુઓનાં બજાર અસ્તિત્વમાં આવ્યાં. આ બજારોના વ્યાપ તથા તેના પ્રકારો વિશે કેટલીક માહિતી મેળવીશું.

(1) **ઉત્પાદનનાં બજારો :** ઘઉં, ચોખા, ઊન, ઘી જેવી ખેતીક્ષેત્રે ઉત્પાદિત થતી ચીજવસ્તુઓનાં બજારો.

(2) **વપરાશી સામગ્રીનાં બજારો :** ખેતીક્ષેત્રે વપરાતાં ખાતર, બિયારણ, ઓજારો, બળદ વગેરેને લગતાં બજારો.

(3) **શ્રમબજાર :** ખેતીના કાર્યમાં શ્રમની જરૂર વધતાં ભાડૂતી મજૂરોની સેવા લેવાની શરૂ થતાં અસ્તિત્વમાં આવેલું બજાર.

(4) **જમીનનાં બજાર :** જમીનનું ઉત્પાદકીય મૂલ્ય વધતાં ખેડૂતો દ્વારા જમીનની ખરીદી, વેચાણ, ગીરો તથા ભાડે રાખવાની પ્રવૃત્તિ શરૂ થતાં અસ્તિત્વમાં આવેલું બજાર.

(5) **નાણાબજાર :** વ્યાપારીકરણ વધતાં ખેડૂતોને જુદાજુદા સમયે ઊભી થતી નાણાકીય જરૂરિયાતો પૂર્ણ કરવા અર્થે નાણાબજાર અસ્તિત્વમાં આવ્યું. જમીન, ખાતર, બિયારણ વગેરેની ખરીદી માટે ખેડૂતોને ધિરાણની જરૂર પડે. તે માટે તેઓ નાણાબજારમાંથી વિવિધ માધ્યમો પાસેથી નાણાં પ્રાપ્ત કરે, બદલામાં વ્યાજ ચૂકવે. આ પ્રકારની પ્રવૃત્તિ ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા નાણાબજારમાં જોવા મળે છે.

વિકસિત અર્થતંત્રોનાં બજારોમાં આ સિવાય પણ ઘણી આર્થિક પ્રવૃત્તિઓ ચાલતી હોય છે. પરંતુ આપણા અભ્યાસના સંદર્ભમાં તેની વિગતોમાં ઊતરવાની જરૂર નથી.

ઉપર જોયું તેમ ખેતીક્ષેત્રે વિભિન્ન પ્રકારનાં બજારો હોય છે. અલબત્ત તમામ પ્રકારનાં બજારો એક જ સ્થળે પ્રવૃત્ત હોય તેવું પણ નથી. કેટલેક સ્થળે અમુક બજારોનું અસ્તિત્વ હોય છે, જ્યારે બીજે સ્થળે બીજા પ્રકારનાં બજારો પણ અસ્તિત્વ ધરાવે છે. ઉદાહરણ તરીકે ખેતીના સંદર્ભમાં જોઈએ તો નાના ગામડામાં જમીન, ઉત્પાદન કે શ્રમબજાર હોય પણ વપરાશી સામગ્રીનું બજાર ન પણ હોય. તે જ રીતે કસ્બા અને શહેરોમાં ઉત્પાદન, વપરાશી, નાણાબજારની સાથે શ્રમબજાર કે જમીનના બજાર ન હોય તેવું બની શકે. જૂના સમયમાં ગ્રામીણ સમુદાયોમાં જમીનની માલિકી વંશપરંપરાગત અધિકારો પર આધારિત હતી ત્યારે જમીનનું ખરીદ-વેચાણ શક્ય ન હતું પરિણામે જમીનબજાર પણ અસ્તિત્વમાં ન હતું. કેટલીક વખત ખેતપેદાશનો કેટલોક હિસ્સો બજારના કાર્યક્ષેત્રમાં આવે અને કેટલોક હિસ્સો બજારના કાર્યક્ષેત્રમાં ન આવે તેવું પણ બને. દા.ત., ખેડૂત અનાજનો જે હિસ્સો વેચાણ માટે બજારમાં મૂકે તે ઉત્પાદન બજારના કાર્યક્ષેત્રમાં આવે પરંતુ તેનો કેટલોક ભાગ ગામના પૂજારી કે કારીગરોને આપે ત્યારે તે બજારના કાર્યક્ષેત્રની બહાર આવી જાય છે. આમ, બજારનો ઉદ્ભવ એ કોઈ આકસ્મિક કે નાટકીય ઘટના નથી પરંતુ ક્રમશઃ અસ્તિત્વમાં આવેલી એક વ્યવસ્થા છે.

## 16.2 બ્રિટિશ શાસનપૂર્વે વ્યાપારીકરણ (Commercialization Before the British)

ભારતમાં બજારવ્યવસ્થા પ્રાચીન સમયથી પ્રચલિત હતી. બજારમાં ખેતપેદાશોનું ખરીદ-વેચાણ થતું હતું. મુઘલ સામ્રાજ્યમાં જમીન-મહેસૂલ મહદ્ અંશે રોકડના રૂપમાં ઉઘરાવાતું. આ માટે ખેડૂતો પોતાના ઉત્પાદનને બજારમાં લાવીને વેચતા હતા. તેમાંથી પ્રાપ્ત થયેલાં નાણાંમાંથી તેઓ મહેસૂલ ભરતા. એક અંદાજ મુજબ આ રીતે તેમની ખેતપેદાશના પચાસ ટકા જેટલા હિસ્સાનું વેચાણ થતું. આમ, દરેક વ્યક્તિ ખરીદાર કે વેચનાર કે બંને ભૂમિકામાં બજાર સાથે સંકળાયેલ હતી. તે ઉપરાંત વિશિષ્ટ ધંધાઓ સાથે સંકળાયેલા વેપારીઓ, શરાફો અને દલાલોનો એક વર્ગ પણ તે સમયે અસ્તિત્વ ધરાવતો હતો. તે સમયે જમીનમાલિકીના હકોનું ખરીદ-વેચાણ થતું હોવાનાં ઉદાહરણો પણ જોવા મળે છે. અઢારમી સદીમાં મુઘલ સામ્રાજ્યનું પતન થયું. તે પછી અનેક નાનામોટાં રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં. આ રાજ્યોએ પણ મુઘલોની જેમ જ રોકડમાં મહેસૂલ ઉઘરાવવાની પ્રથા ચાલુ રાખી. પરિણામે ખેતીમાં વ્યાપારી પ્રવૃત્તિ ચાલુ રહી.

## 16.3 બ્રિટિશ શાસન હેઠળ વ્યાપારીકરણ (Commercialization Under the British)

મુઘલ સત્તાની અવનતિનો લાભ જે નવોદિત સત્તાઓએ લીધો તેમાં બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની મુખ્ય હતી. તેણે દક્ષિણ ભારત, બંગાળ, બિહાર તથા ઓરિસ્સાના સમૃદ્ધ પ્રદેશો પર પોતાની હકૂમત સ્થાપી. આ પ્રદેશો ખેતી, વ્યાપાર અને ઉદ્યોગોની દૃષ્ટિએ ભારે સમૃદ્ધ હતા. કંપની તથા તેના નોકરોએ લશ્કરી

વિજયો દ્વારા પોતાની સમૃદ્ધિમાં વધારો કરવાના પ્રયાસો કર્યા. આ માટે તેમણે જે રીતરસમો અપનાવી તેની ફલશ્રુતિ રૂપે તેમની હકૂમત નીચેના પ્રદેશોમાં વિશિષ્ટ પ્રકારના વ્યાપારીકરણનો ઉદય થયો. વ્યાપારીકરણની આ ઘટનાને સમજવા માટે સૌપ્રથમ આપણે આ નવી સત્તાના સ્વરૂપને સમજવું પડશે. વાસ્તવમાં કંપની એ એક વ્યાપારી પેઢી હતી. બ્રિટિશ સરકારે આ પેઢીને ભારતસહિત પૂર્વના દેશો સાથે વ્યાપાર કરવાનો ઇજારો આપ્યો હતો. પરિણામે તેના આશયો ભારતીય શાસકો કે નાદીરશાહ જેવા વિદેશી આક્રમકો કરતાં ભિન્ન હતા, જે નીચેની ચર્ચાને આધારે સમજી શકાશે.

### 16.3.1 કંપનીના ઉદ્દેશો (The Company's Aims)

કંપનીનો મુખ્ય ઉદ્દેશ યુરોપમાં વેચાણ અર્થે ત્યાં જેની વ્યાપક માંગ હતી તેવી ભારતીય ચીજવસ્તુઓ પ્રાપ્ત કરવાનો હતો. ભારતમાં કંપની જે ખરીદી કરે તેના બદલામાં તેણે ભારતીય વેપારીઓને તેની કિંમત ચૂકવવી પડતી. આ ચુકવણી બે રીતે થઈ શકે. કાં તો જેટલી કિંમતનો માલસામાન ખરીદ્યો હોય તેના બદલમાં તેટલી કિંમતની ચીજવસ્તુઓ બ્રિટનથી લાવી ભારતીયોને આપે અથવા તો સોના-ચાંદીના રૂપમાં તેની ચુકવણી કરે. શરૂઆતમાં બ્રિટનની કોઈ ચીજવસ્તુની ભારતમાં ખાસ માંગ ન હોવાને કારણે કંપનીએ ખરીદીની ચુકવણી માટે મોટા પાયે સોનું-ચાંદી બ્રિટનથી આયાત કરવું પડતું હતું. બંગાળના વિજય પછી કંપનીને લાગ્યું કે તેણે હવે ઇંગ્લૅન્ડથી સોના-ચાંદીની આયાત કરવી નહિ પડે. પોતાની સત્તા હેઠળના પ્રદેશોમાંથી મહેસૂલ તથા અન્ય કરવેરારૂપે જે રકમ પ્રાપ્ત થશે તેમાંથી વહીવટી ખર્ચને બાદ કરતાં વધેલાં નાણાંને તે સ્થાનિક ખરીદીમાં રોકી શકશે. બીજા શબ્દોમાં કહીએ તો ભારતના પરાજિત પ્રદેશો હવે નાણાંને બદલે ચીજવસ્તુઓના બદલામાં ઇંગ્લૅન્ડને એક પ્રકારની ખંડણી આપી રહ્યા હતા અને કંપની પોતાની રાજકીય સત્તાનો ઉપયોગ વ્યાપારી નફા માટે કરી રહી હતી.

### 16.3.2 આ ઉદ્દેશના સૂચિતાર્થો (Implication of These Aims)

પોતાના ઉપર્યુક્ત હેતુઓ સિદ્ધ કરવા માટે કંપનીએ બે બાબતોનું ધ્યાન રાખવાનું હતું :

(i) કંપનીએ ભારતમાં એ પ્રમાણે કરવેરા ઉઘરાવવાના હતા કે જેથી તેના લશ્કરી અને વહીવટી ખર્ચને બાદ કરતાં પોતાના વેપાર માટે જરૂરી નાણાં તેમાંથી ફાજલ પાડી શકાય અને

(ii) પશ્ચિમના દેશોમાં જે ભારતીય ચીજવસ્તુઓની માંગ હતી તેનું ભારતમાં નીચા દરે ઉત્પાદન થવું જોઈએ, જેથી ફાજલ પડેલી મહેસૂલી રકમમાંથી તેની ખરીદી શક્ય બને. તે રીતે ભારતનો મહેસૂલી અધિશેષ (વહીવટી ખર્ચ બાદ કરતાં વધેલી મહેસૂલી રકમ) ચીજ-વસ્તુઓના રૂપમાં બ્રિટનમાં સ્થાનાંતરિત કરી શકાય.

ઈ.સ. 1765માં કંપનીએ બંગાળની દીવાની પ્રાપ્ત કરી તે પછી તરત જ લંડન સ્થિત તેના સંચાલકોએ ભારત ખાતેના તેના કર્મચારીઓને કંપનીના શાસન હેઠળના પ્રદેશોની વાર્ષિક ઊપજની માહિતી એકઠી કરવા ઘનિષ્ઠ પ્રયાસો કરવા તથા કંપનીનું 'રોકાણ' શક્ય તેટલું વધારવાના ઉપાયો શોધવા ખાસ સૂચના આપી હતી. અહીં 'રોકાણ'નો અર્થ સ્પષ્ટ રીતે કંપનીના મહેસૂલી અધિશેષનું યુરોપમાં નિકાસ માટે જરૂરી વ્યાપારી ચીજવસ્તુઓની ખરીદીમાં થયેલું 'રોકાણ' એવો થતો હતો. વીસ વર્ષ પછી ગવર્નર જનરલ લૉર્ડ કોર્નવૉલિસે આ જ ધ્યેયને નજર સમક્ષ રાખીને નોંધ્યું હતું કે, બ્રિટનને માટે બંગાળનું મૂલ્ય તે ''યુરોપમાં થતી નિકાસમાં વર્ષોવર્ષ થતા રોકાણનું સાતત્ય કેટલા પ્રમાણમાં જાળવી રાખે છે તેમાં રહેલું છે.''

કંપનીના ઉપર જણાવેલા બે હેતુઓમાંથી મહેસૂલી નીતિને સ્પર્શતા મુદ્દાની ચર્ચા આપણે પંદરમા એકમમાં કરી છે. આ એકમમાં આપણે કંપનીએ પોતાનો બીજો હેતુ સિદ્ધ કરવા માટે કેવા પ્રકારની નીતિ અપનાવી તેની ચર્ચા કરીશું. ભારતમાં પોતાનું વ્યાપારી 'રોકાણ' વધારવા માટે તથા તેને નફાકારક બનાવવા માટે કેવા પ્રકારની ખેતપેદાશને ઉત્તેજન આપવા પ્રયાસો કર્યા તે તપાસીશું.

### 16.3.3 નિકાસલક્ષી વ્યાપારની ખેતીક્ષેત્રે પડેલી અસરો (Effect of the Export Trade on Agriculture)

પરંપરાગત પદ્ધતિ પ્રમાણે ભારતીય શાસકો દ્વારા ઉઘરાવાતી મહેસૂલની રકમ એક યા બીજા રૂપે સ્થાનિક સ્તરે જ પુનઃ વહેંચાઈ જતી, જેથી વિદેશવેપારની ખેતીક્ષેત્રે ખાસ કોઈ અસર પડી ન હતી. વિદેશોમાં નિકાસ થતી વસ્તુઓમાં મોટે ભાગે ભારતીય હસ્તકળા અને ગ્રામોદ્યોગો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓનો સમાવેશ થતો હતો. શરૂઆતમાં અંગ્રેજોએ પણ સુતરાઉ કાપડ જેવી ભારતીય બનાવટોની પશ્ચિમમાં નિકાસ કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. પરંતુ અઢારમી સદીના ઉત્તરાર્ધમાં ઇંગ્લૅન્ડમાં થયેલા ઔદ્યોગિકીકરણને પરિણામે ભારતના કાપડઉદ્યોગ સામે એક મોટા હરીફનો ઉદય થયો. બ્રિટનમાં શરૂ થયેલી કાપડની મિલોને માટે ભારતીય બનાવટોની સ્પર્ધા કરવી મુશ્કેલ જણાતી હતી. પરિણામે 1780ના દાયકામાં તેમણે ઈસ્ટ ઇન્ડિયા કંપની ભારતીય કાપડની આયાત કરી તેમનાં તથા રાષ્ટ્રીય હિતોને નુકસાન કરે છે તેવો આક્ષેપ કરી આંદોલન શરૂ કર્યું.

આ સંજોગોમાં કંપનીની લાગ્યું કે તે ભારતમાંથી ઇંગ્લૅન્ડમાં જે વસ્તુઓની આયાત કરે છે તેનું સ્વરૂપ

બદલવું પડશે. આ માટે ખેતપેદાશો વધારે સલામત હતી. કારણ કે તે બ્રિટિશ ઉત્પાદનની સામે સ્પર્ધા કરે તેમ ન હતી અને બીજું તેના ઉદ્યોગો માટે કાચા માલની ગરજ સારે તેમ હતી. 1770ના દાયકા દરમિયાન રેશમની બાબતમાં આ નીતિ અપનાવવામાં આવી. બ્રિટિશ ઉદ્યોગોના વિકાસની સાથે આ પ્રકારની આયાતનીતિનો પણ વિકાસ થયો. વળી, 1780ના દાયકામાં ભારતમાંથી થતી મહેસૂલી આવકના વધારાના હિસ્સાને ચીન દ્વારા બ્રિટન પહોંચાડવાનો નવો કિમિયો શરૂ થયો. બ્રિટન ચીનમાંથી મોટા પાયે ચાની ખરીદી કરતું હતું. બદલામાં ચીનને પશ્ચિમની કોઈ પેદાશની ખાસ જરૂર ન હતી. આથી બ્રિટને ચાની ખરીદીની ચુકવણી ચાંદીના રૂપે કરવી પડતી હતી, પરંતુ ચીન ભારત પાસેથી હાથીદાંત, રૂ અને પાછળથી અફીણ જેવી ચીજોની ખરીદી કરતું હતું. ભારતમાં પોતાની રાજકીય સત્તાનો દુરુપયોગ કરી ભારતના ચીન સાથેના વેપારનો અંકુશ પોતાના હાથમાં લઈ ભારતની વધારાની મહેસૂલી આવકમાંથી ચીનમાં નિકાસ કરાતી ચીજવસ્તુઓ ખરીદવી, આ વસ્તુઓને ચીનમાં વેચી બદલામાં ચા મેળવવી અને એ રીતે ચીનને આપવી પડતી ચાંદીનો બચાવ કરવો તેવી પદ્ધતિનો અમલ કરવામાં આવ્યો. વેપારની આ પદ્ધતિ 'ત્રિકોણીય વ્યાપાર' તરીકે ઓળખાઈ, જેમાં વ્યાપારના ત્રણ કેન્દ્રો હતાં. કલકત્તા, કેન્ટોન અને લંડન. આ વ્યાપારમાં મૂડી પહેલા બે કેન્દ્રોમાંથી પસાર થઈ છેલ્લે ત્રીજા કેન્દ્રમાં કંપનીની તિજોરીમાં જમા થતી હતી. ટૂંકમાં, એમ કહી શકાય કે ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં એવી રીતે ખેતીનું વ્યાપારીકરણ કરવા પ્રયાસ કર્યો હતો કે જેથી ચીન અને પશ્ચિમનાં બજારોમાં જરૂરી ચીજવસ્તુઓ ભારતમાંથી પૂરી પાડી શકાય.

### 16.3.4 વ્યાપારી પાકોની પસંદગી (The Selection of the Commercial Crops)

ભારતમાં જે વ્યાપારી પાકો પર કંપનીએ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું તેમાં મુખ્યત્વે ગળી, રૂ, કાચું રેશમ, અફીણ અને મરીનો સમાવેશ થતો હતો. ઓગણીસમી સદી દરમિયાન તેમાં ચા અને ખાંડનો ઉમેરો થયો. આમાંથી કાચા રેશમનો ઉપયોગ બ્રિટિશ વણકરો દ્વારા થતો હતો. બ્રિટનમાં તેનું ઉત્પાદન શક્ય ન હતું. તેવું જ રૂની બાબતમાં હતું. વળી, રૂનું વેચાણ ચીનમાં પણ કરી શકાય તેમ હતું. ચીને અફીણ પર પ્રતિબંધ લાદ્યો હતો. આમ છતાં દાણચોરી દ્વારા ચીન સાથે તેનો ગેરકાયદે વેપાર ચાલતો હતો. યુરોપના સુતરાઉ કાપડના ઉદ્યોગમાં ભારતીય ગળીની ભારે માંગ હતી. ચા માટે ચીન પરની નિર્ભરતામાંથી મુક્ત થવા માટે 1840ના દાયકામાં આસામમાં ચાનું વાવેતર શરૂ કરાયું. આ કારણે ચા ના પુરવઠા પર પણ બ્રિટનનો અંકુશ સ્થપાયો, અત્રે ખાસ નોંધપાત્ર બાબત એ હતી કે આમાંની કોઈ ચીજવસ્તુ બ્રિટિશ ઉત્પાદનની સ્પર્ધા કરે કે તેનો વિકલ્પ બની શકે તેમ ન હતી. વળી, કદ અને જથ્થાની દૃષ્ટિએ તે વધારે કીમતી હતી. બીજા શબ્દોમાં કહીએ તો દર કિલોગ્રામે કે દર ઘનમીટરે તેની કિંમત અન્ય ચીજવસ્તુઓના પ્રમાણમાં ઘણી ઊંચી હતી. આ સમયે બધા વેપારી માલની જમીન માર્ગે ગાડાં દ્વારા અને દરિયાઈ માર્ગે વહાણો દ્વારા હેરફેર થતી હતી. વળી, ભારતથી યુરોપ પહોંચતા એક વહાણને ચાર માસથી વધુ સમય લાગતો. આધુનિક માલવાહક જહાજો કરતાં તેઓ ઘણા ઓછા માલની હેરફેર કરી શકતા. પરિણામે વાહનવ્યવહારનો ખર્ચ ઘણો વધારે રહેતો. આથી ભારે અને વજનદાર વસ્તુઓની હેરફેરમાં વહાણભાડાનો ખર્ચ ઘણો વધારે આવે તેમ હતું. આથી આવી વસ્તુઓના વેપારમાં કંપનીને ખાસ નફો મળે નહિ તેવી સ્થિતિ હતી. આ કારણે નફાની દૃષ્ટિએ જેમાં વાહનવ્યવહારનું ખર્ચ ઓછું આવે તેવી હલકી વસ્તુઓનો વેપાર વધુ ફાયદાકારક હતો. આ દૃષ્ટિએ ઉપર્યુક્ત ખેતપેદાશો વધુ અનુકૂળ હતીં.

### તમારી પ્રગતિ ચકાસો - 1

1. વેપારી બજારોનો ઉદ્‌ભવ કેવી રીતે થયો ?

.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................

2. બ્રિટિશ કંપનીએ ભારતીય ખેતીનું વ્યાપારીકરણ કરવાની નીતિ શા માટે અપનાવી ?

.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................

3. કંપનીના શાસન નામે કયા વેપારી પાકોનું ઉત્પાદન વધ્યું ?

.............................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

4. કંપનીએ અમુક જ વેપારી પાકોનું ઉત્પાદન શા માટે વધાર્યું ?

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

## 16.4 વ્યાપારી પાકો (The Commercial Crops)

હવે આપણે કંપનીશાસન હેઠળ જે ખેતપેદાશો અથવા પાકોનું મોટા પાયે વ્યાપારીકરણ થયું તેની ચર્ચા કરીશું.

### 16.4.1 કાચું રેશમ (Raw Silk)

કંપની તેના શાસનની શરૂઆતથી જ કાચા રેશમમાં રસ ધરાવતી હતી. તે સમયે બ્રિટનમાં રેશમી કાપડના ઉત્પાદન માટેનું રેશમ સ્પેન અને ઇટાલીમાંથી આવતું હતું. ઈ.સ. 1770માં કંપનીના સંચાલકોને જણાયું કે જો બંગાળમાં થતા રેશમનું પદ્ધતિસર ઉત્પાદન કરવામાં આવે તો સ્પેન તથા ઇટાલી પર નિર્ભર રહેવાની જરૂર રહે નહિ. આ માટે રેશમના ઉત્પાદનના નિષ્ણાતોને ભારત મોકલવામાં આવ્યા. ભારતમાં રેશમના ઉત્પાદનની પદ્ધતિમાં સુધારો કરવા, તેનું ઉત્પાદન વધારવા તથા રેશમના કોશેટાઓમાંથી તાર કાંતવા માટેનાં કારખાનાંઓ ઊભાં કરવાની કામગીરી તેમને સોંપવામાં આવી. રેશમનું ઉત્પાદન વધે, તેનો ઉત્પાદન ખર્ચ ઘટે અને તેની પડતર કિંમત નીચી રહે તે માટે કંપનીના અમલદારો તથા ઉત્પાદનના કોન્ટ્રાક્ટરો દ્વારા કારીગરો પર અનેક પ્રકારના જુલમો ગુજારવામાં આવ્યા. ઓગણીસમી સદીના અંત સુધી ભારતમાંથી નિકાસ થતી વસ્તુઓમાં રેશમ મહત્ત્વનું સ્થાન ધરાવતું હતું.

### 16.4.2 અફીણ (Opium)

અગાઉ આપણે ચર્ચા કરી કે બ્રિટન ચીનમાંથી મોટા પ્રમાણમાં ચાની ખરીદી કરતું હતું. તેની કિંમત તેણે ચાંદીના રૂપમાં ચૂકવવી પડતી હતી. આ રીતે તેની સંપત્તિ ચીનમાં ઢસડાઈ જતી હતી. તેને રોકવા ચાંદીનો વિકલ્પ શોધવા માટે બ્રિટન ઉત્સુક હતું. આનો ઉકેલ તેને અફીણના વેપારમાં દેખાયો. અફીણ એ દારૂ તથા નિકોટીન જેવું કેફી દ્રવ્ય છે. વ્યક્તિ એક વખત તેના વ્યસનમાં ફસાયા પછી તેની કાયમી બંધાણી બની જાય છે. તેમાંથી છૂટવું તેને માટે અશક્ય બને છે. તે પ્રાપ્ત કરવા ગમે તેટલી ઊંચી કિંમત ચૂકવવા પણ તે તૈયાર થઈ જાય છે. બ્રિટનને ચીનમાં અફીણનો ગેરકાયદેસર વેપાર કરવાનો માર્ગ ફાયદાકારક જણાયો અને તેણે તેનો અમલ કર્યો.

ભારતમાં અફીણ ઘણા પ્રાચીન સમયથી ઉત્પન્ન થતું હતું તથા ઔષધ અને નશા માટે તેનો ઉપયોગ થતો હતો. ઈ.સ. 1777માં વૉરન હેસ્ટિંગ્ઝે આવકના નવા સ્રોત શોધવાના આશયથી અફીણના ઉત્પાદન અને વેપારનો અંકુશ સરકાર હસ્તક લીધો. તેના ઉત્પાદન માટે પરવાનેદાર કોન્ટ્રાક્ટરો નીમવામાં આવ્યા. પાછળથી 'અફીણના એજન્ટ' તરીકે ઓળખાતા સરકારી અમલદારોની નિયુક્તિ કરવામાં આવી. અફીણના છોડના ઉછેર માટે સરકારી પરવાનો જરૂરી હતો. તેનું વેચાણ સરકારે બાંધ્યા ભાવે માત્ર સરકારને જ કરવાનું રહેતું. તેનો ભંગ કરનાર વ્યક્તિને સખત સજા કરવામાં આવતી. નફાનું પ્રમાણ ઊંચું રાખવા માટે ભાવ બને તેટલા નીચા બાંધવામાં આવતા, પુરવઠો નિયંત્રિત રખાતો, જેથી ચીનના બજારમાં તેની ઊંચી કિંમત મળી શકે. મધ્ય ભારતના માળવાના વિસ્તારમાં અફીણનું ઉત્પાદન થતું હતું. ત્યાં અફીણના ખાનગી ઉત્પાદકો પર ભારે નિકાસવેરો નાખી તેમને હરીફાઈમાંથી હાંકી કાઢવાની નીતિ કંપની સરકારે અપનાવી આમ, અફીણના ઉત્પાદન અને વ્યાપાર પર કંપનીનો એકહથ્થુ ઇજારો સ્થપાયો. તેના દ્વારા તે બે હેતુ સિદ્ધ કરી શકી: એક તો ભારતમાં મહેસૂલી આવકનો વધારો કરી શકાયો અને બીજું ચીનમાં ચાના બદલામાં ચાંદી ચૂકવવાને બદલે અફીણનો વિકલ્પ ઊભો કરી શકાયો.

### 16.4.3 ગળી (Indigo)

ગળી એ રંગકામમાં વપરાતું ભારતમાં ઉત્પાદિત થતું દ્રવ્ય હતું. તેના છોડ ગરમ પ્રદેશોમાં થાય છે. મોટે ભાગે તેનો ઉપયોગ સુતરાઉ કાપડને રંગવામાં થતો હતો. 1790 સુધી યુરોપીય દેશો ગળીનો પુરવઠો કેરેબિયન દેશોમાંથી મેળવતા હતા. પરંતુ તે પછી ત્યાં તેનું ઉત્પાદન ઘટી ગયું. પરિણામે ભારતીય ગળીની માંગ વધવા પામી. કંપની ભારતમાં પોતાની હકૂમત હેઠળના પ્રદેશોમાં યુરોપિયનોને

વસવા અને ગળીનું ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહન આપતી હતી પરિણામે ભારતમાં ગળીના ઉત્પાદનમાં ઝડપથી વધારો થયો. ઈ.સ. 1788-89માં આ ઉત્પાદન 5 હજાર મણ જેટલું હતું તે વધીને 1829-30માં 1 લાખ 33 હજાર મણ જેટલું થઇ ગયું.

ભારતમાં ગળીના ઉત્પાદનની બે પ્રથા હતી. એક 'નીજ' તરીકે અને બીજી 'રૈયતી' તરીકે ઓળખાતી. 'નીજ' પ્રથામાં ઉત્પાદક પોતાનાં જ હળ, બળદ તથા ઓજારોનો ઉપયોગ કરતો તથા જરૂર પ્રમાણે ભાડૂતી મજૂરો મેળવી લેતો. છોડ તૈયાર થાય ત્યારે કાપીને ગળીનું ઉત્પાદન કરતા કારખાનામાં કાચો માલ પહોંચાડવામાં આવતો જ્યારે ''રૈયતી'' પ્રથામાં ખેડૂત પોતાની જમીન પર ગળીનું વાવેતર કરતો અને તે તૈયાર થાય ત્યારે બાંધ્યા ભાવે કારખાનેદારને વેચતો. આ પદ્ધતિ 'આસામીવાર' પદ્ધતિ તરીકે પણ ઓળખાતી. મોટા ભાગનું ઉત્પાદન આ પ્રથાથી થતું. કારણ કે ગળીના ઉત્પાદકોને તે વધુ લાભદાયક હતું. એક તો તેના ભાવ ઘણા નીચા બાંધવામાં આવતા અને બીજું ખેડૂત તેનું વાવેતર કરવાનો ઇનકાર કરી શકતો નહિ. જો તેમ કરે તો મારઝૂડ, ગેરકાયદેસરની અટકાયત, તેના અન્ય પાકનો નાશ કરવો વગેરે જુલમી માર્ગો દ્વારા તેને 'ઠેકાણે' લાવી શકાતો. ખેડૂતો પર ઉત્પાદકોનો અંકુશ જાળવી રાખવા માટે અનેક પ્રકારની ગેરરીતિઓ આચરવામાં આવતી. ખોટા હિસાબો રખાતા. ખેડૂત કાયમ માટે દેવાદાર સ્થિતિમાં રહેતો. તેને કારણે તેને કાયમી ધોરણે ગળીનું વાવેતર કરવાની ફરજ પાડવામાં આવતી. ઉત્પાદકો યુરોપિયનો હતા. તેઓ સ્થાનિક સરકારી અમલદારો અને ન્યાયાધીશો સાથે મળેલા રહેતા. પરિણામે ખેડૂતોની ફરિયાદો પર કોઈ ધ્યાન અપાતું નહિ. ખોટ ખાઈને પણ ખેડૂતોએ ગળીનું વાવેતર ચાલુ રાખવું પડતું. આ અસંતોષની પરાકાષ્ઠા 1859-60માં આવી અને વ્યાપક પ્રમાણમાં 'ગળીનાં રમખાણો' થયાં. આમ, આ મહત્ત્વના વ્યાપારી પાકનું ઉત્પાદન પણ કંપનીના લાભને નજર સમક્ષ રાખીને જુલમ તથા દબાણ હેઠળ કરવામાં આવતું હતું.

### 16.4.4 રૂ (કપાસ : Cotton)

જેમ ગળી એ પૂર્વ ભારતનો મહત્ત્વનો વેપારી પાક તો તેમ કપાસ એ પશ્ચિમ ભારતનો મહત્ત્વનો વેપારી પાક હતો. 1780ના દાયકામાં ચીન સાથે મોટા પાયે રૂનો વેપાર વિકસ્યો હતો. આ વેપાર પર ઇસ્ટ ઇન્ડિયા કંપની તથા તેના કૃપાપાત્ર એવા મુંબઈ સ્થિત કેટલાક વેપારીઓ પોતાનો અંકુશ જમાવવા ઉત્સુક હતા. ઈ.સ. 1806 સુધીમાં કપાસનું ઉત્પાદન કરતા ગુજરાતના મહત્ત્વના પ્રદેશો કંપનીના વર્ચસ્વ નીચે આવી ગયા હતા. કંપની ખેડૂતોને તે વખતે પ્રચલિત ભાવો કરતાં નીચે ભાવે કપાસ પૂરો પાડવા ફરજ પાડી રહી હતી. કપાસના વેપારમાં કંપનીએ અન્ય સ્વતંત્ર યુરોપિયન વેપારીઓ સાથે સ્પર્ધામાં ઊતરવું પડ્યું. પરિણામે કંપનીએ પોતાની નીતિ બદલવી પડી અને છેવટે 1833માં તે કપાસના વેપારમાંથી ખસી ગઈ.

### 16.4.5 મરી (Peper)

મરી અને ગરમ મસાલા પણ મહત્ત્વનો વ્યાપારી પાક હતો. આ ક્ષેત્રે પણ નીચા ભાવે માલ ખરીદવા કંપનીએ પોતાની રાજકીય સત્તાનો દુરુપયોગ કર્યો હતો. વળી, ફ્રેન્ચ તથા અન્ય વિદેશી વેપારીઓને માલ ન વેચવા માટે તે ખેડૂતો તથા સ્થાનિક વેપારીઓ પર દબાણ પણ કરતી હતી. તેમ છતાં 1830ના દાયકા દરમિયાન રૂ ના વેપારીની જેમ આ વેપારમાંથી પણ કંપનીએ ખાનગી બ્રિટિશ વેપારીઓની તરફેણમાં ખસી જવું પડ્યું.

### 16.4.6 ખાંડ (Sugar)

ભારતમાં સૈકાઓથી ખાંડ અને ગોળનું ઉત્પાદન થતું હતું. ભારતમાં તેનો વ્યાપક ઉપયોગ પણ થતો હતો. 1830ના દાયકા દરમિયાન જ્યારે ગળીના ભાવ અને વેચાણમાં ઘટાડો થવા લાગ્યો ત્યારે ગળીના ઉત્પાદકોએ ખાંડઉદ્યોગને ક્ષેત્રે મૂડીરોકાણ શરૂ કર્યું. બ્રિટનમાં ખાંડ પર આયાતવેરો ઘટાડવામાં આવ્યો હતો. પરિણામે તેની માંગ વધી હતી. તેથી આ ક્ષેત્રે કંપનીનું ધ્યાન ખેંચાયું હતું. યુરોપિયન સાહસિકોને પૂર્વીય ઉત્તર પ્રદેશમાં ખાંડઉદ્યોગ શરૂ કરવા માટે વિશાળ પ્રમાણમાં જમીનો આપવામાં આવી. અહીંના ખેડૂતો સ્થાનિક વપરાશ માટે તથા ભારતના અન્ય વિસ્તારોમાં વેચાણ અર્થે ગોળનું ઉત્પાદન કરતા હતા, તેને બદલે હવે તેમને 'રાબ' તરીકે ઓળખાતા શેરડીનો ઘટ્ટ રસ તૈયાર કરી ખાંડના ઉત્પાદકોને પૂરો પાડવાની ફરજ પાડવામાં આવી. ગળીની બાબતમાં જેમ બન્યું તેમ ખાંડના ઉત્પાદકો દ્વારા ખેડૂતોને શેરડીના વાવેતર માટે અગાઉથી ધિરાણ આપવામાં આવતું. દેવાદાર બન્યા પછી કાયમી ધોરણે નીચા ભાવે સતત શેરડીનો પુરવઠો પૂરો પાડવા તેમને ફરજ પાડવામાં આવતી. તેમાંથી ખાંડના ઉત્પાદકો ભારે નફો રળવા લાગ્યા. પરિણામે ખાંડનો વેપાર વધ્યો. 1833-34 દરમિયાન કલકત્તાથી ઇંગ્લૅન્ડ તરફ 16 હજાર ટનથી પણ ઓછી ખાંડની નિકાસ થઈ હતી. જ્યારે 1846-47માં તેમાં પાંચ ગણો વધારો થયો હતો અને 80 હજાર ટનથી વધુ ખાંડની નિકાસ થઈ હતી. 1848માં જ્યારે ખાંડના ભાવ ઘટવા માંડ્યા ત્યારે ઘણાં કારખાનાંઓ બંધ પડ્યાં. નિકાસ લગભગ બંધ થઈ ગઈ. અગાઉની માફક ગોળ અને ખાંડસરીનું ઉત્પાદન પુનઃ શરૂ થયું અને તેનો વેપાર મીરઝાપુર તથા મધ્ય ભારતનાં તેનાં પરંપરાગત કેન્દ્રોમાં ખસી ગયો.

### 16.4.7 ચા (Tea)

1830ના દાયકા દરમિયાન અફીણની દાણચોરીને પ્રશ્ને ચીન અને ઇસ્ટ ઇન્ડિયા કંપનીના સંબંધો વણસવા પામ્યા હતા. પરિણામે ચીન સાથેના ચાના વેપાર પર તેની વિપરીત અસર પડવાની દહેશત ઊભી થઈ હતી. આથી કંપનીએ પોતાના શાસન હેઠળના પ્રદેશોમાં ચાનું વાવેતર કરવાના પ્રયાસો શરૂ કર્યા. તે માટે ખાનગી સાહસિકોને આસામમાં ચાના બગીચાઓ વિકસાવવા પ્રોત્સાહન આપવામાં આવ્યું. આસામમાં પૂરતા મજૂરો ઉપલબ્ધ ન હોવાથી છોટા નાગપુર અને અન્ય વિસ્તારોમાંથી વેઠિયા મજૂરોને રોકવામાં આવ્યા. ચા એ એવો એક માત્ર વેપારી પાક હતો જેનું મોટા પાયા પર મૂડીવાદી ઢબે ઉત્પાદન થતું હતું. અલબત્ત, ચા અને કૉફીના ઉત્પાદનનો ખરો વિકાસ 1860 પછી થયો. આ સમયગાળો પ્રસ્તુત એકમની મર્યાદા બહારનો હોવાથી આપણે તેની વિગતોમાં ઊતરીશું નહી.

## 16.5 વ્યાપારીકરણની અસરો (The Effects of the Commercialization)

આપણે ઉપર જોયું કે બ્રિટિશ શાસન નીચે ભારતમાં વેપારી પાકોનું ઉત્પાદન અને ખરીદવેચાણ શરૂ થયું હતું. દરેક પાકમાં તેનું સ્વરૂપ જુદુંજુદું હતું. વ્યાપારીકરણની અસર પણ જુદાંજુદાં સ્થળે, જુદાજુદા સમયે અને જુદાજુદા પાકોમાં જુદીજુદી હતી. દરેક સ્થળે તેમાં એકરૂપતા હોય તે શક્ય ન હતું. આમ, છતાં તેમનામાં કેટલાંક સામાન્ય લક્ષણો અને તેમની કેટલીક સામાન્ય અસરો દૃષ્ટિગોચર થાય છે તેની ચર્ચા નીચે કરીશું.

### 16.5.1 આર્થિક પાયમાલી (Impoverishment)

સૌપ્રથમ તો ખેતીના વ્યાપારીકરણની ભારતીય અર્થતંત્ર પર પડેલી અસરો તપાસીશું. બ્રિટિશ કંપનીનો મુખ્ય હેતુ ભારતમાં સસ્તી કિંમતે જરૂરી ચીજવસ્તુઓ ખરીદી ઇંગ્લૅન્ડમાં તેની નિકાસ કરવાનો હતો, જેથી લંડનની કંપનીની તિજોરી સમૃદ્ધ બને. બ્રિટનથી ભારત આવી વ્યાપારમાં પડેલા સ્વતંત્ર વેપારીઓની ઇચ્છા પણ ઝડપથી વધુ ધન કમાઈ લઈ જિંદગીનો બાકીનો સમય ઇંગ્લૅન્ડમાં આરામથી વ્યતિત કરવાનો હતો. આમ, કંપની કે સ્વતંત્ર વેપારીઓ ભારતમાં ઉપાર્જિત કરેલી સંપત્તિ નિકાસના વ્યાપાર દ્વારા બ્રિટનમાં સ્થાનાંતરિત કરતા હતા. બીજા શબ્દોમાં મૂકીએ તો બ્રિટનને આધીન ભારત ચીજવસ્તુઓના રૂપમાં તેને ખંડણી ભરતું હતું. ધનની આ નિકાસના બદલામાં ભારત કોઈ આયાત કરતું ન હતું. સ્વાભાવિક રીતે જ ધનનો આ એકતરફી પ્રવાહ ભારતને દરિદ્ર બનાવી રહ્યો હતો. આમ, રોકડિયા પાકનું ઉત્પાદન અને નિકાસની વ્યવસ્થા એવી રીતે ગોઠવાઈ હતી કે જેને કારણે ભારતની સમૃદ્ધિ વધવાને બદલે તે આર્થિક રીતે વધુ ને વધુ પાયમાલ થતું ગયું.

### 16.5.2 અસ્થિરતા (Instalbility)

ભારતની ખેતી ઘણી સમસ્યાઓથી ઘેરાયેલી હતી. દુષ્કાળ, પૂર તથા અન્ય કુદરતી આફતો પાકનો નાશ કરી ખેડૂતને પાયમાલ કરી નાખતી હતી. રોકડિયા પાકોની ખેતીએ કેટલાંક નવાં જોખમો ઊભાં કર્યાં. ખેત-ઉત્પાદન હવે વેચાણ અર્થે દૂરનાં બજારોમાં જતું હતું. આ બજારોની સ્થિતિ અને પ્રવાહોથી સ્થાનિક ખેડૂત વાકેફ ન હતો. વળી, તેના પર તેનો કોઈ અંકુશ પણ ન હતો જો વેસ્ટ ઇન્ડિઝમાં શેરડીનો પાક સારો થાય તો કલકત્તામાં ખાંડના ભાવ ઘટી જાય. જેથી આઝમગઢની ખાંડની ફૅક્ટરીઓના માલિકો ખેડૂતોને નિશ્ચિત કરેલી રકમ કરતાં ઓછા ભાવ આપે અને ખેડૂતો ફરિયાદ કરે તો તેમની સતામણી થાય.

તે જ રીતે મધ્યપ્રદેશના ઉત્તર ભાગમાં આવેલા બુંદેલખંડના પ્રદેશમાં 1816 પછી ચીનમાં નિકાસ અર્થે મોટા પાયે કપાસનું વાવેતર શરૂ થયું. આથી બ્રિટિશ અમલદારોએ આ વિસ્તારની સમૃદ્ધિ વધી છે એવી દલીલ કરી જમીન-મહેસૂલમાં વધારો કર્યો. પરંતુ 1830ના દાયકામાં નિકાસ ઘટી ગઈ અને કપાસના ભાવ ગગડી ગયા ત્યારે મહેસૂલમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નહિ. જમીનદારો તથા ખેડૂતો બંનેને ભારે આર્થિક ફટકો પડ્યો. છેવટે 1842માં 'બુંદેલખંડ વિદ્રોહ' તરીકે ઓળખાએલો વિદ્રોહ ફાટી નીકળ્યો.

ઉત્તર પ્રદેશમાં પણ 1830ના દાયકામાં આવી સમસ્યાઓનું સર્જન થયું. રૂ અને ગળીના ભાવમાં એકદમ ઘટાડો થતાં ભારે આર્થિક વિડંબણાઓ સર્જાઈ. ખેડૂતોએ જમીન ખેડવાનું છોડી દીધું. જમીનદારોએ ભારે ખોટ ખમવી પડી. ઘણા શરાફોએ ખેડૂતોને ધીરેલાં નાણાં ડૂબી ગયાં. પરિણામે તેમણે નાદારી નોંધાવી. ખેડૂતોનું નવું ધિરાણ મળવાનું બંધ થયું. જમીનની કિંમત પણ ઘટી ગઈ. ઘણા કિસ્સાઓમાં જમીનમાલિકોએ જમીનો વેચવા કાઢી પણ બજારમાં તેના કોઈ ખરીદાર મળ્યા નહિ. ઉત્તર પ્રદેશની જેમ બંગાળના ગ્રામીણ વિસ્તારોની સ્થિતિ પણ ભારે દયાજનક હતી.

આ બધાં પરિણામો કંઈ આકસ્મિક ન હતાં. 1830 અને 1833 વચ્ચેના ગાળા દરમિયાન બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશમાં વ્યાપારી પાકોના ઉત્પાદન માટે ધિરાણ કરતી તથા તેના વેચાણ સાથે સંકળાયેલી મોટા ભાગની પેઢીઓએ નાદારી નોંધાવી હતી. બ્રિટનમાં ગળીના ભાવ ઘટતા જતા હતા

છતાં પણ ભારતમાં કમાયેલું ધન ઇંગ્લૅન્ડમાં સ્થાનાંતરિત કરવા માટે તેમણે ગળીની નિકાસ કરવાનું ચાલુ રાખ્યું. આ જ સમયે કંપનીએ પણ કીંમતી ધાતુઓ (સોના-ચાંદી)નો જથ્થો લંડન મોકલી આપ્યો, જેથી ભારતમાં નાણાંના પુરવઠાની તંગી સર્જાઈ. નિકાસી પાકો માટે ધિરાણ આપવા જે શરાફી પેઢીઓએ ઉછીનાં નાણાં લીધાં હતાં તે સમયસર નાણાંની ચુકવણી કરી શકી નહિ. આથી તેમણે નાદારી જાહેર કરવી પડી. જે ખેડૂતોને બળજબરીથી રોકડિયા પાકોની ખેતી માટે ફરજ પાડવામાં આવી હતી તેમના પર આ સ્થિતિનો સૌથી મોટો ફટકો પડ્યો. આમ, ઇંગ્લૅન્ડમાં થયેલા કિંમતના ઘટાડાએ ભારતીય ખેડૂતોને પાયમાલ કર્યા. આ રીતે વ્યાપારીકરણને પરિણામે ભારતના ગ્રામીણ અર્થતંત્રમાં નાણાકીય અસ્થિરતાનું એક નવું દૂષણ ઉમેરાયું.

### 16.5.3 મુક્ત બજારોનો રૂંધાયેલો વિકાસ (Check on the development of Free Markets)

આપણે જોયું કે ભારતમાં ખેતીના વ્યાપારીકરણને પરિણામે ભિન્ન ભિન્ન ખેતપેદાશોનાં બજારો અસ્તિત્વમાં આવ્યાં હતાં. દરેક બજારની સ્થિતિ સમય અને સ્થળના સંદર્ભમાં ભિન્ન-ભિન્ન હતી છતાં આ બજારો મુક્ત રીતે વિકસી શક્યાં ન હતાં, તે બાબત સામાન્ય હતી. કંપનીની ઇજારાશાહી તથા રાજકીય સત્તાના દુરુપયોગની વિપરીત અસર અન્ય બજારો પર પણ પડી હતી તે હવે આપણે જોઈશું.

શ્રમબજારની દૃષ્ટિએ જોઈએ તો ચાના વાવેતરને બાદ કરતાં કોઈ પણ વ્યાપારી પાકના ઉત્પાદનમાં ભાડૂતી શ્રમ પર આધાર રાખવામાં આવતો ન હતો. કંપની કે યુરોપિયન ઉત્પાદકો ખેડૂતોને ઇચ્છિત ઉત્પાદન માટે દબાણ કરતા. તેમને ખેતપેદાશના બને તેટલા નીચા ભાવ આપતા. આથી ખેડૂતોને મળતું વળતર ખૂબ ઓછું રહેતું. પરિણામે તેમના પર બળજબરી કરવી પડતી. તેઓ પોતાની વધારાની જમીન પર અન્ય જરૂરી ઉત્પાદન કરી જીવનનિર્વાહ કરી શકતા. આવા ખેડૂતોને બદલે જો ભાડૂતી મજૂરો લાવવામાં આવે તો તેમને જીવનનિર્વાહ માટે ઊંચું વેતન આપવું પડે. આ સંજોગોમાં ઉત્પાદકોનો નફો ઘટે. આથી તેઓએ ભાડૂતી મજૂરો પર આધાર રાખવાને બદલે જમીનમાલિક ખેડૂતો પર બળજબરી દ્વારા ઉત્પાદન કરવાની નીતિ અખત્યાર કરી. આ કારણે ખેત અર્થતંત્રનો સ્વસ્થ વિકાસ રૂંધાયો અને ખેતમજૂરીનું ક્ષેત્ર અલ્પવિકસિત રહ્યું.

આ સંજોગોમાં ખેત-ઉત્પાદનમાં વપરાતી ચીજવસ્તુઓના બજારનો પણ મુક્ત અને સ્વસ્થ વિકાસ થઈ શકે તેમ ન હતો. ખેડૂતને ખેતી માટે પોતાનાં ઓજારો અને બળદોનો ઉપયોગ કરવો પડતો. માત્ર નફા પર નજર રાખી બેઠેલા ઇજારદારો કે વ્યાપારી પાકના ઉત્પાદકો તે પેટે તેને કાંઈ ચૂકવવા તૈયાર ન હતા. આમ, છતાં પોતાને જરૂરી અનાજના ઉત્પાદન માટે ખેડૂતે ઓજારો અને બળદો રાખવા પડતાં, જેનો લાભ વેપારી પાકના ઉત્પાદકોને મળતો. તેનું કોઈ ભાડું તેઓ ચૂકવતા નહિ અને તે રીતે ખેડૂતનું શોષણ થતું. નીચી આવકને કારણે ખેડૂતને આ ક્ષેત્રે વધુ રોકાણ કરવું પરવડતું નહિ, જેને કારણે ખેતઓજારો તથા અન્ય વપરાશી સાધનોના બજારનો સ્વસ્થ અને મુક્ત વિકાસ શક્ય બન્યો નહિ.

કંપની સરકારની નીતિની વિપરીત અસર જમીનના બજાર પર પણ પડી. તેનો પણ યોગ્ય વિકાસ થઈ શક્યો નહિ. જમીનનું બજાર-મૂલ્ય ત્યારે જ શક્ય બને કે જ્યારે તેમાં કશુંક ઉત્પન્ન કરી મૂડીસર્જન થઈ શકે. પરંતુ અગાઉ ચર્ચા કરી તે પ્રમાણે ભારતીય ખેડૂતને ખેતીમાંથી આવા કોઈ સ્થિર અને યોગ્ય વળતરની ખાત્રી રહેતી ન હતી. બહારની વ્યક્તિ પણ અસ્થિરતા તથા અસલામતીના વાતાવરણમાં જમીન ખરીદવા તૈયાર ન હતી. માત્ર જેમની પાસે બીજો કોઈ વિકલ્પ ન હોય તેવા પરંપરાથી ખેતી કરતા ખેડૂતો આવી જમીન પર નિર્વાહ અર્થે ખેતી કરવાનું ચાલુ રાખતા. તેમાં પણ ઊંચા મહેસૂલી દર તથા જમીનદારો અને સરકારી અમલદારો દ્વારા થતું શોષણ તેમને ભાગ્યે જ કંઈ રળવા દેતું. આ સંજોગોમાં જમીનમાલિકી ખાસ કંઈ વળતર આપી શકે તેમ ન હોવાથી તેનું બજાર પણ વિકાસ પામ્યું નહિ.

આ જ સ્થિતિ ધિરાણને ક્ષેત્રે પણ સર્જાઈ હતી. ગળી તથા ખાંડ જેવી વસ્તુઓના વિદેશી ઉત્પાદકો ખેડૂતોને દેવાદાર બનાવી મનમાની શરતે તેમને ઉત્પાદન કરવા ફરજ પાડવા માટે ધિરાણ કરતા હતા. એક વખત દેવાદાર બનેલો ખેડૂત પછી કાયમ માટે તેનો વેઠિયો કે બાંધ્યો મજૂર બની જતો. આ સંજોગોમાં અન્ય કોઈ વ્યક્તિ તેને ધિરાણ આપવા તૈયાર ન થાય તે સ્વાભાવિક હતું. ઉત્પાદકો પોતે પણ ખેડૂતો દેવામાંથી મુક્ત થાય તેવું ઇચ્છતા ન હતા. કારણ કે તેવા સંજોગોમાં ખેડૂતો તેમના પ્રભાવથી મુક્ત બની જાય. આવું જ અફીણનું વાવેતર કરતા ખેડૂતોની બાબતમાં પણ બન્યું હતું. આ સ્થિતિમાં વ્યક્તિ પોતાનાં હિતોને અનુલક્ષીને સ્વતંત્ર રીતે વર્તી શકે તેવા મૂડીબજારનો વિકાસ ભારતમાં શક્ય બન્યો નહિ.

### 16.5.4 સામાજિક માળખા પર પડેલી અસરો (Effects on Social Structure)

જ્યાં મૂડીવાદનો મુક્ત વિકાસ થયો હોય ત્યાં ખેતીક્ષેત્રે કાર્યરત ખેડૂતોમાં મોટા સમૃદ્ધ જમીનમાલિકો તથા જમીનવિહોણા અને ઓછું વેતન મેળવતા ખેતમજૂરો એવા બે વર્ગો ઊભા થઈ પરંપરાગત સામાજિક માળખામાં મોટું પરિવર્તન સર્જાય છે. પરંતુ ભારતમાં મૂડીવાદી વ્યવસ્થા તેના સાંસ્થાનિક સ્વરૂપે વિકસી હોવાને કારણે સામાજિક માળખામાં આ પ્રકારનું આમૂલ પરિવર્તન શક્ય બન્યું નહિ. અહીં તો

પરંપરાગત ખેડૂતોને વિદેશી ઉત્પાકોએ કે તેમના દલાલોએ બળપ્રયોગથી અર્ધદાસ જેવી સ્થિતિમાં મૂકી દીધા હતા. જેથી ભારતીય સમાજવ્યવસ્થામાં ખેડૂત સમુદાયનું અસમાન વર્ગોમાં વિભાજન શક્ય બન્યું ન હતું. પરંપરાગત ખેડૂતે મૂડીવાદી ખેડૂત બનવાને બદલે વિદેશી મૂડીના પ્રભાવ હેઠળ પોતાની જમીન પર ખેતી કરવાનું ચાલુ રાખ્યું. ઉપર જોયું તેમ શ્રમબજારનો ખાસ કોઈ વિકાસ થયો નહિ. સરકારી કે આર્થિક દબાણ હેઠળ ખેડૂતોને પોતાની જ જમીન પર અનિચ્છાએ વ્યાપારી પાકોનું વાવેતર કરવાની ફરજ પડી. પરિણામે ખેડૂતોનો સમગ્ર વર્ગ આર્થિક રીતે પાયમાલ થયો. ઉત્પાદનની પદ્ધતિમાં કોઈ ફેર પડ્યો નહિ. યુરોપિયન વેપારીઓ ભાડૂતી શ્રમની મદદથી મોટા પાયા પર ઉત્પાદન કરવાને બદલે ખેડૂતકુટુંબો દ્વારા નાના પાયા પર ઉત્પાદન કરાવી તેમના શોષણ દ્વારા મોટી કમાણી કરી શકે તેમ હતા. આમ, ખેડૂતવર્ગનું આર્થિક ધોરણે વિભાજન ભારતીય સ્થિતિમાં શક્ય બન્યું નહિ, તે સાંસ્થાનિક વ્યવસ્થાનું એક વિશિષ્ટ સામાજિક પરિણામ હતું તેમ કહી શકાય.

## 16.6 સારાંશ (Conclusion)

આ એકમમાં આપણે જોયું કે ભારતમાં ખેતીનું વ્યાપારીકરણ એ સંપૂર્ણ નવી ઘટના ન હતી. છતાં કંપનીશાસન પૂર્વેની સ્થિતિ કરતાં આ સ્થિતિ ઘણી ભિન્ન હતી. તેનું પ્રમાણ પૂર્વસ્થિતિ કરતાં ઘણું વ્યાપક હતું. ખેતીક્ષેત્રે વ્યાપારીકરણની પ્રક્રિયાની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે હતી :

(i) વ્યાપારનું મુખ્ય કેન્દ્ર ઇંગ્લૅન્ડમાં કંપનીનું વડું મથક હતું તથા તેના મોટા ભાગના કર્મચારીઓ ત્યાંથી હિંદ આવ્યા હતા.

(ii) તેનું મુખ્ય ધ્યેય ભારતમાંથી પ્રાપ્ત કરેલી સંપત્તિનું ઇંગ્લૅન્ડમાં સ્થાનાંતર કરવાનું હતું.

(iii) પશ્ચિમમાં જેની માંગ હતી તેવી ચીજવસ્તુઓના ઉત્પાદન માટે હિન્દમાં વિશિષ્ટ વ્યવસ્થા ઊભી કરવાની જરૂર પડી હતી.

(iv) વધુમાં વધુ નફો પ્રાપ્ત કરવા માટે ઉત્પાદન કિંમત બને તેટલી નીચી રહે તેવા પ્રયાસો થયા, જેને પરિણામે ખેડૂતો અત્યાચાર અને શોષણનો ભોગ બન્યા.

(v) ખેડૂતોના શોષણ દ્વારા સંપત્તિ કમાવાની નીતિને કારણે શ્રમબજાર વિસ્તારવાને બદલે ખેડૂતોને જમીન સાથે જોડાયેલા રાખી તેમની સ્થિતિ વેઠિયા મજૂરો જેવી બનાવી દેવામાં આવી.

(vi) ઉત્પાદનના બજારની સાથે શ્રમ, જમીન અને મૂડીબજારનો સમાંતર વિકાસ શક્ય બન્યો નહિ.

(vii) ખેતીક્ષેત્ર આર્થિક રીતે પાયમાલ થયું. ઉત્પાદન પદ્ધતિ કે માળખામાં કોઈ પરિવર્તન આવ્યું નહિ.

(viii) ભારતીય ગ્રામીણ અર્થતંત્રમાં ભાડૂતી શ્રમિકોને બદલે કુટુંબના સભ્યો દ્વારા ખેત-ઉત્પાદન એ ખેતીના વ્યાપારીકરણે જન્માવેલી મુખ્ય લાક્ષણિકતા રહી.

### તમારી પ્રગતિ ચકાસો - 2

1. ખેતીના વ્યાપારીકરણની અર્થતંત્ર પર શું અસર પડી ?

.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................

2. ખેતીક્ષેત્રે મુક્ત બજાર શાથી વિકાસ પામ્યું નહિ ? તેની અસરો સમજાવો.

.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................

3. ખેતીના વ્યાપારીકરણની સામાજિક ક્ષેત્રે પડેલી અસરો કઈ હતી ?

.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................

## 16.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો - 1

1. વિભાગ 16.1 જુઓ.
2. વિભાગ 16.3 જુઓ.
3. પેટા વિભાગ 16.3.4 જુઓ.
4. પેટા વિભાગ 16.3.4 જુઓ.

### તમારી પ્રગતિ ચકાસો - 2

1. પેટા વિભાગ 16.5.1 જુઓ.
2. પેટા વિભાગ 16.5.3 જુઓ.
3. પેટા વિભાગ 16.5.4 જુઓ.

## 16.8 ચાવીરૂપ શબ્દો (Key-words)

**વ્યાપારીકરણ :** વિવિધ પ્રકારની ચીજવસ્તુઓ વેચવાની તથા ખરીદવાનાં બજાર - તેનું ક્ષેત્ર.

**બુલિયન :** અત્રે સોનાનો જથ્થો એવો અર્થ.

**વ્યાપારી પાકો :** રોકડિયા પાકો જેવા કે કાચું રેશમ, અફીણ, ગળી, કપાસ, મરી, ખાંડ, ચા વગેરે જેના વેચાણના રોકડાં નાણાં મળી શકે.

**અસ્થિરતા :** ભારતીય ખેતી સંબંધી અનિશ્ચિતતા દુષ્કાળ, પૂર, બગાડ, વગેરે વિઘ્નો.

# એકમ : 17 ભારતની ઔદ્યોગિક અવનતિ (De-Industrialization in India)

**રૂપરેખા .**

17.0 હેતુઓ અને પ્રસ્તાવના
17.1 ઔદ્યોગિક અવનતિની વિભાવના
17.2 પૂર્વ બ્રિટિશકાલીન અર્થવ્યવસ્થા
17.2.1 યુરોપ સાથેના પ્રારંભિક વ્યાપારનું સ્વરૂપ
17.2.2 યુરોપ સાથેના પ્રારંભિક વ્યાપારની ફલશ્રુતિ
17.2.3 પ્લાસીના યુદ્ધ પછી વ્યાપારની સ્થિતિ
17.2.3 યુરોપીય વ્યાપારની અસર
17.3 ઔદ્યોગિક અવનતિ
17.4 તારણો
17.5 સારાંશ
17.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
17.7 મહત્ત્વના શબ્દો

## 17.0 હેતુઓ અને પ્રસ્તાવના (Objective and Introduction)

બ્રિટિશ શાસન નીચે ભારતની આર્થિક વ્યવસ્થામાં ભારે પરિવર્તન આવ્યું હતું. હિંદમાં અઢારમી સદીના મધ્ય ભાગથી બ્રિટનની વધતી જતી રાજકીય તથા આર્થિક વગને પરિણામે ભારતની પરંપરાગત ઔદ્યોગિક વ્યવસ્થા સામે નવા પડકારો ઊભા થયા હતા. તેના ફલસ્વરૂપે એક વખતનું ઔદ્યોગિક દૃષ્ટિએ વિકસિત ભારત આ ક્ષેત્રે ઘણું પછાત બની ગયું. ભારતની આ ઔદ્યોગિક અવનતિનું સ્વરૂપ કેવું હતું ? કંપનીની વ્યાપારનીતિ કેવી રીતે તેને માટે કારણરૂપ બની હતી તેની આ એકમમાં આપણે વિગતે ચર્ચા કરીશું.

## 17.1 ઔદ્યોગિક અવનતિની વિભાવના (The Meaning of the De - Industrialzation)

ઔદ્યોગિક અવનતિમાં ઉદ્યોગોમાં સતત મંદી, અસ્થિરતા અને પછાત અવસ્થાનાં લક્ષણો દૃઢ બનતાં જોવા મળે છે. સામાન્ય રીતે રાષ્ટ્રીય આવકમાં ઔદ્યોગિક ક્ષેત્રની આવકનું પ્રમાણ અને આ ક્ષેત્રે રોજગારી મેળવતી પ્રજાનું પ્રમાણ એ કોઈ પણ રાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસ કે પતનના મહત્ત્વના નિર્દેશકો ગણાય છે. આ પ્રમાણમાં થયેલો વધારો ઔદ્યોગિક વિકાસનું સૂચન કરે છે, જ્યારે તેનો ઘટાડો ઔદ્યોગિક અવનતિનું સૂચન કરે છે. બ્રિટિશ શાસન હેઠળ ભારતીય ઉદ્યોગો અને કારીગરીની અવનતિ તથા તેનું વધતું જતું ગ્રામીણ સ્વરૂપ એ વિભિન્ન આર્થિક અભિગમ ધરાવતા વિચારકો માટે ચર્ચાનો વિષય બન્યો હતો. ભારતીય રાષ્ટ્રવાદીઓએ ભારતની ઔદ્યોગિક અવનતિને બ્રિટન દ્વારા ભારતના આર્થિક શોષણનું પરિણામ ગણાવ્યું હતું, જ્યારે બ્રિટનના મુક્ત વ્યાપારના સમર્થકોએ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની ઈજારાશાહીને તે માટે જવાબદાર લેખી હતી.

## 17.2 પૂર્વ બ્રિટિશકાલીન અર્થવ્યવસ્થા (The Pre-British Economy)

બ્રિટિશ યુગ પૂર્વેની ભારતીય ઔદ્યોગિક સ્થિતિ વિષે વિદ્વાનોએ પરસ્પરવિરોધી મંતવ્યો રજૂ કરેલાં છે. કેટલાકે તેને જીવંત અને પ્રગતિશીલ ક્ષેત્ર તરીકે ઓળખાવ્યું છે, તો બીજા કેટલાકે તેને સ્થગિત તથા ટેકનિકલી પછાત ક્ષેત્ર ગણાવ્યું છે. ઔદ્યોગિક સ્થિતિના મૂલ્યાંકન માટે ઔદ્યોગિક પેદાશ, ઉત્પાદનક્ષમતા, મૂડીરોકાણ અને આ ક્ષેત્રે રોકાયેલા માનવશ્રમ વગેરે બાબતોને લક્ષમાં લેવામાં આવે છે. પરંતુ બ્રિટિશકાળ પૂર્વે ભારતની આર્થિક સ્થિતિના મૂલ્યાંકન માટે ઉપર્યુક્ત બાબતોને લગતી આંકડાકીય માહિતીનો અભાવ છે. પરિણામે આ સમયની ઔદ્યોગિક સ્થિતિ અંગે કોઈ સુનિશ્ચિત વિધાનો કરવા મુશ્કેલ છે.

આમ છતાં મુઘલ યુગ અંગે જે થોડીઘણી માહિતી ઉપલબ્ધ છે તેને આધારે કહી શકાય કે આ સમય દરમિયાન આવકની અસમાન વહેંચણીની સ્થિતિ હોવા છતાં વપરાશી ચીજવસ્તુઓની ભારતમાં મોટા પાયા પર માંગ હતી અને તેમાં સતત વધારો થતો હતો. આ સમયે હિન્દનો ઉમરાવ વર્ગ આર્થિક રીતે સંપન્ન હતો અને પોતાની વૈભવી જીવનશૈલીને કારણે મોજશોખની ચીજવસ્તુઓનો બહોળો ઉપયોગ કરતો હોવાથી તેનું બજાર સારું વિકસ્યું હતું.


ભારતમાં સુતરાઉ કાપડનું ઉત્પાદન એ સૌથી મહત્ત્વનું ઔદ્યોગિક ઉત્પાદન હતું. વળી, હિન્દના લગભગ તમામ વિસ્તારોમાં તેનું ઉત્પાદન થતું હતું. ગળી અને ખાંડ એ ઔદ્યોગિક ઉત્પાદનમાં સુતરાઉ કાપડ પછીના ક્રમે આવતા હતા. ખેત આધારિત અન્ય ઉત્પાદનોમાં ખાદ્યતેલ, તમાકુ, અફીણ, વિવિધ આસવો વગેરેનો સમાવેશ થતો હતો. ખનીજ ઉદ્યોગનો પૂરતો વિકાસ થયો ન હતો, છતાં લોખંડની બાબતમાં ભારત સ્વાવલંબી હતું. વહાણો બાંધવાનો ઉદ્યોગ પણ વિકાસ પામતો અન્ય મહત્ત્વનો ઉદ્યોગ હતો. ઔદ્યોગિકીકરણ પૂર્વે યુરોપમાં મોટાં શહેરોમાં ઉદ્યોગોનો વિકાસ થયો હતો, જ્યારે ગ્રામ્ય વિસ્તારો પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડતા હતા. આ પ્રકારનું વિભાજન ભારતમાં ખાસ જોવા મળતું નથી. ભારતમાં ઔદ્યોગિક ઉત્પાદન મહદ્ અંશે ગ્રામીણ વિસ્તારોમાં કેન્દ્રિત હતું.

મુઘલ યુગીન અર્થતંત્રમાં ઔદ્યોગિક ઉત્પાદનની માંગ ઠીક ઠીક હોવા છતાં તેની વ્યવસ્થાનું માળખું બહુ ધીમી ગતિએ વિકસ્યું હતું. અતિ નાના એવા સંપન્ન વર્ગ પૂરતી મર્યાદિત રહેલી માંગ, મૂડીસર્જનનો ધીમો દર, યાંત્રિકીકરણની પ્રગતિનો અભાવ વગેરે પરિબળોને કારણે મુઘલ યુગમાં ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ એકંદરે ધીમો રહેવા પામ્યો હતો.

## 17.2.1 યુરોપ સાથેના પ્રારંભિક વ્યાપાર સ્વરૂપ (The Nature of Early Trade with Europe)


યુરોપ સાથેનો ભારતનો વ્યાપાર તેના પ્રારંભિક તબક્કામાં સ્પષ્ટ રીતે ભારતની તરફેણમાં હતો. સત્તરમી સદી દરમિયાન એશિયામાંથી યુરોપમાં નિકાસ થતી વિવિધ ચીજવસ્તુઓમાં ભારતમાં ઉત્પાદિત થયેલું સુતરાઉ કાપડ મોખરાનું સ્થાન ધરાવતું હતું અને મરીમસાલાની નિકાસને પણ વટાવી આગળ નીકળી ગયું હતું. ઈ.સ. 1664 સુધી ઈસ્ટ ઇન્ડિયા કંપની સુતરાઉ કાપડના વાર્ષિક સાડા સાત લાખ તાકાથી પણ વધુ કાપડની આયાત કરતી હતી, જેનું પ્રમાણ કંપનીના કુલ વ્યાપારના 73 ટકા જેટલું હતું. તે પછીના બે દાયકા દરમિયાન તેમાં બીજા દોઢ લાખ તાકાઓનો વધારો થયો અને સુતરાઉ કાપડની આયાતનું મૂલ્ય કુલ આયાતના 83 ટકા જેટલું થઈ ગયું.

ભારતના સુતરાઉ કાપડની વધેલી માંગને કારણે કાપડઉદ્યોગના વિકાસને ઉત્તેજન મળ્યું. હિંદની વસ્તીનો મોટો હિસ્સો આ ઉદ્યોગમાંથી રોજગારી મેળવતો હતો. આ વેપારનું પલ્લું શરૂઆતમાં ભારતની તરફેણમાં નમતું હતું. પરિણામે સુતરાઉ કાપડના વ્યાપારમાંથી વિદેશોમાંથી મોટા પાયે સોનું, ચાંદી ભારતમાં ખેંચાઈ આવતું હતું. આ ગાળા દરમિયાન અમેરિકામાં મોટા પાયે કીમતી ધાતુઓ મળી આવી હતી અને યુરોપીય દેશોએ ત્યાંની ખાણો પર કબજો જમાવ્યો હતો. પરિણામે ભારતમાંથી થતી જથ્થાબંધ આયાતોની કિંમત ચૂકવવી શક્ય બની હતી. યુરોપના દેશો લગભગ ત્રણ સદી સુધી હિન્દ સાથેના વ્યાપારની આ અસમતુલિત સ્થિતિ અમેરિકાથી આયાત કરેલી સોના-ચાંદીને કારણે નિભાવી શક્યા હતા. વ્યાપારવાદની વિચારસરણીથી પ્રભાવિત થયેલા યુરોપના તત્કાલીન વિચારકો હિન્દ સાથેના વ્યાપારની આ અસમતુલાને અયોગ્ય ગણતા હતા અને પોતાના દેશોની નાણાકીય અસ્થિરતા માટે તેને જવાબદાર લેખતા હતા. યુરોપિયન કંપનીઓ દ્વારા એશિયાના દેશોમાં મોટા પાયે રવાના કરાતા કીમતી ધાતુના ખજાનાને કારણે તેઓ આ કંપનીઓની પ્રવૃત્તિના ઉગ્ર ટીકાકારો બન્યા હતા.



2 (A) Cotton cleaning


ઓગણીસમી સદીનાં પ્રારંભિક વર્ષો સુધી ભારત સાથેનો યુરોપીય દેશોનો વ્યાપાર એશિયા અને વિશ્વના અન્ય દેશો વચ્ચે વસ્તુઓની કિંમતમાં રહેલી મોટી અસમાનતા પર આધારિત હતો. યુરોપીય વ્યાપારીઓ




2 (B) Weaving

ભારતમાંથી નીચી કિંમતે વસ્તુઓ ખરીદતા અને યુરોપ, આફ્રિકા તથા નાવા વિશ્વનાં બજારોમાં ઊંચા ભાવે વેચતા. તેમના નફાનો આધાર ખરીદકિંમત અને વેચાણકિંમતના તફાવત પર રહેતો હતો.

યુરોપિયન કંપનીઓને ભારત સાથેના વ્યાપારનાં નડતી સૌથી મોટી મુશ્કેલી ભારતમાંની તેમની ખરીદીની ચુકવણીને લગતી હતી. ભારતમાં બ્રિટિશ કે યુરોપિયન ચીજવસ્તુઓની માંગ ન હોવાને કારણે તેમણે ભારતમાંથી કરેલી ખરીદીની કિંમત સોના-ચાંદીના રૂપમાં ચૂકવવી પડતી. યુરોપિયન કંપનીઓ દ્વારા ભારતમાં આયાત થયેલા સોના-ચાંદીનો અંદાજ કાઢવો મુશ્કેલ છે. છતાં અઢારમી સદીના પૂર્વાર્ધ દરમિયાન યુરોપિયન કંપનીઓ દ્વારા ચાલતા વ્યાપારની ભારતના વિદેશવ્યાપાર અને ઉદ્યોગ પર નોંધપાત્ર અસર પડી હતી તે સ્પષ્ટ છે.



2 (C) Loom



2 (D) Muslin-finishing

### 17.2.2 યુરોપ સાથેના પ્રારંભિક વ્યાપારની ફલશ્રુતિ (The fall out of the early trade with Europe)

આ સમય દરમિયાન બંગાળનો વ્યાપારના સ્થળ તરીકે નોંધપાત્ર રીતે વિકાસ થયો. યુરોપિયન વ્યાપારીઓ માટે સ્થાનિક વ્યાપાર ઘણો મહત્ત્વનો બન્યો. વિદેશીઓ દ્વારા ભારતીય ચીજવસ્તુઓની માંગ વધવાને કારણે વેપારીઓએ સ્થાનિક ઉત્પાદકોને પ્રોત્સાહન આપી માંગને પહોંચી વળવા પ્રયાસ કર્યો. વિદેશી વેપારીઓએ સ્થાનિક સ્તર વ્યાપારી કે ઔદ્યોગિક માળખામાં પરિવર્તનને પ્રોત્સાહન આપવાને બદલે આ ક્ષેત્રે કામ કરતી પરંપરાગત સંસ્થાઓ પર આધારિત રહેવાનું વધુ યોગ્ય ગણ્યું. આમ છતાં ઓગણીસમી સદીના આરંભ સુધીમાં બ્રિટન તથા અન્ય દેશોમાં ભારતીય ચીજવસ્તુઓની નિકાસમાં થતો વધારો અટકી ગયો. ઓગણીસમી સદીના પૂર્વાર્ધ દરમિયાન ભારતમાં ઉત્પાદિત થતી વસ્તુઓએ ધીમેધીમે વિદેશોમાં પોતાનાં બજારો ગુમાવવા માંડ્યાં. ભારતના વિદેશ વેપારમાં સમાવાતી ચીજવસ્તુઓમાં પણ મોટું પરિવર્તન આવ્યું. નિકાસ થતી વસ્તુઓમાં ખેતપેદાશોનું પ્રમાણ વધવા પામ્યું, જ્યારે ઔદ્યોગિક પેદાશોનું પ્રમાણ ઘટી ગયું. આ હકીકત નીચેના કોઠા પરથી વધુ સ્પષ્ટ થશે.

કોઠો : 1 1811થી 1850-51 દરમિયાન ભારતમાંથી નિકાસ થયેલી વિવિધ વસ્તુઓ અને કુલ નિકાસકિંમતમાં તેમની ટકાવારી

| વર્ષ | ગળી | તૈયાર ચીજવસ્તુ | કાચું રેશમ | બરછટ કપાસ | અફીણ | ખાંડ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| 1811-12 | 18.5 | 33.0 | 8.3 | 4.9 | 23.8 | 1.5 | 90.0 |
| 1814-15 | 20.0 | 14.3 | 13.3 | 8.0 | N.A. | 3.0 | 58.6 |
| 1828-29 | 27.0 | 11.0 | 10.0 | 15.0 | 17.0 | 4.0 | 84.0 |
| 1834-35 | 15.0 | 7.0 | 8.0 | 21.0 | 25.0 | 2.0 | 78.0 |
| 1839-40 | 26.0 | 5.0 | 7.0 | 20.0 | 10.0 | 7.0 | 75.0 |
| 1850-51 | 10.9 | 3.7 | 3.8 | 19.1 | 30.1 | 10.0 | 77.6 |

N.A : Not Available

### 17.2.3 પ્લાસીના યુદ્ધ પછી વ્યાપારની સ્થિતિ (Trade after battle of Plassey)

1757 પૂર્વે ઈસ્ટ ઈન્ડિયા કંપની ભારતમાંથી જે ચીજવસ્તુઓની નિકાસ કરતી હતી તેના બદલામાં બહારથી તેટલા પ્રમાણમાં કીમતી ધાતુ ભારતમાં આયાત કરતી હતી. ધીમેધીમે આ સ્થિતિમાં પરિવર્તન આવ્યું. 1795 થી 1812ના સમયગાળામાં કંપની બંગાળમાંથી જેટલી ચીજવસ્તુઓની નિકાસ કરતી હતી તેના લગભગ ત્રીજા ભાગની વસ્તુઓ બંગાળમાં આયાત કરવા લાગી હતી.

પ્લાસીના યુદ્ધ પછીના છ દાયકા દરમિયાન વ્યાપારી મૂડી દ્વારા ભારતના શોષણની પ્રક્રિયા ચાલુ રહી. આ ગાળા દરમિયાન ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતમાં પોતાનું રાજકીય પ્રભુત્વ જમાવવા અને ભારતીય ઉપખંડના તમામ વેપારનો ઈજારો પોતાને હસ્તક લેવા પ્રયાસો કર્યા.

બંગાળની દીવાની મેળવ્યા પછી બંગાળમાં વેપારમૂડીના રોકાણ અર્થે બ્રિટને મોકલવા પડતા સોના-ચાંદીના જથ્થામાં ઘટાડો થયો. બંગાળની આર્થિક લૂંટ, વેરામુક્ત આંતરિક વ્યાપાર અને મહેસૂલી આવકની બચતનો ઉપયોગ કંપનીનાં સ્થાનિક રોકાણોમાં થતો ન હતો. કંપનીએ સ્થાનિક બજારોમાં જરૂરી માલ હસ્તગત કરવા માટે મુક્ત સ્પર્ધાની નીતિનો ત્યાગ કર્યો. કંપનીએ જરૂરી ચીજવસ્તુઓ પોતે નક્કી કરેલા ભાવે પૂરી પાડવાની ઉત્પાદકોને ફરજ પાડી. આ ભાવ સ્વાભાવિક રીતે ઘણા નીચા રહેતા. આ સ્થિતિની સમીક્ષા કરતા એક સમકાલીન સમીક્ષકે નોંધ્યું છે કે ''આ ક્ષેત્રે પ્રવર્તતી શઠતા કલ્પનાથી પર છે. તમામ બાબતોનું એક જ લક્ષ્ય છે - ગરીબ વણકર સાથેની છેતરપિંડી; કંપનીના ગુમાસ્તાઓ અને તેના મળતિયા જાંચદારો (કાપડના નિરીક્ષકો) વસ્તુઓના જે ભાવ નક્કી કરે તે જાહેર અથવા મુક્ત બજારભાવ કરતાં દરેક સ્થળે ઓછામાં ઓછા પંદરથી ચાલીસ ટકા જેટલા નીચા હોય છે.''

પ્લાસીના યુદ્ધથી 1813 સુધી બંગાળમાં કંપનીનું શાસન વાસ્તવમાં એક અરાજકતાપૂર્ણ સ્થિતિ હતી. કંપનીના નોકરો ખાનગી વ્યાપારમાં ડૂબેલા હતા અને ગેરકાયદેસર રીતે કમાયેલાં નાણાં મોટે ભાગે યુરોપિયન કંપનીઓ મારફત અથવા ચોરીછૂપીથી ચાલતા બ્રિટિશ વ્યાપાર દ્વારા યુરોપ ભેગા કરતા હતા.

### 17.2.4 યુરોપિયન વ્યાપારની અસર (The Impact of the European Trade)

1813 સુધી વ્યાપારવાદી વિચારધારાની અસર નીચે ભારતનું વ્યાપારી મૂડી દ્વારા શોષણ ચાલુ રહ્યું. આ સમય દરમિયાન ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું લક્ષ્ય સસ્તામાં સસ્તી કિંમતે ભારતીય બનાવટની ચીજવસ્તુઓની વધુમાં વધુ ખરીદી કરવાનું હતું, જેથી આ વસ્તુઓને ઈંગ્લૅન્ડ કે અન્ય દેશોમાં વેચીને

વધુમાં વધુ નફો રળી શકાય. બને તેટલા નીચા ભાવે વધુમાં વધુ ખરીદી કરવાની તેમની અણઘડ અને અંધાધૂંધ નીતિની ભારતના પરંપરાગત નિકાસ ઉદ્યોગ પર વિપરીત અસર પડી. ખાસ કરીને સુતરાઉ કાપડના ઉદ્યોગ પર તેની વધુ અસર પડી. આ સમયની આર્થિક સ્થિતિ અંગે પૂરતી આંકડાકીય માહિતીના અભાવને કારણે વિદ્વાનોએ બ્રિટન દ્વારા ભારતીય અર્થતંત્રના શોષણ અને તેની ભારતીય કારીગરો તથા કિસાનવર્ગ પર પડેલી વિનાશક અસરો માટે ગુણાત્મક પુરાવાઓ પર વધુ આધાર રાખ્યો છે.

એક તરફ કંપની દ્વારા ભારતીય ઉદ્યોગોની સ્વાર્થપૂર્ણ અંધાધૂંધ લૂંટ ચાલી રહી હતી ત્યારે બીજી બાજુ બ્રિટનમાં કાપડના ઉત્પાદકોએ ભારતથી આયાત થતા સારી ગુણવત્તા ધરાવતા કાપડ પર નિયંત્રણ મૂકવા જકાત નાખવા સ્થાનિક સરકાર પર દબાણ શરૂ કર્યું.

ઈ.સ. 1720 સુધીમાં બ્રિટનના ઉત્પાદકો ભારતથી આયાત થતા રેશમી અને રંગીન છાપકામવાળા કાપડ પર પ્રતિબંધ મૂકવામાં સફળ થયા હતા. ભારતીય મલમલ અને ઊંચી જાતના સુતરાઉ કાપડની સ્થાનિક વપરાશ પર ભારે કરવેરા નાખવામાં આવ્યા હતા. 1813માં સરકારે આ કરવેરામાં પુનઃ વધારો કર્યો.

ઈ.સ. 1813 સુધી કંપનીની નીતિની ભારતીય ઉદ્યોગો પર બેવડી રીતે વિનાશક અસર પડી હતી. તેમાં પણ કાપડઉદ્યોગ સૌથી વધુ અસર પામ્યો હતો. કંપની ભારતમાંથી બને તેટલી સસ્તી કિંમતે સુતરાઉ કાપડ ખરીદવા ઇચ્છતી હતી. તે માટે કારીગરો પર ભાત-ભાતનાં દબાણો અને જુલમો આચરવામાં આવ્યા હતા. ઈ.સ. 1789માં એક કાયદો પસાર કરી જો કારીગરો નક્કી કર્યા મુજબનો માલનો જથ્થો પૂરો પાડવામાં નિષ્ફળ જાય તો એડવાન્સના 35%જેટલો દંડ વસૂલ કરવાનું ઠરાવવામાં આવ્યું. કંપનીના લાલચું નોકરો દ્વારા ચાલતા ખાનગી વ્યાપાર અને ગમે તે રીતે નફો રળી લેવાની ટૂંકી દૃષ્ટિને પરિણામે ભારતીય ઉદ્યોગો અને અર્થતંત્રની ભારે પાયમાલી થઈ. બીજી તરફ ભારતમાં કંપનીની વેપારી ઇજારાશાહીને કારણે ભારતીય વ્યાપારના લાભથી વંચિત રહેલા ખાનગી વ્યાપારીઓ કંપનીના ટીકાકાર બન્યા હતા. તે સાથે બ્રિટનમાં વિકસી રહેલા નવા ઉદ્યોગોના ઉત્પાદકો પણ કંપનીની વ્યાપારનીતિનો વિરોધ કરતા હતા. કારણ કે સસ્તી કિંમતે સારી ગુણવત્તાવાળો માલ ભારતથી ઇંગ્લૅન્ડ પહોંચાડી કંપની તેમના ઉત્પાદન સામે હરીફાઈ કરી મોટો પડકાર ઊભો કરી રહી હતી.

કંપનીની શોષણપૂર્ણ ટૂંકી દૃષ્ટિ તથા સ્વતંત્ર વ્યાપારીઓના આગ્રહને કારણે ભારતીય માલ પર ઊંચી જકાત નાંખવામાં આવી હતી. પરિણામે ભારતીય ચીજવસ્તુઓની પડતર વધુ રહેતી. આ કારણે ભારતના ઔદ્યોગિક ઉત્પાદનની માંગ ઘટતી જતી હતી. સુતરાઉ કાપડની વિવિધ બનાવટોની કંપની દ્વારા થતી ખરીદીનું મૂલ્ય ઈ.સ. 1705માં રૂ. 92,68,770 હતું, જે ઘટીને 1799માં રૂ. 90,51,324 અને 1810માં રૂ. 25,50,000 જેટલું થઈ ગયું. બંગાળમાંથી કંપનીએ નિકાસ કરેલી સુતરાઉ કાપડની બનાવટોનું મૂલ્ય 1792માં રૂ. 61,67,851 હતું, જે ઘટીને 1823માં રૂ. 3,42,843 થઈ ગયું.

19મી સદીના પ્રારંભકાળે એક તરફ ભારતમાંથી નિકાસ થતા ઔદ્યોગિક માલમાં ઘટાડો અને પ્રાથમિક પેદાશોમાં વધારો થઈ રહ્યો હતો તો બીજી તરફ ભારતમાં આયાત થતી ચીજવસ્તુઓમાં ઔદ્યોગિક પેદાશોનું પ્રમાણ વધી રહ્યું હતું. કોઠા નં. 2માં આ સ્થિતિ સ્પષ્ટ કરેલી છે.

કોઠો : 2 1828 થી 1840 દરમિયાન ભારતમાં આયાત થયેલી કેટલીક ચીજવસ્તુઓ તેમનું મૂલ્ય અને પ્રમાણ.

| વર્ષ | સૂતર | | સુતરાઉ કાપડની બનાવટો | | ધાતુઓ | | આસવો | | ઊન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મૂલ્ય | ટકા | મૂલ્ય | ટકા | મૂલ્ય | ટકા | મૂલ્ય | ટકા | મૂલ્ય | ટકા |
| 1828-29 | 4.2 | 7.8 | 11.8 | 22.0 | 8.6 | 16.0 | 4.6 | 8.6 | 2.6 | 4.9 |
| 1831-32 | 5.1 | 11.4 | 9.6 | 21.4 | 8.6 | 19.1 | 2.5 | 5.5 | 2.1 | 4.6 |
| 1834-35 | 4.1 | 9.7 | 8.9 | 21.0 | 6.0 | 14.0 | 3.4 | 8.0 | 2.2 | 5.2 |
| 1837-38 | 6.2 | 12.8 | 13.6 | 28.0 | 5.1 | 10.6 | 2.6 | 5.3 | 1.4 | 2.9 |
| 1839-40 | 7.5 | 13.3 | 18.3 | 32.3 | 6.1 | 11.0 | 3.1 | 5.5 | 1.2 | 2.1 |

**મૂલ્ય :** દસ લાખના આંકડા સૂચવે છે.

ભારતના વિદેશવ્યાપારની ચીજવસ્તુઓના સંયોજનમાં આવેલું પરિવર્તન અને તેની ભારતીય ઉદ્યોગો પર પડેલી અસરને કેટલાક વિદ્વાનો ભારતીય ઉદ્યોગોની અવનતિ તરીકે ઓળખાવે છે.

### તમારી પ્રગતિ ચકાસો - 1

સાચા જવાબ સામે ખરાની નિશાની (✓) કરો :

1. ઔદ્યોગિક અવનતિ એટલે

(અ) ઉદ્યોગોમાં કમ્પ્યૂટરનો ઉપયોગ
(બ) દેશમાં ઉદ્યોગોનો અભાવ
(ક) દેશમાં ખેતીનો અભાવ
(ડ) ઉદ્યોગોમાંથી પ્રાપ્ત થતી આવકનું રાષ્ટ્રીય આવકમાં ઘટતું પ્રમાણ અને ઉદ્યોગો પર નભતી વસતીનું ઘટતું પ્રમાણ.

2. યુરોપમાં વ્યાપારના વિકાસના પ્રારંભકાળમાં અમેરિકામાં ખાણોનું સંશોધન
(અ) ભારત સાથેના વ્યાપારમાં કરવી પડતી ચુકવણીમાં સહાયરૂપ બન્યું.
(બ) યુરોપિયનોને ભારત સાથેનો વેપાર આટોપી લેવામાં સહાયરૂપ બન્યું.
(ક) તેની કોઈ જ અસર પડી નહિ.
(ડ) (અ) અને (બ) બંને અસરો પડી.

3. ઈ.સ. 1820 સુધીમાં હિંદમાં વ્યાપારના ક્ષેત્રે નીચે મુજબની સ્થિતિ સર્જાઈ હતી :
(અ) ભારતના યુરોપ સાથેના વ્યાપારની ચીજવસ્તુઓના સ્વરૂપમાં પરિવર્તન આવી ગયું હતું.
(બ) ભારત સાથેના વ્યાપારની ચીજવસ્તુઓના સ્વરૂપમાં કોઈ પરિવર્તન આવ્યું ન હતું.
(ક) બ્રિટનમાં નિકાસ થતી ભારતીય ઔદ્યોગિક પેદાશનું પ્રમાણ ઘટ્યું હતું.
(ડ) (અ) અને (બ) બંને.

## 17.3 ઔદ્યોગિક અવનતિ (De-Industrialization)

આર. સી. દત્ત અને પં. મદનમોહન માલવીય જેવા રાષ્ટ્રવાદી અર્થશાસ્ત્રીઓએ એવું સ્પષ્ટ કરવા પ્રયાસ કર્યો છે કે કંપનીશાસન દરમિયાન ભારતમાં ઔદ્યોગિક પાયમાલી સર્જાઈ હતી. આ માટે પુરાવા તરીકે ભારતમાં આયાત થયેલી ઔદ્યોગિક ચીજવસ્તુઓના આંકડા રજૂ કર્યા છે. તેમાં ખાસ કરીને માંચેસ્ટરમાં ઉત્પાદિત થયેલા કાપડને લગતા આંકડા પર વિશેષ ભાર મૂક્યો છે. આર. સી. દત્તે એવું દર્શાવ્યું છે કે ઇંગ્લૅન્ડ અને કેપ ઑફ ગુડ હોપની પૂર્વ દિશાએ આવેલાં તેનાં બંદરોથી ભારત તરફ નિકાસ થયેલા સુતરાઉ કાપડની બનાવટોનું મૂલ્ય 1794માં 156થી વધીને 1813માં 1,08,824 જેટલું થયું હતું. ઈ.સ. 1813 પૂર્વે ઇસ્ટ ઇન્ડિયા કંપનીની ઇજારાશાહીને કારણે ભારતીય ઉદ્યોગો અને તેમાં પણ ખાસ કરીને કાપડઉદ્યોગનું ભારે શોષણ થયું. પરિણામે આ ઉદ્યોગની એકધારી અવનતિ થવા પામી. કંપની કાપડના ઉત્પાદકોને બને તેટલા નીચા ભાવે ઉત્પાદન કરવા ફરજ પાડતી હતી, જેથી વેચાણ અને ખરીદકિંમત વચ્ચેનો તફાવત મોટો રહે અને કંપનીના નફામાં વધારો થાય.


ભારતીય બનાવટના કાપડની આયાત પર ઇંગ્લૅન્ડમાં મુકાયેલા અંકુશોને કારણે આ ઉદ્યોગની સ્થિતિ વધુ વણસી. કાંતણકામ અને વણાટકામના કારીગરોની આવકમાં ભારે ઘટાડો થયો. પરિણામે ઔદ્યોગિક વિકાસ માટે આવશ્યક એવા મૂડીસંચય અને ટેકનોલૉજીના વિકાસની પ્રક્રિયા રૂંધાવા પામી અને ઉદ્યોગને ક્ષેત્રે સ્થગિતતા તથા પતનનો પ્રારંભ થયો.

એક બાજુ કંપનીશાસન નીચે ભારતના પરંપરાગત ઉદ્યોગો પાયમાલ થઈ રહ્યા હતા, ત્યારે બીજી બાજુ ઇંગ્લૅન્ડમાં ઔદ્યોગિક ક્રાન્તિનો પ્રારંભ થયો હતો. ટેકનોલૉજીની પ્રગતિ અને ઔદ્યોગિક સંચાલનને ક્ષેત્રે મૂડીવાદી ઉત્પાદન-વ્યવસ્થાનો અમલ કરી ઇંગ્લૅન્ડે ઝડપી પ્રગતિ સાધી હતી.



3 Black-Smiths

વિકાસ પામતા બ્રિટિશ કાપડઉદ્યોગને એક બીજો પણ ફાયદો હતો, જે ભારતીય ઉદ્યોગોને ઉપલબ્ધ ન હતો. બ્રિટિશ ઉદ્યોગોમાં ટેકનોલૉજીનો પાયો ઝડપથી વિકસી રહ્યો હતો. તેને અર્થતંત્રના કદનો લાભ પણ મળતો હતો. આ ઉપરાંત, તેને આરંભનાં વર્ષોમાં વિદેશી સ્પર્ધા સામે કાળજીપૂર્વકની સુરક્ષા પણ પ્રાપ્ત થઈ હતી.



4 Paper-making

કેટલાક ઇતિહાસકારોએ એવો મત પ્રદર્શિત કર્યો છે કે બ્રિટનનાં મશીનોમાં તૈયાર થયેલ સૂતર અને કાપડની ભારતના કાપડઉદ્યોગ પર કોઈ વિપરીત અસર પડી ન હતી. કારણ કે બ્રિટિશ શાસન તળે સ્થપાયેલી રાજકીય સ્થિરતા, વાહન-વ્યવહારની વધેલી સગવડ તથા બજારોના વિસ્તારને કારણે ખેતીક્ષેત્રે માથાદીઠ ઉત્પાદનમાં વધારો થયો હતો. વળી, યંત્રો દ્વારા ઉત્પાદિત સસ્તા સૂતરની પ્રાપ્તિને કારણે સ્થાનિક હાથવણાટના ઉદ્યોગને ઉત્તેજન મળ્યું હતું. પરિણામે શરૂઆતમાં ઔદ્યોગિક ક્ષેત્રે થયેલું નુકસાન વૈકલ્પિક આર્થિક પ્રવૃત્તિ અને વધેલી માથાદીઠ આવકને કારણે ભરપાઈ થઈ ગયું હતું. પરંતુ ઐતિહાસિક પુરાવાઓ આ દાવાને સમર્થન આપતા નથી. ઓગણીસમી સદી દરમિયાન ભારતમાં માથાદીઠ આવકના વાસ્તવિક વધારા કે સુતરાઉ કાપડની બનાવટની વધેલી માંગના કોઈ પુરાવા ઉપલબ્ધ નથી. વળી, પ્રોફે. બિપીનચંદ્રએ દર્શાવ્યું છે તેમ સૂતરના એકમ દીઠ ભાવમાં થયેલા ઘટાડા કરતાં કાપડના એકમ દીઠ ભાવમાં થયેલ ઘટાડાનો દર વધારે ઝડપી હતો, તેથી ભારતીય વણકરને કોઈ લાભ થાય તેમ ન હતું.

## 17.4 તારણો (Couclusions)

ઉપર્યુક્ત ચર્ચા અને વિભિન્ન સ્થાનિક તથા પ્રાદેશિક અભ્યાસોને આધારે એક હકીકત સ્પષ્ટ થાય છે કે અસમાન અને શોષણપૂર્ણ સંબંધોને કારણે બ્રિટિશ શાસનની પહેલી સદી દરમિયાન ભારતીય ઉદ્યોગોની પાયમાલી સર્જાઈ હતી.

ભારતને ઉદ્યોગપ્રધાન દેશમાંથી પોતાના ઘરઆંગણાના ઉદ્યોગો માટે કાચો માલ પૂરો પાડનાર દેશમાં પરિવર્તિત કરવાની ઈસ્ટ ઇન્ડિયા કંપનીની ગણતરીપૂર્વકની નીતિ તેણે 1840માં સીલેક્ટ કમિટી સમક્ષ રજૂ કરેલી અરજીના નીચે દર્શાવેલા કેટલાક અંશોમાં સ્પષ્ટ થાય છે.

અરજીમાં તે જણાવે છે કે આ કંપની વિભિન્ન રીતોથી પોતાની આવડત અને કલા દ્વારા ભારતને ઔદ્યોગિક ઉત્પાદક દેશમાંથી કાચો માલ પૂરો પાડનાર દેશમાં પરિવર્તિત કરવામાં સફળ બની છે. આ દેશ અને ભારત વચ્ચે વિશિષ્ટ પ્રકારના સંબંધો સ્થાપિત કરી ભારતમાંથી દર વર્ષે ત્રીસ લાખ જેટલી રકમ એકઠી કરી ગૃહખર્ચ તરીકે ઇંગ્લૅન્ડને ચૂકવી છે. ઉદ્યોગપ્રધાન દેશમાંથી કાચો માલ પૂરો પાડનાર દેશ તરીકે ભારતના બદલાયેલા સ્વરૂપને ધ્યાનમાં લઈ સંસદે તેની ખેતપેદાશને પૂરતું સંરક્ષણ પૂરું પાડવું જોઈએ.

સામ્રાજ્યવાદી શાસનવ્યવસ્થાએ ભારતના પરંપરાગત ઉદ્યોગો પર વિપરીત અસર જન્માવી હતી. અલબત્ત, પ્રત્યેક ઉદ્યોગ પર તેની અસર જુદીજુદી હતી.

ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો પોતાના ફુરસદના સમયમાં પૂરક વ્યવસાય તરીકે જે વિવિધ હસ્તઉદ્યોગો ચલાવતા હતા તેને કારખાનામાં બનેલી વિદેશી ચીજવસ્તુઓની સ્પર્ધાનો સામનો કરવો પડ્યો નહિ. તે જ રીતે ગામડાના કુંભાર, સુથાર, લુહાર જેઓ સ્થાનિક જરૂરિયાતોનું ઉત્પાદન કરતા હતા તેમના પર પણ મર્યાદિત અસર પડી હતી. દેશમાંથી ચામડાની નિકાસ થવાને કારણે ચર્મઉદ્યોગ સાથે સંકળાયેલા કારીગરો પર વધુ અસર પડી હતી. તે જ રીતે ગ્રામોદ્યોગોમાં બનેલી ચીજવસ્તુઓનાં ગામ બહાર જે વ્યાપક બજારો હતાં તેને પણ વિદેશી ચીજવસ્તુઓની આયાતે ભારે નુકસાન કર્યું હતું. સૌથી ગંભીર અસર મોજશોખની ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતા શહેરી કારીગરો પર પડી હતી. તેમનો ખરીદાર શ્રીમંત વર્ગ હવે વિદેશી વસ્તુઓ પ્રત્યે આકર્ષાયો હતો. આ કારણે તેમની માંગ ઘટી ગઈ હતી. આમ, હિંદની ઔદ્યોગિક અવનતિની મુખ્ય લાક્ષણિકતાઓ ટૂંકમાં નીચે પ્રમાણે દર્શાવી શકાય :

(1) આયાત થતી વિદેશી ઔદ્યોગિક ચીજવસ્તુઓ કેટલીક ભારતીય ચીજવસ્તુઓનો વિકલ્પ આપવામાં નિષ્ફળ ગઈ.

(2) ગ્રામ્ય સ્તરે આધુનિક બજારોના અપૂરતા સંકલનને કારણે સ્થાનિક ઉત્પાદનોને કેટલેક અંશે સંરક્ષણ મળ્યું હતું.

(3) કેટલાક કિસ્સાઓમાં પરંપરાગત ઉદ્યોગો પૂરતું વળતર આપતા ન હોવા છતાં અન્ય વૈકલ્પિક વ્યવસાયોના અભાવમાં આ ઉદ્યોગો ફરજિયાતપણે ચાલુ રાખવા પડ્યા.

**તમારી પ્રગતિ ચકાસો - 2**

1. **ઔદ્યોગિક અવનતિ પરત્વે રાષ્ટ્રવાદી અર્થશાસ્ત્રીઓના વિચારો ટૂંકમાં જણાવો.**

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

2. **બ્રિટિશ સંસ્થાનવાદી નીતિથી ભારતના વિવિધ ઉદ્યોગોને કેવા પ્રકારની અસરો થઈ ?**

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

## 17.5 સારાંશ (Conclusion)

સમકાલીન દસ્તાવેજો તથા સાંસ્થાનિક અર્થવ્યવસ્થાની કેટલીક સ્વાભાવિક મર્યાદાઓને ધ્યાનમાં લઈ ચર્ચાનું સમાપન કરતાં કહી શકાય કે સાંસ્થાનિક શાસનવ્યવસ્થાની પહેલી સદી દરમિયાન ભારતીય ઉદ્યોગોને બ્રિટિશ ઉદ્યોગો સાથે સ્પર્ધામાં ઊતરવું પડ્યું હતું. રાજકીય પક્ષપાત તથા ટેકનોલૉજીના વિકાસના અભાવમાં આ સ્પર્ધાને કારણે ભારતીય ઉદ્યોગોની અવનતિ થઈ હતી.

## 17.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો - 1**

1. વિભાગ 17.1 જુઓ.
2. પેટા વિભાગ 17.2.1 જુઓ.
3. પેટા વિભાગ 17.2.4 જુઓ.

**તમારી પ્રગતિ ચકાસો - 2**

1. વિભાગ 17.3 જુઓ.
2. વિભાગ 17.4 જુઓ.

## 17.7 ચાવીરૂપ શબ્દો (Key-words)

**રાષ્ટ્રીય આવક :** રાષ્ટ્રની અર્થવ્યવસ્થાની બધી જ ઉત્પાદક પ્રવૃત્તિઓમાંથી થતી આવક.
**બુલિયન :** અત્રે સોનું એવો અર્થ લેવાનો.
**વેપારની નિશ્ચિત સમતુલા :** આયાત કરતાં નિકાસમાં વધારો.
**ઉત્પાદકતા :** મૂડી અને માનવશક્તિના રોકાણ બાદ ખેતી કે ઉદ્યોગમાં ઉત્પાદનનું ધોરણ.
**વાસ્તવિક આવક :** બજારભાવ, વગેરેને ધ્યાનમાં રાખીને થતી આવક.
**મૂડીરોકાણ :** દ્રવ્ય, યંત્રો વગેરેનું ઔદ્યોગિક ઉત્પાદન માટે કરવામાં આવતું રોકાણ.

# એકમ : 18 સાંસ્થાનિક શાસનની આર્થિક અસરો (Economic Impact of Colonial Rule)

**રૂપરેખા**


18.0 હેતુઓ અને પ્રસ્તાવના
18.1 સ્થાનિક મૂડીની આધીનતા
18.2 બજાર અને ઉત્પાદકો પરનું પ્રભુત્વ
18.3 શહેરી અને ગ્રામ્ય વિસ્તારો
18.4 મૂડીનું સ્થળાંતર
18.5 વિદેશવેપાર
18.6 ભારતીય રેલવે અને બ્રિટિશ મૂડી
18.7 સારાંશ
18.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
18.9 મહત્ત્વના શબ્દો
18.10 સંદર્ભગ્રંથો


## 18.0 હેતુઓ અને પ્રસ્તાવના (Objective and Introduction)

અગાઉના એકમોમાં આપણે ભારતમાં વિદેશી કંપનીઓનું આગમન, ભારતમાં વ્યાપારી ક્ષેત્રે તેમની કામગીરી, તેમાંથી ઇસ્ટ ઇન્ડિયા કંપનીના પ્રભુત્વનો પ્રારંભ, વ્યાપારી ક્ષેત્રે ઇસ્ટ ઇન્ડિયા કંપનીની ઇજારાશાહીની સ્થાપના, અઢારમી સદીની ભારતની રાજકીય પરિસ્થિતિનો લાભ લઈ ભારતમાં રાજકીય સત્તા તરીકે તેનો ઉદય, સત્તાની મદદથી ભારતના અર્થતંત્રમાં પોતાને લાભદાયક રીતે કરેલા ફેરફારો, આ જ ગાળા દરમિયાન ઇંગ્લેન્ડમાં થયેલી ઔદ્યોગિક ક્રાન્તિ, વ્યાપારી મૂડીવાદમાંથી ઔદ્યોગિક મૂડીવાદનો ઉદય, ભારતીય અર્થતંત્ર પર પડેલી તેની દૂરોગામી અસરો, ભારતીય ખેતીનું વ્યાપારીકરણ, ઉદ્યોગોની અવનતિ વગેરે મુદ્દાઓનો અભ્યાસ કર્યો. આ એકમમાં સાંસ્થાનિક રાજ્યવ્યવસ્થાએ ભારતના અર્થતંત્રમાં જે કેટલાંક અન્ય પરિવર્તનો જન્માવ્યાં તે તપાસીશું. જેમાં ભારતીય વેપારીઓ તથા શરાફોની બદલાયેલી ભૂમિકા, નવી બજારવ્યવસ્થાની ભારતીય કારીગરો તથા ખેડૂતો પર પડેલી અસરો, પરંપરાગત ઔદ્યોગિક શહેરોનું પતન, ગ્રામ્ય વિસ્તારોમાં દુષ્કાળથી સર્જાયેલી બેહાલી, ભારતમાં બ્રિટિશ મૂડી અને સાંસ્થાનિક રાજ્યના સહકારથી રેલવેનો વિકાસ વગેરે મુદ્દાઓનો અભ્યાસ કરીશું. આ ચર્ચામાંથી આપણને એક હકીકત સ્પષ્ટ થશે કે એક સમયનું ઉદ્યોગપ્રધાન, પોતાના ઉત્પાદનનું વિદેશોમાં મોટા પાયે વેચાણ કરી અઢળક સંપત્તિ કમાનાર, ભારત ઓગણીસમી સદીના પ્રારંભિક દાયકાઓ સુધીમાં ઇંગ્લેન્ડનાં કારખાનાંઓ માટે કાચો માલ પૂરો પાડનાર અને ત્યાંના ઉદ્યોગો દ્વારા ઉત્પાદિત તૈયાર ચીજવસ્તુઓના વેચાણ માટેના વિશાળ બજારમાં ફેરવાઈ ગયું. તે સાથે તેની આર્થિક પાયમાલી સર્જાઈ.

## 18.1 સ્થાનિક મૂડીની આધીનતા (Subordination of 'Native' Capital)

વ્યાપારી મૂડીવાદના તબક્કામાં ભારત સાથેના વેપારમાં વિદેશી કંપનીઓને સ્થાનિક, ભારતીય વેપારીઓના સહકારની જરૂર પડતી હતી. ખાસ કરીને ભારતમાં કરાતી ખરીદીમાં તેમની મદદ આવશ્યક હતી. પરંતુ અઢારમી સદીના ઉત્તરાર્ધમાં જેમ જેમ બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીની રાજકીય વગ ભારતમાં વધતી ગઈ અને ભારતના વિદેશ વ્યાપારનો દોર તેના હાથમાં આવતો ગયો તેમતેમ ભારતીય વેપારીઓનું સ્થાન કંપનીના આશ્રિત દલાલ જેવું બની ગયું. કેટલાક કિસ્સાઓમાં તો તેઓ માત્ર કંપનીના સેવકોની સ્થિતિમાં આવી ગયા. આ પરિસ્થિતિનું નિર્માણ કેવી રીતે થયું તે હવે આપણે જોઈશું.

અઢારમી સદીના મધ્ય ભાગમાં ભારતના જુદાજુદા વિસ્તારોમાં વિવિધ કોમના સમૃદ્ધ વેપારીઓ વ્યાપારી પ્રવૃત્તિમાં રોકાયેલ હતા. ગુજરાતમાં હિંદુ, જૈન અને વહોરા કોમના વેપારીઓ, પંજાબ અને સિંધમાં ખત્રીઓ અને લોહાણા, રાજસ્થાનના મારવાડી વાણિયાઓ, કેરાલાના મોપલા, સિરિયન ખ્રિસ્તીઓ તથા કોચીનના યહૂદીઓ, તામિલનાડુ તથા આંધ્રના કિનારે ચેટ્ટીઓ અને કોમટીઓ તથા બંગાળમાં વણિકો વેપારને ક્ષેત્રે ભારે પ્રભાવ ધરાવતા હતા. બ્રિટિશ શાસન પૂર્વે તેઓ વેપાર ઉપરાંત અન્ય કેટલીક કામગીરી પણ બજાવતા હતા, જે નીચે પ્રમાણે હતી :

(1) તેઓ વિવિધ રીતે મહેસૂલની ઉઘરાણીના કાર્યમાં મદદરૂપ બનતા. ખેતપેદાશનું નાણાંમાં પરિવર્તન કરવું, રાજ્યની તિજોરીમાં જમીનદારો કે ઇજારદારો વતી મહેસૂલની ચુકવણી તથા મહેસૂલી જમીનનું કાર્ય કરતા.

(2) મહેસૂલની ચુકવણીની પ્રક્રિયામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવતા. દા.ત. બંગાળના નવાબે મુઘલ

સમ્રાટને જે વાર્ષિક ખંડણી ભરવી પડતી તે બંગાળના જગતશેઠની પેઢી પોતાની હૂંડી દ્વારા મોકલી આપતી.

(3) ભારતીય બૅંકરો તથા શરાફો એક ચલણમાંથી બીજા ચલણમાં મૂડીની ફેરબદલીના કાર્યમાં પણ સહાયભૂત બનતા. અઢારમી સદીમાં ભારતમાં અસંખ્ય નાનાંમોટાં પ્રાદેશિક રાજ્યો હતાં. દરેકનાં અલગ-અલગ ચલણો હતાં. વળી, વિદેશોમાંથી પણ વિવિધ પ્રકારના ચલણી સિક્કાઓ ભારતમાં આવતા. તે સમયે આ પ્રકારની કામગીરી ઘણી મહત્ત્વની હતી.

(4) યુદ્ધ અને લશ્કરી કૂચના સમયમાં રાજ્યને જરૂરી રશદ પહોંચાડવામાં આ પરંપરાગત વ્યાપારી કોમો નોંધપાત્ર સેવા આપતી. સત્તરમી સદીના ઉત્તરાર્ધથી લશ્કરી અથડામણો વધતી ગઈ. આ સંજોગોમાં લશ્કરને જરૂરી રશદ પહોંચાડવા, સૈનિકોના પગાર ચૂકવવા, લૂંટેલા માલનું વેચાણ કરવું વગેરે કાર્યો માટે વેપારીઓ અને વણઝારાઓની સેવા લેવી પડતી.

(5) આ ઉપરાંત વેપારીઓ અને બૅંકરો રાજ્યને યુદ્ધ, દુષ્કાળ જેવી કટોકટીની સ્થિતિમાં તથા રોજિંદા વ્યવહારોમાં જરૂરી ધિરાણ આપતા.

આમાં સાંસ્થાનિક વ્યવસ્થા પૂર્વે ભારતમાં રાજ્ય અને વેપારીવર્ગ તથા બૅંકરો વચ્ચે એક પ્રકારના સહકાર અને પરસ્પરાવલંબનની સ્થિતિ પ્રવર્તતી હતી. અઢારમી સદીના છેલ્લા અને ઓગણીસમી સદીના પ્રારંભિક દાયકાઓ દરમિયાન જેમજેમ સ્થાનિક સત્તાઓ બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીની શરણાગતિ સ્વીકારતી ગઈ અને કંપનીનું ભારતીય અર્થતંત્ર પર વર્ચસ્વ જામતું ગયું તેમતેમ આમાંના કેટલાંક વ્યાપારીગૃહો બંધ થતાં ગયાં. ઉદાહરણ તરીકે 1765માં બંગાળની દીવાની કંપનીના હાથમાં આવ્યા પછી બંગાળના નવાબના બૅંકર અને શરાફ તરીકેની જગતશેઠ કુટુંબની કામગીરી બંધ પડી. તે જ રીતે ચલણ બહાર પાડવાના આ પેઢીના અધિકારો પણ કંપનીએ ધીમેધીમે પોતાના હાથમાં લઈ લીધા. આ જ પ્રમાણે અન્ય ભારતીય પેઢીઓના વિદેશી ગ્રાહકો પણ ઈસ્ટ ઇન્ડિયા કંપની તથા કલકત્તાનાં એજન્સીગૃહોના હાથમાં ચાલ્યા ગયા.

અઢારમી સદીના ઉત્તરાર્ધ દરમિયાન નિકાસના વેપારમાં પ્રવૃત્ત ભારતીય વેપારીઓની સ્થિતિમાં પણ ભારે પરિવર્તન આવ્યું. ભારતની સૌથી વધુ નિકાસ થતી સુતરાઉ કાપડની બનાવટોના વેપારમાં આ બાબત વધુ સ્પષ્ટ રીતે જોઈ શકાશે. 1753 સુધી બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની અને સ્વતંત્ર વેપારીઓ ભારતમાં કાપડની ખરીદી માટે સ્થાનિક વેપારીઓ પર આધાર રાખતા હતા. આ વેપારીઓ 'દાદની' વેપારીઓ તરીકે ઓળખાતા. તેમના દ્વારા કંપની કાપડના ઉત્પાદકો અને કારીગરોને અગાઉથી નાણાં ચૂકવી આપતી હતી. 1757 પછી કંપનીએ આ વ્યવસ્થા બદલી નાખી. સ્વતંત્ર વેપારીઓને બદલે તેણે કમિશન પર પોતાના ગુમાસ્તાઓ રાખવાની પ્રથા શરૂ કરી. તેઓ જેટલી કિંમતનું કાપડ ખરીદે તેના પર નિશ્ચિત દરે તેમને કમિશન અપાતું. 1757માં પ્લાસીના વિજય પછી કંપનીની રાજકીય સત્તામાં વધારો થવાથી કંપનીએ ધીમેધીમે ખાનગી વેપારીઓને બદલે આવા દલાલો પર આધાર રાખવાનું શરૂ કર્યું. ઈ.સ. 1775માં નવી 'કરાર પદ્ધતિ' શરૂ થઈ. તેને કારણે ભારતીય બ્રોકરોની સરખામણીમાં કંપનીની સ્થિતિ વધારે મજબૂત બની. છેલ્લે ઈ.સ. 1789માં પ્રત્યક્ષ એજન્સી પ્રથા અમલમાં આવી, જેને કારણે ખરીદી તથા વેપારમાં તમામ મધ્યવર્તી ભારતીય વેપારીઓ નાબૂદ થયા. આમ, અઢારમી સદીના અંત સુધીમાં તમામ ભારતીય મધ્યવર્તી વેપારીઓ ધીમેધીમે કંપનીના આશ્રિત (દા.ત., મીઠા તથા સુરોખારનો ઉદ્યોગ) બની ગયા અથવા તો તેમની સંપૂર્ણ રીતે હકાલપટ્ટી થઈ (દા.ત., કાચું રેશમ, સુતરાઉ કાપડ વ. ઉદ્યોગો).

ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં ભારતીય ઉત્પાદનની નિકાસની અવનતિને કારણે ભારતીય વ્યાપારીઓની તકોમાં વધુ ઘટાડો થયો. શણ તથા અફીણનો જે નવો વેપાર શરૂ થયો તેમાં ભારતીય વેપારીઓની ભૂમિકા સંપૂર્ણ રીતે બ્રિટિશ એજન્સીગૃહોના આશ્રિતો અને સહાયકો તરીકેની રહી. ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં ભારતીય વેપારીઓની કામગીરી નાના પાયા પરના ધિરાણ, સ્થાનિક ખેતપેદાશો અને ગૃહઉદ્યોગોની ચીજવસ્તુઓના વેપાર તથા આયાતી ચીજવસ્તુઓના વેચાણ પૂરતી મર્યાદિત બની ગઈ.

આમ છતાં એ બાબત નોંધવી જોઈએ કે વિદેશી મૂડીના પ્રભાવ નીચે કાર્ય કરવાનું હોવા છતાં ભારતીય વેપારીઓ માટે વેપારી પ્રવૃત્તિ અને મૂડીસંચય માટે ઠીકઠીક તક હતી. ખાસ કરીને પશ્ચિમ ભારતમાં કેટલાંક રાજાશાહી રાજ્યોમાં મોટા પાયે ઉત્પાદિત થતી અફીણ, રૂ જેવી પેદાશોના વેપારમાંથી ભારતીય વેપારીઓ સારો એવો નફો પ્રાપ્ત કરી શકતા હતા. ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં ઘણા પારસી વેપારીઓ આ ચીજવસ્તુઓની નિકાસ કરતા હતા. તેમાંથી પ્રાપ્ત કરેલી મૂડીનું તેઓ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં મુંબઈમાં કાપડઉદ્યોગને ક્ષેત્રે રોકાણ કરવા શક્તિમાન બન્યા. પોતાની આગવી સૂઝ તથા વ્યવસ્થાપન શક્તિને કારણે વીસમી સદી દરમિયાન તેઓ માંચેસ્ટરના કાપડઉદ્યોગ માટે ભારે પડકારરૂપ બન્યા હતા.

## 18.2 બજાર અને ઉત્પાદકો પરનું પ્રભુત્વ (Domination : Market and Producers)

વેપારના ક્ષેત્રમાંથી હવે ચર્ચા સામાન્ય ઉત્પાદકો, ખેડૂતો અને કારીગરોની પ્રવૃત્તિ તરફ વાળીશું. આ

સમયની સામાન્ય ખેડૂતો, કારીગરો અને ઉત્પાદકોની આવક તથા રાષ્ટ્રીય આવકમાં તેમના હિસ્સા અંગે જાણકારી આપતી ખાસ કોઈ માહિતી ઉપલબ્ધ નથી. આમ છતાં કંપનીશાસન દરમિયાન ઉત્પાદન તથા વેચાણવ્યવસ્થાની સ્થિતિ, કંપનીની વેપારનીતિ, સ્વતંત્ર યુરોપિયન વ્યાપારીઓ તથા એજન્સીગૃહોની ભારતીય ઉત્પાદનવ્યવસ્થા પર પડેલી અસરો વગેરે બાબતો અંગે વિપુલ માહિતી ઉપલબ્ધ છે, તે અંગે કેટલીક ચર્ચા આપણે ચૌદમા એકમમાં કરી છે. આ મુદ્દામાં તેને વધુ વિગતે તપાસીશું.

વેપારી મૂડીવાદનું મુખ્ય લક્ષ્ય 'સસ્તી ખરીદી અને ઊંચા દામે વેચાણ'નું હતું. આ માટે વેપારની ઇજારાશાહી એ આવકાર્ય બાબત હતી. વળી, તેમાં જો રાજકીય સત્તા અને વિવિધ દાબયુક્તિઓનો લાભ લઈ શકાય તો તે વધુ ફાયદાકારક બને તેમ હતું. ઈસ્ટ ઇન્ડિયા કંપનીને 1765 પછી રાજસત્તા તરીકે આ લાભ પ્રાપ્ત થયો હતો. બંગાળથી શરૂઆત કરીને ઓગણીસમી સદીના પૂર્વાર્ધ સુધીમાં સંપૂર્ણ ભારત પર તેણે પોતાને લાભદાયક એવી આર્થિક વ્યવસ્થા સ્થાપી દીધી હતી.

ચૌદમા એકમમાં આપણે જોયું કે બંગાળમાં ઈસ્ટ ઇન્ડિયા કંપની અને ખાનગી વેપારમાં પડેલા તેના નોકરોની એક સામૂહિક ઇજારાશાહી 1770 અને 1780ના દાયકા દરમિયાન કાપડ તથા અન્ય કેટલીક વપરાશી પેદાશોના ખરીદવેચાણને ક્ષેત્રે સ્થાપિત થઈ હતી. આનો અર્થ એ હતો કે કારીગરે પોતાનું ઉત્પાદન કંપની કે તેના નોકરોને વેચ્યા વગર છૂટકો ન હતો. મહદ્ અંશે આ માટે બળનો પ્રયોગ કરવામાં આવતો હતો. કંપની અને સ્થાનિક કારીગરો વચ્ચેના સંબંધોમાં 1750 થી 1780 દરમિયાન આવેલું પરિવર્તન એ આ નવી વ્યવસ્થાનું સુંદર ઉદાહરણ છે.

અઢારમી સદીના મધ્ય ભાગ સુધી ભારતીય કારીગર કે ઉત્પાદક પોતાનું ઉત્પાદન બ્રિટિશ, ફ્રેંચ કે ડચ કંપનીઓ કે ખાનગી વેપારીઓને વેચવા માટે સ્વતંત્ર હતો. 1750 પછી કંપનીના ગુમાસ્તા તેમને આ ઉત્પાદન માત્ર અંગ્રેજોને જ વેચવા માટે દબાણ કરવા લાગ્યા. લશ્કરી તાકાત દ્વારા ફ્રેંચ તથા ડચ કંપનીને વેપારી હરીફાઈમાંથી હાંકી કાઢ્યા પછી આ પ્રક્રિયા વધુ સરળ બની. છેતરપિંડી તથા શોષણના વિવિધ માર્ગો શોધી કાઢવામાં આવ્યા. બ્રિટિશ ફેક્ટરીઓ (ગોદામો)ના માલિકો ગુમાસ્તાઓ દ્વારા કારીગરોને હેરાન કરતા તથા ધાકધમકી આપતા. તેમના દ્વારા આગોતરું ધિરાણ લેવાની ફરજ પાડતા અને પછી દેવા પેટે પોતાની શરતે માલનું ઉત્પાદન કરાવતા. 1780ના દાયકામાં આ પરિસ્થિતિમાંથી 'ખાતાબંધી' તરીકે ઓળખાતી નવી પ્રથા વિકાસ પામી. બંગાળ સરકારે પસાર કરેલા એક કાયદા અનુસાર કારીગરોને પોતાનું બધું જ ઉત્પાદન કંપનીને વેચવાની ફરજ પાડવામાં આવી. આમ, બળપ્રયોગ તથા કંપની સરકારના કાયદાઓ દ્વારા સ્વતંત્ર કારીગરોને મુક્ત બજારમાં પ્રવેશતા રોકવામાં આવ્યા. ધીમેધીમે તેમની સ્થિતિ વેઠિયા મજૂરો જેવી બની ગઈ.

આવું જ બીજું ઉદાહરણ ગળીના કારીગરોનું હતું. રૈયતવારી પદ્ધતિમાં ગળીના ઉત્પાદકો દ્વારા ખેડૂતોને ગળીનું વાવેતર કરવા તથા સસ્તી કિંમતે કાચો માલ કારખાનેદારોને પૂરો પાડવા ફરજ પાડવામાં આવતી. અફીણનું ઉત્પાદન પણ થોડેઘણે અંશે આ પ્રકારના દબાણ હેઠળ કરવામાં આવતું.

આ પ્રકારની અંશતઃ ઇજારાશાહી તથા દાબનીતિનું સ્વાભાવિક પરિણામ એ આવ્યું કે બજારમાં ખરીદનારનું વર્ચસ્વ સ્થપાયું. કિંમતો ગ્રાહક દ્વારા નિર્ધારિત થાય તેવી સ્થિતિ સર્જાઈ. અહીં ગ્રાહકો તરીકે ઈસ્ટ ઇન્ડિયા કંપની, તેના નોકરો, પાછળથી ખાનગી બ્રિટિશ વેપારીઓ, બગીચાઓના માલિકો અને એજન્સીગૃહો હતાં.

અઢારમી સદીના ઉત્તરાર્ધ દરમિયાન બ્રિટિશ ફેક્ટર કારીગરોને બને તેટલો ઓછો દર આપવા પ્રયાસ કરતા. તે જ રીતે ઓગણીસમી સદીના પૂર્વાર્ધ દરમિયાન ગળીનો ઉત્પાદક ખેડૂતોને જેટલી ઓછી રકમ ચૂકવવી પડે તે માટે ઉત્સુક રહેતો. આ માટે તેઓ શાસક વર્ગના પ્રતિનિધિ તરીકે શક્ય તેટલી બળની નીતિનો ઉપયોગ કરતા. વણકરો કે કિસાનોને ઓછી કિંમત ચૂકવીને ઇંગ્લિશ વેપારીઓ તફાવતની રકમમાંથી તગડો નફો રળી લેતા, પરિણામે શ્રમજીવી વર્ગ નિર્વાહ પૂરતી રોજીથી ભાગ્યે જ કશું વધારે કમાઈ શકતો.

જ્યાં કપાસ, ગળી, અફીણ જેવી ચીજવસ્તુઓના વેચાણમાંથી જ મોટા પ્રમાણમાં નફો મેળવી શકાતો હોય ત્યાં તેના વેપારીઓને તેના ઉત્પાદનમાં નાણાં રોકવાનું કોઈ આકર્ષણ રહે નહિ તે સ્વાભાવિક છે. બીજી બાજુ નીચી કિંમતે ઉત્પાદન વેચવાની ફરજ પડતી હોવાથી તેના ઉત્પાદકોની પાસે ભાગ્યે જ એવી કોઈ બચત રહેતી કે ઉત્પાદન-પદ્ધતિના વિકાસ અર્થે કોઈ મૂડીરોકાણ કરવા તે શક્તિમાન બની શકે. ખેડૂતો તથા કારીગરો પોતાની તથા કુટુંબની પાયાની જરૂરિયાતો પૂરી કરી શકે તેવી સ્થિતિમાં પણ ન હતા. તે સંજોગોમાં જમીનનું સંવર્ધન, ઉત્પાદનનાં સાધનોનું આધુનિકીકરણ, પશુઓની સંખ્યામાં વધારો તથા તેમની માવજત જેવી બાબતો પાછળ નાણાં ખર્ચવાની તેમની શક્તિ ન હતી. આ કારણે ઉત્પાદન વધારા માટે ટેકનોલૉજીને ક્ષેત્રે જરૂરી મૂડીરોકાણનો દેશમાં અભાવ હતો. આ સ્થિતિને કારણે ઓગણીસમી સદી દરમિયાન ભારતમાં ટેકનોલૉજીના વિકાસ તથા ઉત્પાદનને ક્ષેત્રે સ્થગિતતાની સ્થિતિ સર્જાઈ. આ ક્ષેત્રે વિદેશી તથા ભારતીય મૂડીની ભૂમિકા એકસરખી હતી. ફેરમાત્ર એટલો જ હતો કે આ પરિસ્થિતિના પ્રારંભે વિદેશી મૂડીવાદી બળોને વિદેશી સરકારનું સમર્થન પ્રાપ્ત થયું હતું.

આમ, ભારતમાં મૂડીનો ઉત્પાદન-પદ્ધતિને ક્ષેત્રે પ્રવેશ શક્ય બન્યો નહિ. મૂડીરોકાણ દ્વારા આ ક્ષેત્રનું સંવર્ધન અને વિકાસ થયો નહિ, પરિણામે ટેકનોલૉજી અને ઉત્પાદન-પદ્ધતિ પરંપરાગત સ્વરૂપની રહેવા

પામી. તેનું આધુનિકીકરણ શક્ય બન્યું નહિ. અલબત્ત, જુદાજુદા વિસ્તારો તથા ઉદ્યોગોમાં તેનું સ્વરૂપ ભિન્ન ભિન્ન હતું. કેટલાક કિસ્સાઓમાં ઉત્પાદન ક્ષેત્રે મૂડીરોકાણનું પ્રમાણ વધારે હતું. દા.ત., બંગાળમાં કાચા રેશમના ઉત્પાદનને ક્ષેત્રે ભાડૂતી રોજગારીનું પ્રમાણ સવિશેષ હતું. તે જ રીતે ગળીના ઉત્પાદનમાં 'નીજવાડી' પ્રથા, જેમાં ઉત્પાદકો જાતે ગળીનું ઉત્પાદન કરતા, તેમાં પણ ખેડૂતોને મોટી સંખ્યામાં રોકવામાં આવતા. અલબત્ત, આ અપવાદરૂપ કિસ્સા હતા અને ઉત્પાદનના ખૂબ જ મર્યાદિત ક્ષેત્રને અસર કરતા હતા.

## 18.3 શહેરી અને ગ્રામીણ વિસ્તાર (City and Countryside)

કંપનીશાસન દરમિયાન લોકોની સંપત્તિ અને સુખાકારીના માપદંડના અભાવમાં મોટા ભાગના ઇતિહાસકારોએ લોકોની આર્થિક સ્થિતિના મૂલ્યાંકન માટે તે સમયે પડેલા દુષ્કાળોનાં પ્રમાણ અને તેની વિનાશકતા પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેના દ્વારા ખાસ કરીને કૃષિ ક્ષેત્રે પ્રવર્તતી સ્થિતિ અંગે કેટલોક ખ્યાલ મેળવી શકાય છે. દુષ્કાળની ભીષણતા તેમાં મૃત્યુ પામેલા લોકોની સંખ્યાને આધારે માપી શકાય. પરંતુ તે અંગેની આંકડાકીય માહિતીનો અભાવ તેમાં અવરોધરૂપ બને છે. વળી, દુષ્કાળ અને રોગચાળો લગભગ એકસાથે ફાટી નીકળતા હોવાને કારણે કેટલાં મૃત્યુ દુષ્કાળને કારણે અને કેટલાં રોગચાળાને કારણે થયાં તેનો અંદાજ મેળવવો પણ મુશ્કેલ બને છે. આથી આપણે આંકડાઓને બદલે દુષ્કાળે સર્જેલી સ્થિતિ અંગેના ગુણાત્મક હેવાલો પર વધુ આધાર રાખવો પડે છે.

અઢારમી સદીના મધ્ય ભાગથી ભારતમાં મોટી સંખ્યામાં વ્યાપક દુષ્કાળ પડ્યા હતા. ઉત્તર ભારતમાં 1759માં સિંધમાં, 1783માં ઉત્તર પ્રદેશ, 1837-38માં યુ.પી., પંજાબ, રાજસ્થાન દુષ્કાળમાં સપડાયાં હતાં. પશ્ચિમ ભારતમાં ગુજરાત અને મહારાષ્ટ્રના પ્રદેશો 1787, 1790-92, 1799થી 1804, 1812-13, 1819-20, 1824-25, 1833-34 દરમિયાન દુષ્કાળનો ભોગ બન્યા હતા. દક્ષિણ ભારતના પ્રદેશોમાં 1781-82, 1790-92, 1806-07, 1824-25, 1833-34 તથા 1853-55માં દુષ્કાળ પડ્યો હતો. પૂર્વ ભારતમાં દુષ્કાળનું પ્રમાણ ઓછું હતું, છતાં 1770માં બંગાળમાં પડેલો દુષ્કાળ આ સમયગાળા દરમિયાન સૌથી ભીષણ દુષ્કાળ હતો. બંગાળની ત્રીજા ભાગની વસ્તી - લગભગ એક કરોડ વ્યક્તિઓ - આ દુષ્કાળમાં મૃત્યુ પામી હતી.



**5. A. Famine Scene**

આ દુષ્કાળ માટે ઘણાં બધાં કારણો જવાબદાર હતાં. તે માટે માત્ર બ્રિટિશ શાસન એકલું જવાબદાર ન હતું. કેટલીક વખત તો બ્રિટિશ હકૂમતથી બહારના વિસ્તારો પણ તેનો ભોગ બન્યા હતા. અઢારમી અને ઓગણીસમી સદીમાં પડેલા દુષ્કાળો માટેનું અને મહત્ત્વનું કારણ બ્રિટિશરો અને સ્થાનિક સત્તાઓ વચ્ચેનાં યુદ્ધો હતાં. વળી, જે પ્રદેશો કંપનીશાસન નીચે આવ્યા ત્યાં કંપનીના વહીવટીતંત્રનું પ્રારંભિક

વલણ મહેસૂલની રકમમાં વધારો કરવાનું હતું. વળી, ઉઘરાણીની બાબતમાં પણ બ્રિટિશ શાસકો તેમના પુરોગામી શાસકોના પ્રમાણમાં વધારે સખત હતા. તેઓ પ્રતિકૂળ મોસમમાં પણ મહેસૂલમાં ઘટાડો કરવા તૈયાર ન હતા. મહેસૂલી નીતિમાં આ હઠાગ્રહી વલણ 1770ના બંગાળના ભીષણ દુષ્કાળ પાછળ મહત્ત્વનું કારણ હતું. વરસાદની નિષ્ફળતાએ તેમાં વધારો કર્યો હતો. અંગ્રેજ વેપારીઓ તથા તેમના દલાલોના વલણે દુષ્કાળની ભીષણતામાં ઉમેરો કર્યો હતો. ખાસ કરીને 1770ના બંગાળના દુષ્કાળ વખતે અનાજમાં તેમણે આદરેલી નફાખોરીનો ફાળો સવિશેષ હતો. ઓગણીસમી સદીના આરંભમાં અનાજને સ્થાને નિકાસ અર્થે વ્યાપારી પાકોના ઉત્પાદન માટે કરવામાં આવેલી બળબજરી પણ દુષ્કાળ માટેનું એક મહત્ત્વનું કારણ હતું. વળી, કંપનીશાસન હેઠળ આવેલા પ્રદેશોમાં સિંચાઈની સગવડોની બાબતમાં કંપનીના વહીવટીતંત્રે દાખવેલી નિષ્કાળજીને કારણે પણ અનાવૃષ્ટિના સમયમાં આ પ્રદેશો દુષ્કાળનો ભોગ બનતા હતા. ઓગણીસમી સદીના મધ્ય ભાગમાં સ્થપાયેલા જાહેર બાંધકામ ખાતાએ સિંચાઈની જરૂરિયાતો પ્રત્યે ધ્યાન આપવાની શરૂઆત કરી. મહેસૂલ નીતિમાં પણ લવચિકતા આવી. 1880 પછી વ્યવસ્થિત દુષ્કાળનીતિનો પ્રારંભ થયો. ટૂંકમાં, કહીએ તો પાકની નિષ્ફળતાને પરિણામે થતી જાનહાનિ રોકવામાં મળેલી સફળતાને ખેડૂત વર્ગના કલ્યાણના માપદંડ તરીકે ગણવામાં આવે તો બ્રિટિશ શાસનની સિદ્ધિઓ તેના પુરોગામી અને કહેવાતા ‘અ-પ્રબુદ્ધ’ શાસન કરતાં વિશેષ ન હતી.

ચર્ચાને ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેરી વિસ્તારો તરફ વાળીએ તો અહીં આપણને બે પ્રકારના પ્રવાહો સ્પષ્ટ થતા જોવા મળે છે. એક તો જૂનાં પરંપરાગત શહેરોનું પતન અને બીજું નવાં શહેરોનો ઝડપી વિકાસ. નવાં શહેરોનો વિકાસ એ બ્રિટિશ વ્યાપાર અને વહીવટીતંત્રની જરૂરિયાતમાંથી ઉદ્ભવ્યો હતો. તેના મહત્ત્વનાં ઉદાહરણો ભવિષ્યનાં મહાનગરો એવાં કલકત્તા, મુંબઈ અને મદ્રાસ હતાં. વળી, અત્યાર સુધી નાના કસબા જેવાં સ્થળો વહીવટી કેન્દ્રો બનવાને કારણે અથવા તો સ્થાનિક ખેતપેદાશો અને વિદેશથી આયાત થતા માલનાં વેચાણકેન્દ્રો તરીકે વિકાસ પામ્યાં. અત્રે એક બાબત નોંધવી જોઈએ કે આ નવાં શહેરો ઇંગ્લેન્ડની જેમ ઔદ્યોગિક ઉત્પાદનનાં કેન્દ્રો તરીકે વિકસવાને બદલે બજાર, વાહન-વ્યવહાર તથા વહીવટ જેવી સેવાનાં કેન્દ્રો તરીકે વિકસ્યાં હતાં.

પરંપરાગત સત્તાકેન્દ્રો તરીકે સ્થાપિત શહેરોનું પતન થયું હતું અથવા તેમનો વિકાસ અવરોધાયો હતો. તેમાં દિલ્હી, આગ્રા જેવાં મુઘલ સામ્રાજ્યનાં પાટનગરો તથા ઢાકા, મુર્શિદાબાદ, પટણા, શ્રીરંગપટ્ટમ્, હૈદ્રાબાદ જેવાં પ્રાદેશિક સત્તાકેન્દ્રોનો સમાવેશ થતો હતો. સત્તાનું કેન્દ્ર આ શહેરોમાંથી નવાં સ્થપાયેલાં સાંસ્થાનિક પાટનગરો તરફ ખસવાને કારણે આમ બન્યું હતું. વળી, અહીં કેન્દ્રિત થયેલો વેપાર પણ નવાં સ્થપાયેલાં શહેરો તરફ વળવાને કારણે જૂનાં શહેરોની અવનતિ શરૂ થઈ હતી. પરંપરાગત શહેરોની પડતીની આ ઘટના ખાસ કરીને ઉત્તર ભારતના હાર્દ સમા વિસ્તારો, દિલ્હી આસપાસના પ્રદેશો તથા પશ્ચિમ ભારતમાં વધુ જોવા મળતી હતી. જૂનાં શહેરોની પડતીની આ પ્રક્રિયા નવાં શહેરોના વિકાસ દ્વારા કેટલે અંશે સમતોલી શકાઈ હતી તે કહેવું મુશ્કેલ છે. અલબત્ત, એક બાબતે બંને વચ્ચે કોઈ તફાવત ન હતો. જૂનાં અને નવાં શહેરો ભારતના ગ્રામ્ય વિસ્તારોમાંથી સંપત્તિનું શોષણ કરવાની કામગીરી એકસરખી રીતે જ બજાવતાં હતાં. નવાં સાંસ્થાનિક પાટનગરો વધારાની એક કામગીરી એ બજાવતાં હતાં કે તેઓ આ સંપત્તિને દેશની બહાર ધકેલી દેવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવતાં હતાં. આ સ્થિતિ સાંસ્થાનિક અર્થવ્યવસ્થાના એક નવા પાસા તરફ આપણું ધ્યાન દોરે છે અને તે છે ભારતીય સંપત્તિનું ઈંગ્લેન્ડમાં થતું સ્થળાંતર અથવા અપહરણ.

## તમારી પ્રગતિ ચકાસો - 1

1. સાંસ્થાનિક શાસન દરમિયાન ભારતીય વેપારીઓની સ્થિતિમાં આવેલ પરિવર્તનનાં કારણો જણાવો.

   ............................................................................
   ............................................................................
   ............................................................................
   ............................................................................
   ............................................................................

2. ભારતના વિદેશો સાથેના વેપારમાં કંપની સરકારની દમનનીતિએ કેવો ભાગ ભજવ્યો ?

   ............................................................................
   ............................................................................
   ............................................................................
   ............................................................................
   ............................................................................

3. ભારતમાં અવારનવારના દુષ્કાળો અંગે ભારતની કંપની સરકાર કેટલે અંશે જવાબદાર હતી ?

   ............................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

4. અંગ્રેજ કંપનીના શાસને ભારતના શહેરો પર કેવા પ્રકારની અસર કરી ?

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

## 18.4 મૂડીનું સ્થળાંતર (અપહરણ) (Transfer of Funds)

સત્તરમી અને અઢારમી સદીની ઇસ્ટ ઇન્ડિયા કંપનીની હિસાબી કિતાબો જોઈએ તો તેમાં વેપારની ચીજવસ્તુઓની સાથે 'ખજાના'ના હવાલા પણ પડેલા જોવા મળશે. આ 'ખજાનો' એટલે સોનું તેવો અર્થ થતો હતો. અને ભારતમાં ખરીદેલી ચીજવસ્તુઓની કિંમત ચૂકવવા માટે તેનો ઉપયોગ થતો હતો. અઢારમી સદીના મધ્ય ભાગ સુધી દર વર્ષે વિપુલ પ્રમાણમાં 'સોનું' આ રીતે ભારતમાં આયાત થતું હતું. પરંતુ પ્લાસીના યુદ્ધ પછી આ સ્થિતિમાં ક્રમશઃ પરિવર્તન આવ્યું. 1757માં પ્લાસીનું યુદ્ધ જીત્યા પછી બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં થતી ખરીદી માટે નવી પદ્ધતિ અખત્યાર કરી. આથી ઇંગ્લૅન્ડમાંથી આયાત કરાતા સોનામાં ઝડપથી ઘટાડો થયો. કંપની બંગાળમાંથી મહેસૂલ એકઠું કરી તેમાંથી નવાબને આપવાનો હિસ્સો બાદ કરતાં જે બચત રહે તેનો ઉપયોગ ભારતીય માલ ખરીદવામાં કરતી હતી. કંપનીની નાણાભૂખ ઊઘડતી ગઈ. અનેક પ્રકારે મહેસૂલમાં વધારો કરાતો ગયો. પરિણામે હવે મોટા ભાગની ચુકવણી ભારતમાં ઊભી કરાયેલી મૂડી દ્વારા જ પૂરી કરી શકાતી. પરિણામે ઇંગ્લૅન્ડથી સોનાની આયાત લગભગ બંધ કરવામાં આવી.

ભારતીય અર્થવ્યવસ્થાના સંદર્ભમાં આવી પ્રથાને વધારે ઊંડાણથી તપાસીશું તો જણાશે કે કંપની રાજસત્તા તરીકે કરવેરા રૂપે જે મૂડી એકઠી કરતી હતી તેનું વ્યાપારી પેઢી તરીકે ધંધામાં રોકાણ કરતી હતી. આમ, કંપની યુરોપમાં વેચાણ અર્થે ભારતમાંથી જે માલ ખરીદતી હતી તેના બદલામાં પોતે કોઈ કિંમત ચૂકવતી ન હતી. બીજા શબ્દોમાં કહીએ તો કંપની પોતાની હકૂમત હેઠળના પ્રદેશોમાંથી યુરોપમાં વેચવા માટેની ચીજવસ્તુઓના રૂપમાં ખંડણી વસૂલ કરતી હતી. આને એક પ્રકારની 'રાજકીય ખંડણી'નું નામ આપી શકાય. કારણ કે આ એક અસામાન્ય સ્વરૂપનો રાજકીય વેપાર હતો. તેમાં ભારત બદલામાં કંઈ મેળવતું ન હતું તથા ભારતીય માલ ખરીદવા માટેનાં નાણાં કંપની ભારતમાં રાજકીય સત્તાને જોરે પ્રાપ્ત કરતી હતી. આ રીતે ભારતીય સંપત્તિના અપહરણ અથવા મૂડીના એકતરફી સ્થળાંતરની પ્રક્રિયાનો પ્રારંભ થયો.

નાણાંની આ હેરાફેરીના સંદર્ભમાં બ્રિટિશ વહીવટી ભાષામાં જે શબ્દો વપરાતા હતા તેમાં ભૂમિ-મહેસૂલ (Territorial Revenue)અને વ્યાપારી મહેસૂલ (Commercial Revenue) આ બે શબ્દો જાણીતા હતા. કંપની પોતાની હકૂમત હેઠળના વિસ્તારોમાંથી જે મહેસૂલ ઉઘરાવતી તેમાંથી તમામ ચુકવણીઓ બાદ કરતાં જે અધિશેષ રહેતો તેને 'ભૂમિ-મહેસૂલ' તરીકે ઓળખવામાં આવતું. જ્યારે વ્યાપારમાંથી થતા નફા માટે 'વ્યાપારી મહેસૂલ' એવો શબ્દ વપરાતો. ભારતમાં જેમજેમ વધુ ને વધુ વિસ્તારો કંપનીની હકૂમત નીચે આવતા ગયા તેમતેમ તેના 'ભૂમિ-મહેસૂલ'માં વધારો થતો ગયો. પોતાની હકૂમત હેઠળના એક વિસ્તારમાંથી પ્રાપ્ત થતા 'ભૂમિ-મહેસૂલ'નું કંપની અન્ય વિસ્તારો જીતવા માટે લશ્કરી ક્ષેત્રે રોકાણ કરતી. વળી, આ મહેસૂલી આવકનું વ્યાપારમાં રોકાણ કરીને વ્યાપારી નફો અથવા 'વ્યાપારી મહેસૂલ' પણ વધારી શકતી. આમ, કંપની સ્થાનિક સ્તરે એક સ્વનિર્ભર વ્યવસ્થા ઊભી કરી શકી હતી. પરિણામે તેણે ઇંગ્લૅન્ડથી કોઈ આર્થિક સહાયની જરૂર પડતી ન હતી. ભારતમાંથી પ્રાપ્ત થતી આવકનો ઉપયોગ માત્ર સ્થાનિક ખરીદી અર્થે જ નહિ પરંતુ ચીનમાંથી ચા અને રેશમની ખરીદી માટે પણ થતો. ચીનમાં થતી ખરીદીની ચુકવણી માટે ભારતમાંથી ચાંદીની ચીનમાં નિકાસ કરવી પડતી. આ કારણે પણ ભારતીય અર્થતંત્રમાં કેટલીક નવી સમસ્યાઓ ઊભી થવા પામી હતી.

આ વ્યવસ્થા 1765થી શરૂ કરીને 1813માં કંપનીનો વ્યાપાર ઇજારો નાબૂદ થયો ત્યાં સુધી પૂરબહારમાં ચાલુ રહી. તે પછીના દાયકાઓમાં કંપનીના વેપારમાં ઝડપથી ઓટ આવી અને તેની આવકનો મુખ્ય આધાર 'ભૂમિ-મહેસૂલ' પર જ રહ્યો. ખાનગી વેપારીઓ તથા અંગત વેપારમાં પડેલા કંપનીના નોકરોએ નિકાસના ધંધામાં ઝુકાવ્યું. કંપનીના વહીવટીતંત્રમાં પોતાના હોદ્દા અને વગનો લાભ લઈને આવા વેપારીઓ ઘણો બધો નફો કરી લેતા, પોતાની આ સંપત્તિ તે નાણાકીય વિનિમય દ્વારા અથવા ચીજવસ્તુના રૂપમાં ઇંગ્લૅન્ડ ભેગી કરી દેતા. આમ, માત્ર કંપની દ્વારા જ નહિ પરંતુ ખાનગી વેપારીઓ દ્વારા પણ ભારતીય સંપત્તિ ઇંગ્લૅન્ડમાં પગ કરી જતી. ભારતીય સંપત્તિની આ લૂંટમાં માત્ર વેપારી

નફાનો જ સમાવેશ થતો હતો તેવું ન હતું. કંપનીના અધિકારીઓએ હોદ્દાનો દુરુપયોગ કરીને લાંચ, ભ્રષ્ટાચાર, ગેરરીતિઓ દ્વારા તથા યુદ્ધ દરમિયાન કરેલી લૂંટફાટમાંથી પ્રાપ્ત કરેલી સંપત્તિ પણ આ રીતે ઈંગ્લૅન્ડ ભેગી કરાતી. જી. એ. પ્રિન્સેપ નામના એક અભ્યાસી બ્રિટિશ વ્યાપારીના અંદાજ મુજબ 1813 થી 1820ના ગાળા દરમિયાન એકલા બંગાળમાંથી દર વર્ષે ખાનગી ધોરણે એક કરોડ અને આઠ લાખ રૂપિયા જેટલી મૂડી ઈંગ્લૅન્ડ રવાના થતી હતી.

ધંધામાંથી પ્રાપ્ત થતો નફો અને અન્ય અંગત આવક એ બ્રિટનમાં ઘસડાઈ જતી સંપત્તિનો માત્ર એક ભાગ જ હતો. તે ઉપરાંત સંપત્તિના અપહરણના અન્ય માર્ગો પણ વ્યવહારમાં હતા. બ્રિટિશ જહાજી કંપનીઓ, બૅંક અને વીમાકંપનીઓ વગેરેને વિવિધ સેવાઓ પેટે ચૂકવાતી રકમ પણ બ્રિટન પહોંચી જતી. તેનું પ્રમાણ 1813 થી 20ના ગાળામાં વાર્ષિક 57 લાખ રૂ. જેટલું હતું. ભારતીય સંપત્તિના અપહરણનો ત્રીજો માર્ગ કંપની દ્વારા ઈંગ્લૅન્ડને ચૂકવાતાં નાણાંનો હતો, જેમાં ઈંગ્લૅન્ડમાં કાર્ય કરતા કંપનીના નોકરોના પગારો, ઈંગ્લૅન્ડમાં કંપનીએ જે ધિરાણ મેળવ્યું હોય તેના પર ચૂકવવામાં આવતું વ્યાજ, કંપનીના સ્ટૉક હોલ્ડરને અપાતું ડિવિડન્ડ વગેરેનો સમાવેશ થતો. આ રકમ વાર્ષિક એક કરોડથી ત્રણ કરોડ રૂપિયા જેટલી બદલાતી રહેતી. આ પ્રકારની ચુકવણી 'ગૃહખર્ચ'(Home Charges)તરીકે ઓળખાતી. 1813 પછી કંપનીનો વેપાર સમેટાઈ જવાને કારણે ભારતમાંથી ઈંગ્લૅન્ડ મોકલાતી તમામ રકમ આ 'ગૃહખર્ચ' પેટે જ ત્યાં પહોંચતી હતી.

આમ, જ્યારે ભારતીય સંપત્તિનું ઈંગ્લૅન્ડમાં વ્યવસ્થિત રીતે અપહરણ થઈ રહ્યું હતું ત્યારે ઈંગ્લૅન્ડ ઔદ્યોગિક ક્રાન્તિમાંથી પસાર થઈ રહ્યું હતું. આ ઔદ્યોગિક ક્રાન્તિ માટે જરૂરી મૂડી ભારતમાંથી ઉપલબ્ધ થતી હતી. અલબત્ત, ઈંગ્લૅન્ડના ઔદ્યોગિકીકરણને પોષનારું આ એકમાત્ર પરિબળ ન હતું. તેમ છતાં અનેક પરિબળોમાંનું એક પરિબળ અવશ્ય હતું. ઈંગ્લૅન્ડના ઔદ્યોગિકીકરણે ભારતીય વ્યાપારની પદ્ધતિમાં મૂળભૂત પરિવર્તન આણ્યું હતું. તેનાં કેટલાંક મહત્ત્વનાં પરિણામો આવ્યાં હતાં. આ ચર્ચાને આપણે હવે પછીના મુદ્દામાં સમાવીશું.

## 18.5 વિદેશવ્યાપાર (External Trade)

અઢારમી સદી સુધી ભારતીય બનાવટની વસ્તુઓને વિદેશોમાં વ્યાપક બજાર પ્રાપ્ત થતું હતું. પરંતુ ઓગણીસમી સદીના પ્રારંભથી આ ક્ષેત્રે વિપરીત પ્રવાહો શરૂ થયા. તેની સાથે વિદેશોમાંથી ઔદ્યોગિક ચીજવસ્તુઓની આયાત અને ભારતમાંથી ખેતપેદાશોની નિકાસનું પ્રમાણ વધવા પામ્યું. કેટલાક આંકડાઓ આ હકીકતને વધુ સ્પષ્ટ કરશે.

પ્લાસીના યુદ્ધ વખતે 1758 થી 61ના ગાળા દરમિયાન બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાંથી એકંદરે 27.4 લાખની કિંમતનું 4 લાખ 16 હજાર તાકા જેટલું સુતરાઉ કાપડ વિદેશોમાં નિકાસ કર્યું હતું. તેનું પ્રમાણ આ વર્ષો દરમિયાન થયેલી કુલ નિકાસના મૂલ્યના 81.0% જેટલું હતું. બાકીની લગભગ વીસ ટકાથી પણ ઓછી નિકાસ કાચા રેશમ, મરી અને સુરોખારની હતી. આથી ઊલટું, 1850-51માં ભારતમાંથી નિકાસ થતી મુખ્ય ચીજવસ્તુઓમાં અફીણ, રૂ, ગળી અને ખાંડ જેવી ખેતપેદાશો પર આધારિત ચીજવસ્તુઓનો સમાવેશ થતો હતો. કુલ નિકાસમૂલ્યમાં તેમનું પ્રમાણ અનુક્રમે 30, 19, 11 અને 10 ટકા જેટલું હતું. આમ, ભારત હવે માત્ર ખેતપેદાશો કે તેની બનાવટોની નિકાસ કરનાર દેશ બની ગયો હતો. વળી, જે નિકાસ થતી તેમાં સુતરાઉ કાપડની નિકાસનું પ્રમાણ માત્ર 3.7 ટકા જેટલું થઈ ગયું હતું.

1850-51 દરમિયાન વિદેશમાંથી ભારતમાં થતી આયાતમાં મહદ્અંશે માંચેસ્ટરમાં ઉત્પાદિત થતી ચીજવસ્તુઓનો સમાવેશ થતો. કુલ આયાતમૂલ્યમાં 31.5 ટકા મિલના કાપડ અને 9 ટકા સૂતરનો સમાવેશ થતો. 5 ટકા ગરમ કાપડ, 16 ટકા વિવિધ ધાતુઓ હતી. આયાતમાં સુતરાઉ કાપડ અને સૂતર મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા. 1850-51ના વર્ષ દરમિયાન ભારતે 1.13 કરોડ રૂપિયાનું સૂતર અને 3.37 કરોડ રૂપિયાનું સુતરાઉ કાપડ આયાત કર્યું હતું. બે દાયકા પૂર્વે 1828-29 દરમિયાન સૂતરનું આયાતમૂલ્ય 42 લાખ રૂપિયા અને સુતરાઉ કાપડની આયાતનું મૂલ્ય 1.18 કરોડ રૂપિયા જેટલું હતું. આમ, લગભગ બે દાયકામાં જ માંચેસ્ટરની મિલોમાંથી થતી આયાત ત્રણ ગણી વધી ગઈ હતી. આ જ ગાળા દરમિયાન ભારતીય કાપડની નિકાસ લગભગ નહિવત્ બની ગઈ હતી. આમ, બંને દેશોની ભૂમિકા સંપૂર્ણ રીતે બદલાઈ ચૂકી હતી. ભારત સુતરાઉ કાપડની નિકાસ કરનાર દેશમાંથી સુતરાઉ કાપડ અને સૂતરની આયાત કરતો દેશ બની ગયો હતો, જ્યારે ઈંગ્લૅન્ડે ભારતમાંથી કાપડ આયાત કરવાનું બંધ કરી દઈ ત્યાં પોતાના કાપડના વેચાણ માટેનાં બજારો ઊભાં કરી દીધાં હતાં. અગાઉ 17મા એકમમાં ઔદ્યોગિક અવનતિ પરની ચર્ચામાં આપણે આ પરિસ્થિતિનું વિગતે વર્ણન કર્યું છે. આમ, અઢારમી સદીની વ્યાપારી પરિસ્થિતિમાં ઓગણીસમી સદીના પ્રારંભિક દાયકા દરમિયાન મોટું પરિવર્તન આવ્યું હતું અને બંને દેશો વચ્ચે થતી આયાત-નિકાસની ચીજવસ્તુઓના સંયોજન (Commodity Composition) માં મોટો ફર્ક પડ્યો હતો. આ પ્રક્રિયાના ભારતમાં વધુ વિસ્તરણ માટે ઈંગ્લૅન્ડ માટે એક નવી જરૂરિયાત ઊભી થઈ હતી. તે હતી ભારતમાં વાહનવ્યવહારનો વિકાસ. આમાંથી ભારતમાં રેલવે બાંધવાની કામગીરીનો પ્રારંભ થયો.

## 18.6 ભારતીય રેલવે અને બ્રિટિશ મૂડી (Indian Railways and British Capital)

ઓગણીસમી સદી દરમિયાન યુરોપીય સત્તાઓએ એશિયા અને આફ્રિકાના વિવિધ દેશોમાં ઊંડે સુધી પહોંચી જઈ ત્યાં પોતાની વગ પ્રસારી. આ વિસ્તારોમાં વેપાર-વાણિજ્યના સંબંધો વિકસાવી પોતાની સમૃદ્ધિ અને શક્તિમાં વધારો કરવાની હોડમાં ઊતરી. આ માટે જુદાજુદા દેશોમાં તેમણે જુદાજુદા પ્રકારના અવરોધો અને સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. ચીનમાં રાજ્ય સરકાર દ્વારા વિદેશીઓના આગમન પર મુકાયેલો પ્રતિબંધ, જુદીજુદી યુરોપીય સત્તાઓ વચ્ચે વેપારી હરીફાઈ, જરૂર પ્રમાણે વાહનવ્યવહારની સગવડોનો અભાવ વગેરે પ્રશ્નો પડકારરૂપ હતા. જ્યારે ભારતમાં સૌપ્રથમ સ્થાનિક સત્તાઓ સાથેનો સંઘર્ષ તે પછી કંપનીની ઇજારાશાહી અને છેલ્લે વાહનવ્યવહારની મર્યાદા એ તેમને માટે મહત્ત્વના પડકારો હતા. સ્થાનિક સત્તાઓની આધીનતા તથા કંપનીની ઇજારાશાહીની નાબૂદી પછી હવે ભારતીય વિસ્તારોને બ્રિટનનાં હિતો માટે ખુલ્લા મૂકવા રેલવેના વિકાસની જરૂર હતી. રેલવે દ્વારા બે હેતુઓ સિદ્ધ થઈ શકે તેમ હતા. એક તો તેની મદદથી ભારતમાં વેચાણ અર્થે ઇંગ્લૅન્ડથી આયાત થયેલી ચીજવસ્તુઓને દેશના ખૂણે ખૂણે પહોંચાડી શકાય અને બીજું ભારતના વિભિન્ન પ્રદેશોમાંથી ખેતપેદાશો અને કાચો માલ એકઠો કરી બ્રિટનમાં તેની નિકાસ માટે સમુદ્રકિનારે આવેલાં બંદરો સુધી પહોંચાડી શકાય. વળી, રેલવેના વિકાસથી એક બીજો લાભ એ પણ હતો કે બ્રિટિશ મૂડીપતિઓને ભારતમાં રેલવે ઉદ્યોગને ક્ષેત્રે મૂડીરોકાણ દ્વારા નફો રળવા માટે નવી તક પ્રાપ્ત થતી હતી.

આ હેતુઓથી પ્રેરાઈને બ્રિટિશ સરકારે ભારતમાં રેલવે બાંધવાની શરૂઆત કરી. રેલવે નાખતી વખતે સરકારે કેટલીક બાબતો ધ્યાનમાં રાખી હતી. એક તો આયાત-નિકાસના ઉપર જણાવેલા હેતુની પૂર્તિ અર્થે ભારતની રેલવે દરિયાકાંઠાનાં બંદરો સાથે સંકળાયેલી હોવી જોઈએ. કલકત્તા, મુંબઈ, મદ્રાસ અને કરાંચી એ બ્રિટન સાથેના વેપાર માટેનાં મહત્ત્વનાં બંદરો હતાં. વળી, સ્થાનિક વેપાર અને સત્તાના પણ કેન્દ્રો હતાં. આ સ્થળોને અંદરના વિસ્તારો અને એકબીજા સાથે જોડી દઈને વેપાર અને વહીવટી દૃષ્ટિએ એક અનુકૂળ વ્યવસ્થા ઊભી કરી શકાય તેમ હતું. બીજી મહત્ત્વની બાબત એ હતી કે વેપારમાં નફાની દૃષ્ટિએ ચીજવસ્તુઓની હેરફેર જેટલી સસ્તી પડે તેવો પ્રયાસ કરવો અને તે માટે રેલવે નૂર બને તેટલું નીચું રાખવું. આમ, રેલવેના નૂરનો દર તથા વિવિધ રેલવે વચ્ચેનું જોડાણ એ ભારતમાં કાર્યરત બ્રિટિશ રેલવે કંપનીઓની નીતિના મુખ્ય મુદ્દાઓ હતા. અલબત્ત, ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં આ મુદ્દાઓ વધુ અગત્યના બન્યા હતા. આપણા અભ્યાસના સમયગાળાની દૃષ્ટિએ ભારતમાં રેલવે ક્ષેત્રે મૂડીરોકાણનો મુદ્દો બ્રિટિશ રેલવેનીતિ માટે સૌથી મહત્ત્વનો મુદ્દો હતો.

ભારતમાં રેલવેના બાંધકામ માટે બ્રિટનમાં જૉઇન્ટ સ્ટૉક કંપનીઓ ઊભી કરવામાં આવી. લંડનના સ્ટૉક માર્કેટમાં તે રજિસ્ટર કરવામાં આવી, બ્રિટનના મૂડીપતિઓ આ કંપનીઓના શૅરહોલ્ડર બન્યા. વળી, ઇંગ્લૅન્ડથી દૂરના પ્રદેશોમાં સક્રિય એવા ઔદ્યોગિક સાહસમાં મૂડીરોકાણ માટે પ્રોત્સાહન અને સલામતીની ખાત્રી આપવા ભારતની બ્રિટિશ સરકારે આવા શૅરહોલ્ડરોને તેમના રોકાણ પર ઓછામાં ઓછા પાંચ ટકાના વળતરની બાંહેધરી આપી હતી. આમ, ભારતની તમામ રેલવે કંપનીઓ ઇંગ્લીશ કંપનીઓ હતી. અને વ્યાજની બાંહેધરીના કરારથી સુરક્ષિત હતી. આ પ્રકારની વ્યવસ્થાનાં પરિણામો ભારત માટે અનેક રીતે પ્રતિકૂળ હતાં.

(1) સરકાર તરફથી નિશ્ચિત વ્યાજની બાંહેધરીને કારણે ખોટના સંજોગોમાં તેની ચુકવણી ભારતની તિજોરીમાંથી ભરવી પડે. વળી, તે કારણે વધુ પડતા ખર્ચ તથા ઉડાઉગીરીને પ્રોત્સાહન મળે તેમ હતું.

(2) આ વ્યાજ બ્રિટનમાં ત્યાંના ચલણમાં ચૂકવવું પડતું. પરિણામે ઇંગ્લેન્ડમાં 'ગૃહખર્ચ'(Home Charges)તરીકે ચૂકવવા પડતાં નાણાંનો બોજ ભારતની તિજોરી પર પડતો.

(3) ઇંગ્લીશ રેલવે કંપનીઓ ભારતમાં એન્જિન, પાટા, યંત્રો તથા કોલસાની આયાત કરતી. અન્ય દેશોમાં રેલવેના બાંધકામે ખાણ, લોખંડ તથા પોલાદ, ઇજનેરી ઉદ્યોગો વગેરે સહાયક ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યું, જ્યારે ભારતમાં બ્રિટિશ રેલવે કંપનીઓની નીતિ આ બધી જ સામગ્રી ઇંગ્લેન્ડથી આયાત કરવાની હતી. આ કારણે ભારતમાં આવા કોઈ ઉદ્યોગોનો વિકાસ થયો નહિ.

રેલવે કંપનીઓ ભારતીય અર્થતંત્ર પર ભારે બોજારૂપ બની હોવા છતાં કંપનીના કેટલાંક રાજકીય તથા લશ્કરી હિતોને કારણે તેમને પ્રોત્સાહન આપવાની નીતિ સરકારે અપનાવી હતી. ભારતમાં રેલવેના બાંધકામ અંગે લૉર્ડ ડેલહાઉસીએ તૈયાર કરેલી નોંધમાં તેણે સ્પષ્ટ કર્યું હતું કે ''રેલવેને કારણે સરકાર દૂરના વિસ્તારો પર અંકુશ રાખી શકશે. વિદેશી આક્રમણ કે સ્થાનિક વિદ્રોહો વખતે ઝડપથી લશ્કરની હેરફેર કરી શકશે તથા રશિયા કે અન્ય દેશોના સંભવિત આક્રમણ સામે ભારતની સરહદોનું રક્ષણ કરી શકશે.'' વળી, ભારત અને ઇંગ્લૅન્ડની સરકારો પર કેટલાંક મૂડીવાદી હિતજૂથોનો ભારે પ્રભાવ હતો. રેલવે કંપનીઓમાં નાણાં રોકનાર મૂડીપતિઓને નિશ્ચિત વળતર સાથે નફાનું આકર્ષણ હતું. રેલવેનાં એન્જિન, પાટા તથા સહાયક યંત્રસામગ્રી ઉત્પન્ન કરનારાં ઔદ્યોગિક ગૃહોને વેચાણની નવી

તક મળતી હતી. આ ઉપરાંત અન્ય વ્યાપારી તથા વપરાશી ચીજવસ્તુઓના ઉત્પાદકોને ભારતમાં પોતાનાં બજારો વિસ્તૃત કરવાની લાલચ હતી. આ બધાં પરિબળો બ્રિટનમાં ઘરઆંગણે અને ભારતની કંપની સરકાર પર રેલવેના બાંધકામ માટે દબાણ કરી રહ્યાં હતાં. ફલસ્વરૂપે ભારતમાં રેલવે ઉદ્યોગનો ઝડપી વિકાસ શરૂ થયો.

ભારતની કંપની સરકાર તથા બ્રિટિશ રેલવે કંપનીઓ વચ્ચે જે સમજૂતી થઈ તે સ્વાભાવિક રીતે જ ભારતનાં હિતો માટે જોખમરૂપ હતી. તેમ છતાં તેની સાથે કેટલાક પરોક્ષ લાભ પણ સંકળાયેલા હતા. રેલવેની સાથે આધુનિક ટૅકનોલૉજી અને તેને લગતાં કારખાનાંઓ ભારતમાં શરૂ થયાં. તેને કારણે દેશના દૂરદૂરના વિસ્તારો વચ્ચેનો સંપર્ક વધ્યો. તેમાંથી એક રાષ્ટ્રીય બજાર ઊભું થયું. તત્કાલીન પશ્ચિમી અર્થશાસ્ત્રી અને ચિંતક કાર્લમાર્ક્સે યોગ્ય જ નોંધ્યું છે કે ''કેટલીક બાબતમાં રેલવે એ ભારતના આધુનિકીકરણની જન્મદાતા હતી.'' તેની પાછળના આશયો ભલે ભારતમાં બ્રિટિશ હિતોના સંવર્ધનના હતાં છતાં અંશતઃ તેનું આ વિધાન સાચું હતું.

### તમારી પ્રગતિ ચકાસો - 2

1. દ્રવ્ય અપહરણ એટલે શું ? ભારતના સંદર્ભમાં આ ઘટના સમજાવો.

.........................................................................................
.........................................................................................
.........................................................................................
.........................................................................................
.........................................................................................

2. ભારતીય ખરીદી માટે સોનાની જરૂરિયાતનો પ્રશ્ન કંપની સરકારે કેવી રીતે હલ કર્યો ?

.........................................................................................
.........................................................................................
.........................................................................................
.........................................................................................
.........................................................................................

3. ભારતના વિદેશવેપાર પર કંપનીશાસનની શી અસર પડી ?

.........................................................................................
.........................................................................................
.........................................................................................
.........................................................................................
.........................................................................................

4. બ્રિટિશ મૂડીપતિઓ ભારતમાં રેલવે ઉદ્યોગના વિકાસમાં શા માટે રસ ધરાવતા હતા ?

.........................................................................................
.........................................................................................
.........................................................................................
.........................................................................................
.........................................................................................

5. 'ભારતમાં રેલવેનો વિકાસ તંદુરસ્ત ન હતો.' આ વિધાનની સમજૂતી આપો.

.........................................................................................
.........................................................................................
.........................................................................................
.........................................................................................
.........................................................................................

## 18.3 સારાંશ (Conclusion)

આ એકમમાં કંપનીશાસનને એક સદી દરમિયાન ભારતના અર્થતંત્રમાં જે નોંધપાત્ર પરિવર્તનો આણ્યાં તેનો આપણે પરિચય મેળવ્યો. ખાસ કરીને આંતરિક વેપારનું સ્વરૂપ, ખેતપેદાશ અને સ્થાનિક ઉદ્યોગોનાં બજારતંત્રમાં આવેલાં પરિવર્તનો, ભારતમાંથી ઇંગ્લૅન્ડમાં સંપત્તિનું સ્થાનાંતર, વિદેશી વ્યાપારનું સ્વરૂપ, ભારતનાં વિવિધ પ્રદેશો અને બજારોમાં બ્રિટનનું આર્થિક પ્રસરણ વગેરે મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી. અઢારમી સદીના મધ્ય ભાગથી ઓગણીસમી સદીના મધ્ય ભાગ દરમિયાન વ્યાપારી મૂડીવાદમાંથી

ઔદ્યોગિક મૂડીવાદ તરફ ભારતીય અર્થતંત્રનું પ્રયાણ, કંપનીની મહેસૂલી નીતિ તથા ખેતીનું વ્યાપારીકરણ, ઔદ્યોગિક ક્ષેત્રે પ્રવેશેલી સ્થગિતતા અને અવનતિ - આ બધા પ્રવાહોના ફલસ્વરૂપે ભારતમાં આકાર લઈ ચૂકેલી સાંસ્થાનિક અર્થવ્યવસ્થાનો ખ્યાલ આપણને આવી શકશે.

## 18.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો - 1

1. વિભાગ 18.1 જુઓ.
2. વિભાગ 18.2 જુઓ.
3. વિભાગ 18.3 જુઓ.
4. વિભાગ 18.3 જુઓ.

### તમારી પ્રગતિ ચકાસો - 2

1. વિભાગ 18.4 જુઓ.
2. વિભાગ 18.5 જુઓ.
3. વિભાગ 18.5 જુઓ.
4. વિભાગ 18.6 જુઓ.
5. વિભાગ 18.6 જુઓ.

## 18.9 ચાવીરૂપ શબ્દો

**સ્થાનિક મૂડી :** ભારતીય વેપારીઓ દ્વારા ઉપાર્જિત કરાતી મૂડી.

**ખજાનો :** ભારતમાં જરૂરી ચીજવસ્તુઓ ખરીદવા ઇંગ્લેન્ડથી ભારતમાં કંપની દ્વારા મંગાવતો સોના-ચાંદીનો જથ્થો.

**ભૂમિ-મહેસૂલ :** કંપનીના વિસ્તારમાંથી વસૂલ કરાતા મહેસૂલમાંથી તમામ ચુકવણી બાદ કંપનીને થતી બચતની રકમ.

**વ્યાપારી મહેસૂલ :** કંપનીને વ્યાપારમાંથી થતા નફાની રકમ.

## 18.10 સંદર્ભ-ગ્રંથો

(1) **Eric Stokes :** *English Utilitarians and India.*
(2) **Dharma Kumar (ed.)** *Cambridge Economic History of India Vol. II.*
(3) **N. K. Sinha (ed.)** *Comprehensive History of India* 1818-57.
(4) **Ramkrishna Mukherjee :** *Rise and Fall of East India Company.*
(5) **R. P. Dutt :** *India Today*
(6) **R. C. Dutt :** *Economic History of India Vol. II.*
(7) **D. R. Gadgil :** *Industrial Evolution of India.*